દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 239 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 October 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મંગળવાર, ૮ ઓક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## શૅરબજારમાં ‘બ્લેક મન્ડે’: માર્કેટ કેપમાં ₹ ૯.૦૭ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારની તેજીને અવરોધતા તમામ પરિબળ યથાવત્ રહેવા સાથે સપ્તાહના પહેલા દિવસે વેચવાલીનું બોમ્બાર્ડિંગ ચાલુ રહેતા નિફ્ટી ૨૫,૦૦૦ની સપાટી તોડતો ૨૪,૮૦૦ની નીચે ધસી ગયો છે, જ્યારે સેન્સેક્સ પણ ૮૧,૦૦૦ની સપાટી માંડ માંડ ટકાવી શક્યો છે. બીએસઇનું માર્કેટ કેપ રૂ. ૯.૦૭ લાખ કરોડ ઘટીને રૂ.૪૫૧.૯૯ લાખ કરોડ રહ્યું હતું.

પશ્ચિમ એશિયામાં ઇરાનના પાપે ચરમસીમા તરફ આગળ વધી રહેલી લશ્કરી અથડામણોએ ગ્લોબલ ઇક્વિટી માર્કેટના ગણિત ખોરવી નાખ્યા છે અને તેને કારણે રિસ્કી એસેટ ગણાંતા શેરબજારમાં વેચવાલીનું દબાણ સતત વધવાને કારણે સેન્ટિમેન્ટ ખોરવાઇ ગયું છે. એફઆઇઆઇની એકધારી વેચવાલી પણ બજારનું માનસ ખરડી રહી છે.

આ સપ્તાહે મિડલ ઇસ્ટના ટેન્શન ઉપરાંત રિઝર્વ બેન્કની નીતિ, બીજા ક્વાર્ટરનાં કંપની પરિણામ સહિતનાં પરિબળો બજારની ચાલ નક્કી કરશે. એ જ સાથે હરિયાણા અને જમ્મુ-કાશ્મીર બંને વિધાનસભા ચૂંટણી માટે આઠમી ઓક્ટોબરે થનારી મતગણતરી પર પણ બજારની નજર રહેશે.

વિશ્વબજારના મિશ્ર વલણો અને વિદેશી ફંડોની વેચવાલીના દબાણ વચ્ચે એચડીએફસી બેન્ક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સહિતના ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોની આગેવાનીએ વેચવાલી ચાલુ રહેવાને કારણે સોમવારે ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી સતત છઠ્ઠા સત્રમાં નીચી સપાટીએ ગબડ્યા હતા.

સતત છઠ્ઠા સત્રમાં સેન્સેક્સ ૬૩૮.૪૫ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા ઘટીને ૮૧,૦૫૦ની સપાટીએ સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૯૬૨.૩૯ પોઈન્ટ અથવા ૧.૧૭ ટકા ઘટીને ૮૦,૭૨૬.૦૬ની નીચી સપાટીને અથડાયો હતો.

એ જ રીતે, એનએસઇનો નિફ્ટી ૨૧૮.૮૫ પોઈન્ટ અથવા ૦.૮૭ ટકા ઘટીને ૨૪,૭૯૫.૭૫ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો. ટેક્નિકલ એનાલિસ્ટ અનુસાર નિફ્ટીએ તેની મજબૂત ટેકાની સપાટી તોડી હોવાથી નરમાઇ આગળ વધવાની સંભાવના છે.

સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી, અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન્સ, એનટીપીસી, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, પાવરગ્રીડ, ઇન્ડસઇન્ડ બેન્ક, એક્સિસ બેન્ક, એચડીએફસી બેન્ક, ટાઇટન અને અલ્ટ્રાટેક સિમેન્ટ ટોપ લૂઝર બન્યા હતા.

જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, આઈટીસી, ભારતી એરટેલ, ઈન્ફોસીસ, બજાજ ફાઈનાન્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને ટેક મહિન્દ્રાએ સુધારો નોંધાવ્યો હતો. ■

## ચેન્નાઈમાં એર શો જોવા ગયેલા પાંચ લોકોનાં મોત, હીટસ્ટ્રોકથી ૨૦૦થી વધુ બેભાન

ચેન્નઈઃ ભારતીય વાયુસેનાના ૯૨માં સ્થાપના દિવસના એક દિવસ પહેલા રવિવારે ચેન્નાઈમાં ઍર શૉ (Chennai Air show)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ જોવા માટે મરિના બીચ પર હજારો લોકો એકઠા થયા હતા. ભારે ભીડ અને ગરમીના કારણે પાંચ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ૨૦૦થી વધુ લોકો બેભાન થઈ ગયા હતા. જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્રાફિક અધિકારીઓના નબળા સંકલનના કારણે લાખો લોકો ચેન્નાઈમાં અટવાઈ ગયા. શહેરના અનેક વિસ્તારોમાં આવી ઘટનાઓ નોંધાઈ હતી, કલાકો સુધી લોકો ટ્રાફિક જામમાં અટવાયા હતા. મરિના બીચ પર એકઠી થયેલી વિશાળ ભીડને કાર્યક્રમ પછી વિખેરવા માટે પોલીસને મહેનત કરવી પડી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ઍર શૉને લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ કરાવવા માટે અહીં ૧૬ લાખ લોકોની ભીડ એકઠી થઈ હતી. આ શૉ સવારે ૧૧ વાગ્યે શરૂ થયો હતો અને બે કલાક સુધી ચાલ્યો હતો. જોકે, ૮ વાગ્યાથી જ મરિના બીચ પર લોકો ભેગા થવા લાગ્યા હતા. પરંતુ કાર્યક્રમ શરૂ થાય તે પહેલા જ ગરમીના કારણે અનેક વૃદ્ધો બેહોશ થઈ ગયા હતા.



**એર શોઃ** ચેન્નાઈના મરીના બીચ ખાતે યોજાયેલા એર શોને જોવા માટે ઊમટી પડેલી માનવમેદની.

અહેવાલ મુજબ, નજીકમાં રહેલા પાણીના વિક્રેતાઓને હટાવી દેવામાં આવ્યા હતા, જેના કારણે હાજર લોકોને પીવાનું પાણી મળી શક્યું ન હતું. શૉ પૂરો થતાંની સાથે જ, એક વિશાળ ભીડે કામરાઝર સલાઈ તરફ જવાનો પ્રયાસ કર્યો, ટ્રાફિકને સંપૂર્ણપણે રોકી કરી દીધો.

જોકે, બીચ નજીક રહેતા લોકો મદદ માટે આગળ આવ્યા હતા અને જરૂરિયાતમંદ લોકોને પીવાનું પાણી પૂરું પાડ્યું હતું. દરમિયાન, મેટ્રો સ્ટેશનો પર ભીડ નોંધપાત્ર રીતે વધી ગઈ કારણ કે લોકોએ ઘરે પાછા ફરવાના વૈકલ્પિક રસ્તાઓ શોધવાનું શરૂ કર્યું. આ ઘટના બાદ આયોજન અને તૈયારીના અભાવે લોકોમાં રોષ છે. ■

## વિક્ટર ઍમ્બ્રોસ અને ગૅરી રુવકુનને મેડિસિનનું નૉબેલ પારિતોષિક

સ્ટૉકહૉમઃ અમેરિકન વૈજ્ઞાનિક વિક્ટર ઍમ્બ્રોસ અને ગૅરી રુવકુનને સોમવારે મેડિસિનનું નૉબેલ પારિતોષિક આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

મનુષ્યના જિન્સની પ્રવૃત્તિઓનું મૂળભૂત રીતે સંચાલન કઈ રીતે થાય છે અને જીવ કઈ રીતે વિકસે અને કામ કરે છે તેની જાણકારી આપતા માઈક્રો આરએનએની શોધ કરવા બદલ આ બંનેને નૉબેલ પારિતોષિક આપવાની જાહેરાત કરવામાં આવી છે.

નૉબેલ કમિટીના સેક્રેટરી જનરલ થૉમસ પર્લમૅને કહ્યું હતું કે ઍમ્બ્રોસ હાર્વર્ડ યુનિવર્સિટીમાં હતા તે સમયે તેમણે આ શોધ કરી હતી. હાલ તેઓ યુનિવર્સિટી ઑફ મૅસેચ્યુસૅટ્સ ખાતે નેચરલ સાયન્સના પ્રોફેસર છે તો રુવકુન મૅસેચ્યુસૅટ્સ જનરલ હૉસ્પિટલ અને હાર્વર્ડ મેડિકલ સ્કૂલમાં કામ કરતા હતા તે દરમિયાન તેમણે આ શોધ કરી હતી. અહીં તેઓ જિનેટિક્સના પ્રોફેસર તરીકે કામ કરતા હતા. કોરોના-૧૯ સામે રક્ષણ આપતા એમઆરએનએની શોધ કરવા બદલ ગયા વરસે ફિઝિયોલૉજી કે મેડિસનનું નૉબેલ પારિતોષિક હંગેરી-અમેરિકન કેટાલિન કેરિકો અને અમેરિકાના ડ્રુ વૅઈસમૅનને આપવામાં આવ્યું હતું.

નૉબેલ પારિતોષિક વિજેતાને ઈનામ પેટે ૧૦ લાખ ડૉલર આપવામાં આવે છે.

આ પારિતોષિકની જાહેરાત સાથે જ આ વરસના નાબેલ પારિતોષિકની સિઝન શરૂ થઈ ગઈ છે.

ફિઝિક્સ માટેનાં નૉબેલ પારિતોષિકની જાહેરાત મંગળવારે, રસાયણશાસ્ત્ર માટે બુધવારે, સાહિત્ય માટે ગુરુવારે અને શાંતિ માટેનાં નૉબેલ પારિતોષિકની શુક્રવારે કરવામાં આવશે. ઈકોનોમિક સાયન્સ માટેનાં નૉબેલ મેમોરિયલ પ્રાઈસની જાહેરાત ૧૪ઑક્ટોબરે કરવામાં આવશે.

આ પારિતોષિક જેના નામથી આપવામાં આવે છે તે આલ્ફ્રેડ નૉબેલની મૃત્યુની તિથિ નિમિત્તે એટલે કે ૧૦ ડિસેમ્બરે યોજવામાં આવેલા સમારોહમાં આ તમામ પારિતોષિક વિજેતાઓને હાજર રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. (એજન્સી) ■

## યુપીમાં ફટાકડા બનાવવાના એકમમાં વિસ્ફોટમાં બેનાં મોત

ગોંડા : સોમવારે અહીં એક ઘરમાં ગેરકાયદેસર ફટાકડા બનાવવાના એકમમાં થયેલા વિસ્ફોટમાં એક છોકરા સહિત બે જણનાં મોત થયાં હતાં અને ત્રણને ઈજા થઈ હતી.

પોલીસે જણાવ્યું હતું કે, રાગડગંજ ગામમાં મોહમ્મદ ફારુકના ઘરમાં વિસ્ફોટ થયો ત્યારે કેટલાક લોકો અંદર ફટાકડા બનાવી રહ્યા હતા.

વિસ્ફોટની માહિતી મળતાં જ પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

આ ઘટનામાં આકાશ (૧૫) અને લલ્લુ (૩૦), ઈશ્તિયાક (૪૦), આયાસ (૧૭) અને કૃષ્ણ કુમાર (૨૪) ઘાયલ થયા હતા અને તેમને બેલસર સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાંથી તેમને મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા હતા.

મેડિકલ કોલેજ તરફ જતા રસ્તામાં આકાશ અને લલ્લુનું મોત નીપજ્યું હતું. ■

## વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લખેલો ગરબો ગાઈને હું ધન્ય થઈ ગઈઃ ગાયિકા પૂર્વા મંત્રી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લખેલો ગરબો ગાઈને હું ધન્ય થઈ ગઈ છું, એમ ગાયિકા પૂર્વા મંત્રીએ સોમવારે કહ્યું હતું.

મોદીએ લખેલો અને મેં ગયેલો માં દુર્ગાના ગરબાનો વીડિયો તેમણે સોશિયલ મીડિયા પર પૉસ્ટ કર્યા બાદ પૂર્વાએ ઉપરોક્ત નિવેદન આપ્યું હતું.

મોદીના ગરબા ‘આવતી કાલે’નું માત્ર ૨૪ કલાકમાં રેકોર્ડિંગ કરનાર મુંબઈસ્થિત બંને સંગીતકારે કહ્યું હતું કે વડા પ્રધાને સોશિયલ મીડિયા પર મેં તેમના ગાયેલા ગરબાનો વીડિયો મૂક્યો હોવાનો સંદેશો વાંચ્યો ત્યારે મેં ગર્વાન્વિત થઈ હોવાની લાગણી અનુભવી હતી. સોશિયલ મીડિયા પરના સંદેશામાં મોદીએ લખ્યું હતું કે નવરાત્રિનો પાવન પર્વ ચાલી રહ્યો છે અને ચારે તરફ આનંદ અને ઉન્માદનો માહોલ છે ત્યારે મેં લખેલો ‘આવતી કાલે’ ગરબો શક્તિનાં પ્રતીક સમા માં દુર્ગાને અંજલિ છે. પૂર્વાએ કહ્યું હતું કે મેનેજમેન્ટ એજન્સીએ મને તાકીદે એક ગરબાનું રેકોર્ડિંગ કરવા જણાવ્યું હતું, પરંતુ એ ગરબો મોદીજીએ લખ્યો છે એ નહોતું જણાવ્યું.

રેકોર્ડિંગ પૂરું થયા બાદ તેમણે મને એ અંગે જાણ કરી સરપ્રાઈસ આપી હતી, એમ પૂર્વાએ કહ્યું હતું.

છેલ્લી ઘડીએ આ પ્રસ્તાવ આવ્યો હતો અને તેમણે મને કહ્યું હતું કે સરકાર માટે આપણે આ કામ કરી રહ્યા છીએ.

ગુજરાતના અંકલેશ્વરમાં રવિવારે મોબાઈલ સ્ટુડિયોમાં અમે આ ગીતનું રેકોર્ડિંગ કર્યું હતું, એમ રતલામમાં જન્મેલી ૩૦ વર્ષની પૂર્વાએ કહ્યું હતું. (એજન્સી) ■

## ગાંધીધામના ખારીરોહર પાસેથી ફરી ૧૨૦ કરોડનું બિનવારસી કોકેઈન ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:પાકિસ્તાન,ઈરાન અને અફઘાનિસ્તાનના ડ્રગ્સ માફિયાઓ માટે સીમાવર્તી કચ્છ જાણે મુખ્ય ટ્રાન્ઝિસ્ટ પોઇન્ટ જેવું બની રહ્યું હોય તેમ આ સરહદી જિલ્લામાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમતના કેફી દ્રવ્યો સતત મળી રહ્યાં હોવાના સંખ્યાબંધ બનાવો વચ્ચે વધુ એકવાર પૂર્વ કચ્છના ગાંધીધામના ખારીરોહર પાસેથી બિનવારસી હાલતમાં રહેલું અંદાજે ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલોગ્રામ કોકેઈન મળી આવ્યું છે.



(તસવીરઃ ઉત્સવ વૈધ)

આ અંગે પૂર્વ કચ્છના પોલીસવડા સાગર બાગમારે પ્રાથમિક માહિતી આપતાં જણાવ્યું હતું કે, સ્થાનિક પોલીસને મળેલી પૂર્વ બાતમીના આધારે કાર્યવાહી કરીને સમુદ્રથી અંદાજે દોઢ કિલોમીટરના અંતરે આવેલી ખારીરોહર આસપાસની બાવળની ગીચ ઝાડી નીચે બિનવારસી હાલતમાં ૧૦ જેટલા રૅકેટમાં રાખવામાં આવેલો ૧૨ કિલો કોકેઈનનો જથ્થો ખોળી કઢાયો હતો.બનાવ સ્થળે દોડી ગયેલા સુરક્ષા એજન્સીના કાફલાએ ફોરેન્સિક નિષ્ણાતોને સાથે રાખીને માદક પદાર્થના વૈજ્ઞાનિક પરીક્ષણ કરવા સહિતની કામગીરી હાથ ધરી છે.આ લખાઈ રહ્યું છે ત્યારે પંચનામા સહિતની કામગીરી ચાલુ હોઈ વધુ વિગતોની હાલ રાહ જોવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૨૮મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ પૂર્વ કચ્છ પોલીસ દળે ગાંધીધામના મીઠીરોહરના સીમાડે સમુદ્રી ખાડીમાંથી બિનવારસી હાલતમાં પડી રહેલાં ૮૦૦ કરોડથી વધુના મૂલ્યના ૮૦ કિલો કોકેઈનના પેકેટ જપ્ત કર્યાં હતાં તેમજ ગત ૦૪-૦૬-૨૦૨૪ના રોજ ખારીરોહરથી કંડલા જતાં માર્ગ પર એચપીસીએલની પાઈપલાઈન નજીક બાવળની ઝાડીમાંથી ગુજરાત એટીએસે પણ બિનવારસી હાલતમાં પડેલાં કોકેઈનના ૧૩ કિલો કોકેઈન કબજે કર્યું હતું રાજ્યની પોલીસના ઇતિહાસમાં સૌથી મોટી માત્રામાં ઝડપાયેલા નશાના આ પ્રકરણ સંદર્ભે રાજ્યની આતંકવાદ વિરોધી ટુકડીએ જુદી જુદી દિશાઓમાં તપાસ આરંભી હતી અને અહીંથી જે કાંઈ પણ પુરાવા હાથ લાગ્યા હતા તે એકત્ર કરવામાં આવ્યા હતા.

અલબત્ત કોકેઈનનો આ જંગી જથ્થો કચ્છમાં દરિયાઈ કે રણમાર્ગે કોણે ઘુસાડ્યો અને તેને છેક દેશના પશ્ચિમ કાંઠાના મહાબંદર કંડલા અને તેના હિન્ટર લેન્ડ સમાન ગાંધીધામ નજીકના મીઠીરોહર ગામ સુધી કેમ સરળતાથી પહોંચતો કરાયો તે ગંભીર બાબતના કોઈ સગડ હજુ સુધી મળી શક્યા નથી.

આ ઉપરાંત મીઠીરોહરથી પ્રમાણમાં નજીક એવા કંડલાના દરિયાને અડકીને આવેલા જોગણીનાર નામના તીર્થસ્થાન નજીકથી અગાઉ મળી આવેલા હેરોઇનના જથ્થાની તપાસમાં પણ હજુ કોઈ કડી મળી નથી.પાકિસ્તાન કે અફઘાનિસ્તાનથી આવતાં હેરોઈન અને ચરસ જેવાં માદક દ્રવ્યોની તુલનાએ કોકેઈનનું સ્મગલિંગ મોટાભાગે અમેરિકા, મેક્સિકો અને આફ્રિકન દેશો મારફતે થાય છે. આજ વિસ્તારમાંથી કોકેઈનનો બિનવારસી જથ્થો ઝડપાતાં કચ્છના કંડલાનો દરિયાકાંઠો કોકેઈનના ડિલરો માટે લેન્ડિંગ પોઈન્ટ બની રહ્યો હોય તેવું આ ઘટનાઓ પરથી ફલિત થઇ રહ્યું છે અને કેફી દ્રવ્યોની હેરાફેરી માટે નામચીન ગણાતા ગોલ્ડન ટ્રાયેન્ગલ નજીકના વિસ્તારમાં કચ્છની જળસીમા આવતી હોવાથી જાણે કચ્છ પણ હવે ડ્રગ માફિયાઓના મુલક સમા ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના ગોલ્ડન ટ્રાયેન્ગલનો કમસેકમ કેફી દ્રવ્યોની બાબતમાં એક ભાગ બની ચૂક્યું હોય તેવી પરિસ્થિતિનું કમનસીબે નિર્માણ થઇ રહ્યું છે. ગી કોકેઈનનો જથ્થો કચ્છમાંથી સતત ત્રીજી વાર ઝડપાયા બાદ તેની તપાસ માટે ઇન્ટરપોલની મદદ પણ લેવામાં આવે તેવી શક્યતા ઊભી થવા પામી છે. વીતેલા છેલ્લાં એક વર્ષમાં ત્રણ વખત કચ્છના ગાંધીધામ અને કંડલા આસપાસના એક જ પટ્ટામાંથી ૧૦૫ કિલોગ્રામ કોકેઈનના પેકેટ કબજે કરાયાં છે. ■

## કરાચી એરપોર્ટની બહાર થયેલા સ્ફોટમાં ચીનના બે મજૂરનાં મરણ

કરાચી : પાકિસ્તાનના કરાચી હવાઈમથકની બહાર થયેલા મોટા સ્ફોટમાં ચીનના બે મજૂરોનાં મરણ થયા છે અને ઓછામાં ઓછા આઠ જણને ઈજા થઈ છે, એવી માહિતી બન્ને દેશના અધિકારીઓએ આપી હતી.

પોલીસ અને પ્રાંતીય સરકારે કહ્યું હતું કે હવાઈમથકની બહાર એક ટેન્કરમાં મોટો ધડાકો થયો હતો. આ પાકિસ્તાનમાં થયેલો શક્તિશાળી સ્ફોટ છે. ચીનની એલચીકચેરીએ એક નિવેદનમાં કહ્યું હતું કે પોર્ટ કાસિમ ઈલેક્ટ્રિક પાવર કંપનીના ચીનના કર્મચારીઓને લઈ જતા કાફલા પર રવિવારે રાત્રે ૧૧ વાગ્યે હુમલો થયો હતો. આનાથી બે ચીના મરણ પામ્યા હતા અને એકને ઈજા થઈ હતી. પાકિસ્તાનીએ પણ જાન ગુમાવ્યો છે. પ્રાંતના ગૃહપ્રધાન ઝિયા ઉલ હુસૈને સ્થાનિક ટીવી સ્ટેશનને કહ્યું હતું કે આ ધડાકો વિદેશીને લક્ષ્ય બનાવીને કરવામાં આવ્યો હતો. હજારો ચીની કામદારો પાકિસ્તાનમાં છે. આમાંના મોટા ભાગના બીજિંગના અબજો ડૉલરના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવમાં કામ કરે છે જે ચીનની રાજધાનીને દક્ષિણ અને મધ્ય એશિયા સાથે જોડે છે.

વીડિયોમાં આગની જવાળાઓથી ઘેરાયેલી કારો અને ઘટનાસ્થળેથી ધુમાડો નીકળતો દેખાય છે. ઘટનાસ્થળે લશ્કર પહોંચી ગયું છે અને



**વિસ્ફોટઃ** પાકિસ્તાનના કરાચીમાં કરવામાં આવેલા વિસ્ફોટમાં અનેક લોકો ઘાયલ થયાં હોવા ઉપરાંત અનેક વાહનોને ભારે નુકસાન થયું હતું. સુરક્ષા દળના અધિકારીઓએ સોમવારે ઘટનાસ્થળની ચકાસણી કરી હતી. (એજન્સી)

આખા વિસ્તારને ઘેરી લેવાયો છે. ચીને એક નિવેદનમાં કહ્યું હતું કે આ ધડાકો એક આતંકવાદી હુમલો હતો. ચીન આ અંગે પાકિસ્તાન સાથે કામ કરી રહ્યું છે. ચીને હુમલા માટે જવાબદાર લોકોને સજા કરવા તપાસ કરવાનું પાકિસ્તાનને કહ્યું છે. ચીને પોતાના નાગરિકોને સલામતી માટે સાવચેતી લેવાનું કહ્યું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ચીનની એલચીકચેરી અને પાકિસ્તાનમાંના કોન્સ્યુલેટ જનરલ આ આતંકવાદી હુમલાની ટીકા કરે છે. અને આ હુમલામાં બન્ને દેશના ભોગ બનેલાઓ માટે સહાનુભુતિ વ્યક્ત કરે છે. પોલીસના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ અઝફર માહેસરે કહ્યું હતું કે તેલના ટેન્કરમાં સ્ફોટ થયો હતો. (એજન્સી) ■

## જલ જીવન મિશન હેઠળ ૧૬ કરોડ ગ્રામીણ પરિવારો પાસે હવે નળનું પાણીઃ સરકાર

નવી દિલ્હી : જલ શક્તિ મંત્રાલય અનુસાર ૭૮.૫૮ ટકા અથવા લગભગ ૧૬ કરોડ ગ્રામીણ પરિવારને હવે પીવાલાયક પાણી ઘરબેઠાં મળે છે, જે જલ જીવન મિશન શરૂ થયું ત્યારે ૧૭ ટકા હતું.

ગ્રામીણ-શહેરી વિભાજનને દૂર કરવા અને જાહેર આરોગ્યમાં સુધારો કરવાના હેતુથી, મિશનનો ઉદ્દેશ્ય ૨૦૨૪ સુધીમાં દરેક ગ્રામીણ પરિવારને કાર્યરત્ન નળ કનેક્શન્સ પ્રદાન કરવાનો છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે ૬ ઑક્ટોબર સુધીમાં, મિશનએ ૧૫.૧૯ કરોડ ગ્રામીણ પરિવારને નળના પાણીનાં જોડાણો પૂરા પાડ્યાં છે, જે સુનિશ્ચિત કરે છે કે ૭૮.૫૮ ટકા ગ્રામીણ ઘરમાં હવે પીવાલાયક પાણીની પહોંચ છે.

આ પહેલનો સીધો લાભ ૧૯ કરોડ ગ્રામીણ પરિવારોને મળી રહ્યો છે.

ગોવા, હરિયાણા, તેલંગાણા અને હિમાચલ પ્રદેશ જેવાં રાજ્યો ૧૦૦ ટકા ગ્રામીણ ઘરગથ્થુ કવરેજ હાંસલ કરીને મિશને તેની શરૂઆતથી ૧૧.૯૫ કરોડ નવા નળના પાણીનાં જોડાણો ઉમેર્યાં છે.

વધુમાં, સમગ્ર દેશમાં ૯.૨૯ લાખથી વધુ શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો પાસે હવે સ્વચ્છ પાણી ઉપલબ્ધ છે, એમ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. ૨૪ લાખથી વધુ મહિલાઓને ફિલ્ડ ટેસ્ટ કીટનો ઉપયોગ કરીને પાણીની ગુણવત્તા ચકાસવા માટે તાલીમ આપવામાં આવી છે, જેમાં અત્યાર સુધીમાં ૫૪ લાખથી વધુ પાણીના નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. ■

## કોઇપણ ધર્મના દેવી-દેવતાઓ કે સંતો વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી અસ્વીકાર્યઃ આદિત્યનાથ

લખનઊઃ કોઇપણ ધર્મ કે સંપ્રદાયના દેવી-દેવતાઓ, મહાપુરુષો અથવા સંતો વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી અસ્વીકાર્ય છે અને આવું કરનારાઓને કડક સજા આપવામાં આવશે. આ ટિપ્પણી ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોમવારે કરી હતી.

આ ટિપ્પણી દાસના મંદિરના પૂજારી યતિ નરસિંહાનંદ દ્વારા પયગંબર મોહમ્મદ વિરુદ્ધ કરેલી ટિપ્પણીની પૃષ્ઠભૂમિમાં આવી છે. મુખ્ય સચિવ, ડીજીપી અને અન્ય અધિકારીઓ સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરતા મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે વિરોધના નામે અરાજકતા, તોડફોડ કે આગચંપી સ્વીકાર્ય નથી અને જે પણ આવું કરવાની હિંમત કરશે તેને તેની કિંમત ચૂકવવી પડશે.

મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું કે દરેક સંપ્રદાય અને ધર્મની આસ્થાનું સન્માન કરવું જોઇએ. આદિત્યનાથે અહીં જારી એક નિવેદનમાં કહ્યું કે દરેક નાગરિકને મહાપુરુષો પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના હોવી જોઇએ, પરંતુ તે કોઇના પર થોપી શકાય નહીં. તેમણે કહ્યું કે જો કોઇ વ્યક્તિ આસ્થા સાથે ચેડાં કરશે, મહાપુરુષો, દેવતાઓ, સંપ્રદાયો વગેરેની આસ્થા વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરશે તો તેને કાયદાના દાયરામાં લવાશે અને આકરી સજા કરવામાં આવશે.

તમામ સંપ્રદાયો, ધર્મોના લોકોએ એકબીજાનું સન્માન કરવું પડશે. આદિત્યનાથની ટિપ્પણી નરસિંહાનંદ દ્વારા મોહમ્મદ વિરુદ્ધ કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણીની પૃષ્ઠભૂમિમાં આવી છે. ■

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યાસીન મલિકને ફાંસીની સજા જ થવી જોઈએ

મોટા ભાગના માણસોને મોત સામે દેખાય ત્યારે તેના વિચારો, વિચારધારા બધું બદલાઈ જાય છે. એ વખતે તેમને પોતાનાં ભૂતકાળમાં કુકર્મો ને કરતૂતો યાદ નથી આવતાં. બલ્કે જીવ બચાવવા શું કરવું તેના સિવાય કંઈ સૂઝતું નથી ને તેના માટે ગમે તે કરવા તૈયાર થઈ જાય છે. જમ્મુ અને કાશ્મીર લિબરેશન ફ્રન્ટ-યાસીન (JKLF-Y) ના પ્રમુખ યાસીન મલિકે ફાંસીની સજા સામે દેખાતાં કરવા માંડેલી દલીલો તેનો તાજો પુરાવો છે.

એરફોર્સના ચાર જવાનોની હત્યામાં સામેલ યાસીન મલિકને ૨૫ મે ૨૦૨૨ના રોજ પટિયાલા હાઉસ કોર્ટે હત્યા અને ટેરર ફંડિંગના કેસમાં દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી હતી. નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA) મલિકને ફાંસીની સજા થાય એમ ઈચ્છે છે તેથી ઉપલી કોર્ટમાં અરજી કરી છે. આ સિવાય તેના સંગઠન પર આતંકવાદ વિરોધી કાયદા હેઠળ મુકાયેલા પ્રતિબંધનો કેસ પણ ચાલે છે.

યાસીન મલિકે આ કેસમાં યુએપીએ કોર્ટમાં કરેલી એફિડેવિટમાં દાવો કર્યો છે કે, પોતે શસ્ત્રો છોડી ચૂક્યો છે અને હવે ગાંધીવાદી વિચારધારા પ્રમાણે જીવે છે. મલિકના કહેવા પ્રમાણે, હવે તેને હથિયારોના ઉપયોગ કરીને વિરોધ કરવાની પદ્ધતિમાં વિશ્વાસ રહ્યો નથી અને તેના બદલે ગાંધીવાદી પદ્ધતિમાં વધારે વિશ્વાસ છે તેથી પોતાને ફાંસીની સજા ના થવી જોઈએ અને પોતાના સંગઠનને આતંકવાદી સંગઠન ગણાવીને મુકાયેલા પ્રતિબંધ પણ હટાવી લેવો જોઈએ.

મલિકની વાતો હાસ્યાસ્પદ છે કેમ કે યાસીન મલિકનો ઈતિહાસ જ આતંકવાદ અને હત્યાઓથી ભરેલો છે. જમ્મુ અને કાશ્મીરમાં લોહી વહેવડાવવાની શરૂઆત કરનારા જમ્મુ એન્ડ કાશ્મીર લિબરેશન ફ્રન્ટ (જેકેએલએફ)નો પ્રમુખ છે. કાશ્મીરને આઝાદ કરવા માટે યુવાનોના હાથમાં હથિયારો પકડાવીને સશસ્ત્ર લડાઈ કરવા આ સંગઠન સ્થપાયેલું. કાશ્મીરમાં આતંકવાદીઓના આદર્શ મનાતો મકબૂલ બટ્ટ જમ્મુ એન્ડ કાશ્મીર લિબરેશન ફ્રન્ટ (જેકેએલએફ)નો મુખ્ય આતંકવાદી હતો. બટ્ટે સંખ્યાબંધ હત્યાઓ કરી તેની ધાક ઊભી કરી દીધેલી. અત્યારે પાકિસ્તાનમાં રહેતો આતંકવાદી સરદાર સૈયદ સલાહુદ્દીન પણ કાશ્મીરમાં સક્રિય હતો અને મલિક એ જમાનામાં સલાહુદ્દીનનો ખાસ માણસ હતો.

મલિક બહુ નાની ઉંમરે આતંકના રવાડે ચડેલો ને ભાંગફોડ શરૂ કરી દીધેલી. મલિકે ૧૯૮૩માં માત્ર ૧૭ વર્ષની ઉંમરે શ્રીનગરમાં ભારત-વેસ્ટ ઈન્ડિઝ વન ડે મેચમાં હુમલાની યોજના બનાવેલી પણ ફાવ્યો નહોતો. આ કેસમાં જેલમાં ગયો ને બે વર્ષની સજા ભોગવ્યા પછી ૧૯૮૬માં બહાર આવીને ઈસ્લામિક સ્ટુડન્ટ્સ લીગ નામે પક્ષ બનાવ્યો. સલાહુદ્દીનને ભારત સામે આતંકવાદ ફેલાવે તેવા યુવાનોની જરૂર હતી તેથી યાસીન મલિક સાથે તેનો મેળ જામી ગયો.

જમ્મુ અને કાશ્મીરમાં ૧૯૮૭માં વિધાનસભાની ચૂંટણી વખતે નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસનું જોડાણ હતું. એ વખતે આતંકવાદ ભડકવાની શરૂઆત થઈ ગયેલી અને સૈયદ સલાહુદ્દીન તથા યાસીન મલિક તેના સૂત્રધાર હતા. યાસીન મલિકે પોતે ભારતના બંધારણને નથી માનતો એવું જાહેર કરી દીધેલું. આ કારણે મલિકે ૧૯૮૭માં કાશ્મીરની ચૂંટણી વખતે પોતાના ઉમેદવારો ઊભા નહોતા રાખ્યા પણ સલાહુદ્દીનને મદદ કરેલી. મલિકે સલાહુદ્દીનની પાર્ટીના ઉમેદવારોને શ્રીનગરની તમામ બેઠકો પરથી જીતાડવાની જવાબદારી લીધેલી પણ સલાહુદ્દીનના બધા ઉમેદવારો હારી ગયા અને મલિક સફળ ના થતાં તેણે તોફાન કરાવ્યાં તેથી સરકારે તેને જેલમાં મોકલી દીધો હતો.

મલિક અને સલાહુદ્દીન બહાર આવ્યા ત્યારે કાશ્મીરમાં લશ્કર આતંકવાદીઓની લાશો પાડતું હતું તેથી બંને ડરીને પાકિસ્તાન ભાગી ગયા હતા. યાસીન થોડા મહિના પછી સરહદ ઓળંગીને ગૂપચૂપ પાછો કાશ્મીરમાં આવી ગયો. અને કાશ્મીરમાં તેણે જેકેએલએફના માધ્યમથી કાળો કેર વર્તાવવા માંડ્યો. સલાહુદ્દીન આઈએસઆઈ સાથે મળીને કામ કરતો તેથી તેણે મલિકને મદદ કરવા માંડી. યાસીન મલિક અને સલાહુદ્દીને ૧૯૯૦ના દાયકામાં કાશ્મીરમાં કાળો કેર વર્તાવેલો. એ વખતે જ મલિકે એરફોર્સના ઓફિસરોની હત્યા કરી હતી. ૨૫ જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ શ્રીનગરમાં મલિકે એરફોર્સના સ્ટેશન પર હુમલો કરીને ૪ અધિકારીને મારી નાખેલા. સલાહુદ્દીન અને મલિકની જોડી એ વખતે આતંકવાદીઓમાં અત્યંત લોકપ્રિય હતી.

સલાહુદ્દીને ઈસ્લામના નામે ભડકાઉ ભાષણો આપીને લોકપ્રિયતા મેળવેલી તેનો ઉપયોગ જુવાનિયાંને ભોળવીને આતંકવાદના રવાડે ચડાવવામાં કર્યો. મલિક એ યુવાનોના હાથમાં મશીનગનો આપીને નિર્દોષોની હત્યાઓ કરવા માંડી. કાશ્મીરી હિંદુઓને ભગાડવાના કાવતરાને પાર પાડવામાં મલિકે મોટું યોગદાન આપેલું. યાસીન મલિકે કાશ્મીરમાં સંખ્યાબંધ આતંકવાદી હુમલા કરાવ્યા. આવા જ હુમલા દરમિયાન ઘાયલ થતાં લશ્કરે તેને ઝડપી લીધેલો. ૧૯૯૪ લગી જેલમાં રહ્યો ત્યાં સુધીમાં તેના મોટા ભાગના સાથીઓ લશ્કરની ગોળીઓ ખાઈને પતી ગયેલા કાં જેલની હવા ખાતા થઈ ગયેલા. મલિક બહાર આવે તો તેના પણ એ જ હાલ થવાના હતા. મે ૧૯૯૪માં મલિક બહાર આવ્યો ત્યાં સુધીમાં તેના કોઈ સાથી બચેલા નહીં તેથી તેણે એલાન કર્યું કે, કાશ્મીરની આઝાદી માટે હવે હિંસા નહીં કરીએ ને મહાત્મા ગાંધીના રસ્તે ચાલીને અહિંસક લડત ચલાવીશું.

મલિક ત્યારથી અહિંસક લડતની વાતો કરીને લોકોને ઉલ્લુ બનાવે છે. મલિકને બીજા એક કટ્ટરવાદી નેતા અમાનુલ્લાખાને જેકેએલએફમાંથી કાઢી મૂક્યો તો સામે મલિકે અમાનુલ્લાને કાઢી મૂક્યો. મલિક ત્યારથી જેકેએલએફનો સર્વેસર્વા છે. મલિક ગાંધીવાદની વાતો કરે છે, બાકી આતંકવાદીઓ સાથે તેના સંબંધો બહુ જાણીતા છે અને આતંકવાદને તેણે પોષ્યો છે. હવે જીવ બચાવવા માટે એ ગાંધીવાદની વાતો કરે એ ના ચાલે.

મોદી સરકારે યાસીન મલિક સહિતના અલગતાવાદી નેતાઓને જેલમાં ધકેલી દઈને તેમની પાંખો કાપવાનો કાર્યક્રમ શરૂ કર્યો પછી બધા ફફડી ગયા એટલે અહિંસાની વાતો કરી રહ્યા છે. સારી વાત એ છે કે, આપણી સરકાર આ બધી વાતોથી ભ્રમિત નથી થઈ રહી. કેન્દ્રની આતંકવાદ સામે લડતી એજન્સી એનઆઈએ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સાફ શબ્દોમાં કહ્યું જ છે કે, ટ્રાયલ કોર્ટને યાસીન મલિક સામેના આરોપો સાચા જણાયા છે. તેમણે એ પણ કહ્યું કે, કોઈ આતંકવાદી દેશની અખંડિતતાને તોડવાનો પ્રયાસ કરે અને પછી કહે કે હું મારી ભૂલ સ્વીકારું છું તો એ કાયદાકીય રીતે યોગ્ય નથી.

મહેતાની વાત સાચી છે. એનઆઈએ પાસે મજબૂત પુરાવા છે કે મલિકે કાશ્મીરનું વાતાવરણ બગાડવાનો પ્રયાસ કર્યો હતો, સતત સશસ્ત્ર બળવો કરી રહ્યો હતો, સૈનિકોની હત્યામાં સામેલ હતો, કાશ્મીરને અલગ કરવાની વાત કરતો રહ્યો હતો. આઈપીસીની કલમ ૧૨૧ હેઠળ ભારત સામે યુદ્ધ છેડવા બદલ ફાંસીની સજાની જોગવાઈ છે એ જોતાં મલિક જેવા લોકોને ફાંસીની સજા જ મળવી જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), મંગળવાર, તા. ૮-૧૦-૨૦૨૪, વિંછુડો સમાપ્તિ
- ભારતીય દિનાંક ૧૬, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૫
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૭ સુધી (તા. ૯મી), પછી મૂળ.
- ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૭ સુધી (તા. ૯મી), પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૧ અમદાવાદ ક. ૦૬ મિ. ૩૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૦, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

- ભરતી : બપોરે ક. ૧૪-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૨ (તા. ૯)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૦, રાત્રે ક. ૨૦-૨૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - પંચમી. વિંછુડો સમાપ્તિ ક. ૨૮-૦૮, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, મંગળ-બુધ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, વાહન, યંત્ર, ખેતીવાડી, પશુ લે-વેંચ, પ્રાણી પાળવા, હજામત, ઈન્દ્રદેવતાનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાઠ વાંચન,
- નવરાત્રિ મહિમાઃ માં ભગવતીના છઠ્ઠા સ્વરૂપ "કાત્યાયની" છે. મહર્ષિ કાત્યાયાનની પુત્રી છે. માં કાત્યાયિની અમોઘ ફલદાયિની છે. સાધક શિવયોગીમાં કાત્યાયિનીની રાત્રિની ઉપાસના આજ્ઞા ચક્રમાં ધ્યાન ધરતાં મન્ત્રાનુષ્ઠાન કરે છે. માંની ભક્તિથી લૌકિક અને પરલૌકિક તમામ લાભ પ્રાપ્ત થાય છે. સમગ્ર સમાજનું કલ્યાણ થાય છે. રોગ-શોકના નિવારણ સાથે યશ, માન, પ્રતિષ્ઠા, ધન-દૌલત, પ્રભાવ અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે.
- આચમનઃ સૂર્ય-શનિ પ્રતિયુતિ અધિકારીઓ સાથે વિવાદ થાય ચંદ્ર-શનિ ત્રિકોણ. કરકસરિયા
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-જયેષ્ઠા યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-તુલા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# વડા પ્રધાન મોદીની જાહેર સેવાની લાંબી સફર જીવંત પ્રેરણાઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સેવાની લાંબી યાત્રા એ લોકો માટે 'અદ્વિતીય સમર્પણ'નું પ્રતીક છે કે કેવી રીતે વ્યક્તિ પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રીય હિત અને કલ્યાણ માટે સમર્પિત કરી શકે છે.

મોદીએ જાહેર જીવનમાં ૨૩ વર્ષ પૂરાં કર્યાં, પહેલાં ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે અને પછી વડા પ્રધાન તરીકે, એ બાબતનો ઉલ્લેખ કરતાં શાહે કહ્યું કે જે લોકો જાહેર જીવનમાં છે તેમના માટે આ લાંબી યાત્રા જીવંત પ્રેરણા છે.

આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્ય પ્રધાન અને વડા પ્રધાન તરીકે તેમના જાહેર જીવનમાં ૨૩ વર્ષ પૂરાં કર્યાં છે. જાહેર સેવાની આ ૨૩ વર્ષની લાંબી સફર એ અનન્ય સમર્પણનું પ્રતીક છે કે કેવી રીતે વ્યક્તિ પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્ર હિત અને લોકોના કલ્યાણ માટે સમર્પિત કરી શકે છે, એમ તેમણે હિન્દીમાં 'એક્સ' પરની પોસ્ટમાં જણાવ્યું હતું.

તેમની રાજકીય સફરમાં મોદીના સતત સાથી રહેલા ગૃહ પ્રધાને કહ્યું કે આ તેમના માટે સૌભાગ્યની વાત છે કે તેઓ મોદીના આ લાંબા જાહેર જીવનના સાક્ષી રહ્યા છે.

'મોદીએ બતાવ્યું છે કે એક જ સમયે ગરીબોના કલ્યાણ, દેશના વિકાસ, સુરક્ષા અને ભારતની વૈશ્વિક ઓળખને મજબૂત કરવા માટે કેવી રીતે કાર્ય કરવું.'

મોદીએ સમસ્યાઓને ટુકડાઓમાં જોવાને બદલે દેશ માટે સર્વગ્રાહી ઉકેલનું વિઝન રજૂ કર્યું હતું, એમ શાહે જણાવ્યું હતું. તેમણે કહ્યું, 'હું રાષ્ટ્ર નિર્માતા મોદીને અભિનંદન આપું છું, જેઓ ૨૩ વર્ષથી અવિરત, થાક્યા વિના, પોતાની જાતની પરવા કર્યા વિના રાષ્ટ્ર અને તેના લોકોની સેવા માટે સમર્પિત છે.'

મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ પ્રથમ વખત ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા અને ૨૦૧૪માં વડા પ્રધાન બન્યા તે પહેલા ૧૩ વર્ષ સુધી આ પદ પર રહ્યા હતા. તેમણે આ વર્ષે જૂનમાં સતત ત્રીજી વખત વડા પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. (પીટીઆઈ)■

# ત્રિપુરામાં જૂથ અથડામણમાં એકનું મોત, બે ઘાયલ

અગરતલાઃ ઉત્તર ત્રિપુરા જિલ્લામાં દુર્ગા પૂજા માટે દાન એકત્ર કરવાને લઇને બે સમુદાયો વચ્ચે અથડામણ થઇ હતી. જેમાં એક વ્યક્તિનું મૃત્યુ અને બે ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે સોમવારે આપી હતી.

કમાતલા માર્કેટ અને તેની આસપાસના વિસ્તારોમાં રવિવારે ફાટી નીકળેલા સંઘર્ષમાં કથિત સંડોવણી બદલ આઠ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. અથડામણમાં એક વ્યક્તિનું ગોળી વાગવાથી મોત નીપજ્યું હતું. કદમતલામાં પૂજા માટે દાન એકઠું કરવાને લઇને થયેલી અથડામણમાં અન્ય બે લોકો ઘાયલ પણ થયા હતા.

ઉત્તર ત્રિપુરાના પોલીસ અધિક્ષક(એસપી) ભાનુપદા ચક્રવતીના જણાવ્યા અનુસાર ઓછામાં ઓછા આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આસામ રાઇફલ્સ અને ત્રિપુરા સ્ટેટ રાઇફલ્સ(ટીએસઆર)ના જવાનોને કદમતલાના સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે અથડામણ દરમિયાન ટોળાએ બે ઘરમાં તોડફોડ કરી હતી. પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. અથડામણ બાદ રવિવારે કદમતલા વિસ્તારમાં પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ધર્મનગર સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ(એસડીએમ) સજલ દેબનાથે સામાન્ય સ્થિતિને પુનઃસ્થાપિત કરવા માટે બુધવાર સુધી કદમતલામાં ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધો લાદ્યા છે. વરિષ્ઠ કોંગ્રેસ ધારાસભ્ય સુદીપ રોય બર્મને ધર્મનગર સબડિવિઝન હેઠળના કદમતલા વિસ્તારમાં હિંસા ફાટી નીકળ્યા બાદ મુખ્ય પ્રધાન માણિક સાહા પર નિષ્ક્રિય રહેવાનો આરોપ મૂક્યો છે. ■

# હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં કૉંગ્રેસની સરકાર બનાવવાનો વિશ્વાસઃ ખડગે

બેંગલુરુઃ ઓલ ઈન્ડિયા કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે હરિયાણામાં તેમની પાર્ટી એકલી સત્તા પર આવવા અંગે અને સહયોગી નેશનલ કોન્ફરન્સ સાથે મળીને જમ્મુ અને કાશ્મીરમાં સરકાર બનાવશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. બંને વિધાનસભાની ચૂંટણીના પરિણામો ૮ ઓક્ટોબરે જાહેર થશે.

ખડગેએ કહ્યું હતું કે, 'અગાઉ પણ અમે કહ્યું હતું કે હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં કૉંગ્રેસની સરકાર બનશે. જમ્મુ અને કાશ્મીરમાં કૉંગ્રેસ અને એનસી (નેશનલ કોન્ફરન્સ) ગઠબંધનની સરકાર બનશે અને હરિયાણામાં કૉંગ્રેસની સરકાર બનશે.

કેટલાક એક્ઝિટ પોલમાં હરિયાણામાં કૉંગ્રેસ માટે સ્પષ્ટ બહુમતિની આગાહી કરવામાં આવી છે અને જમ્મુ અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ સાથેના તેના જોડાણને આધાર આપ્યો છે, જેમાં પ્રાદેશિક ભાગીદાર સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી રહ્યો છે.

હરિયાણામાં પાંચમી ઓક્ટોબરે સિંગલ ફેઝમાં મતદાન થયું હતું, જ્યારે જમ્મુ-કાશ્મીરમાં ૧૮ અને ૨૫ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરે એમ ત્રણ તબક્કામાં મતદાન થયું હતું.

જમ્મુ અને કાશ્મીરમાં ૧૦ વર્ષના અંતરાલ પછી અને ૨૦૧૯માં રાજ્યના બે કેન્દ્રશાસિત પ્રદેશો - જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં વિભાજન પછી પહેલી ચૂંટણી યોજાઈ હતી.

કૉંગ્રેસ અને તેના નેતા રાહુલ ગાંધી દ્વારા રાષ્ટ્રીય સ્તરે જાતિ આધારિત વસતી ગણતરીની માંગણી અંગેના પ્રશ્નના જવાબમાં ખડગેએ કહ્યું હતું કે, 'અમે સંસદની ચૂંટણી વખતે પણ કહ્યું હતું કે તમામ રાજ્યોના મંતવ્યો લીધા પછી આગળની કાર્યવાહી કરવી પડશે.'

કર્ણાટકમાં જાતિ આધારિત વસ્તી ગણતરી તરીકે પણ ઓળખાતા બહુપ્રતીક્ષિત સામાજિક, આર્થિક અને શિક્ષણ સર્વેક્ષણનો અહેવાલ લાગુ કરવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, તેમણે જવાબ આપ્યો હતો કે આ મુદ્દે રાજ્યના નેતાઓને પૂછો.

કર્ણાટકના ગૃહ પ્રધાન જી પરમેશ્વરાએ રવિવારે કહ્યું હતું કે સરકારે જાતિ આધારિત વસ્તી ગણતરીનો અહેવાલ કેબિનેટ સમક્ષ મૂકવાનો નિર્ણય કર્યો છે, જ્યાં તેની ચર્ચા કરવામાં આવશે અને આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે.

કર્ણાટક સ્ટેટ કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસ તેના તત્કાલીન અધ્યક્ષ કે જયપ્રકાશ હેગડે હેઠળ ૨૯ ફેબ્રુઆરીએ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને અહેવાલ સુપરત કર્યો હતો.

સમાજના અમુક વર્ગો અને સત્તાધારી કૉંગ્રેસની અંદર પણ વાંધાઓ વચ્ચે આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

કર્ણાટકના બે વર્ચસ્વ ધરાવતા સમુદાયો - વોક્કાલિયાગ્સ અને લિંગાયત - સર્વેક્ષણ વિશે નારાજગી વ્યક્ત કરે છે, તેને 'અવૈજ્ઞાનિક' ગણાવી રહ્યા છે અને તેને નકારી કાઢવા અને નવેસરથી સર્વે કરાવવાની માંગણી કરી છે. (પીટીઆઈ)■

# બંગાળના બીરભૂમમાં કોલસાની ખાણમાં વિસ્ફોટમાં સાતનાં મોત

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં સોમવારે કોલસાની ખાણમાં થયેલા વિસ્ફોટમાં સાત મજૂર માર્યા ગયાં હતાં અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. જો કે, પશ્ચિમ બંગાળ પાવર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડએ દાવો કર્યો હતો કે તેની ખાણમાં વિસ્ફોટને કારણે પાંચ લોકોના જીવ ગયા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના સવારે ૧૦.૩૦ વાગ્યે ભાદુલિયા બ્લોકમાં બની હતી. અત્યાર સુધી, અમે ચાર મૃતદેહ બહાર કાઢ્યા છે. બચાવ કામગીરી ચાલુ છે. ગંગારામચક અને ગંગારામચક - ભાદુલિયા કોલસાની ખાણોમાં વિસ્ફોટો કરવા માટે ડિટોનેટરનું પરિવહન કરવામાં આવી રહ્યું હતું ત્યારે વિસ્ફોટ થયો હતો. ઘટનાસ્થળની મુલાકાત લેનાર ભાજપના સ્થાનિક ધારાસભ્ય અનુપ સાહાએ જણાવ્યું હતું કે, "ઓછામાં ઓછા પાંચ જણ માર્યા ગયાં છે અને અન્ય ત્રણ ઘાયલ થયા છે. તેમની હાલત નાજુક હોવાનું જણાવવામાં આવ્યું છે. યોગ્ય સાવચેતી વિના વિસ્ફોટક સામગ્રીને ટ્રકમાંથી ઉતારવામાં આવી રહી હતી." માર્યા ગયેલા લોકો ખાણની કામગીરી માટે તૈનાત એજન્સીના કામદારો હતા. એક ખાણ ડેવલપર અને ઓપરેટર કેપ્ટિવ બ્લોકમાં કામગીરી ચલાવે છે. આ કંપની પાસે પાંચ પાવર પ્લાન્ટ છે અને તેની ક્ષમતા ૪૨૬૪ મેગાવોટ છે. ■

# માલ્દીવ્સમાં રુ-પે કાર્ડ સત્તાવાર રીતે લૉન્ચ

## ઍરપોર્ટનો નવો રન વે કનેક્ટિવિટીને વેગ આપશે

નવી દિલ્હીઃ ભારત અને માલ્દીવસ વચ્ચેનાં આર્થિક જોડાણ અને ટૂરિઝમ તેમ જ કનેક્ટિવિટીને વેગ આપવા માલ્દીવ્સમાં સોમવારે રુ-પે કાર્ડ સત્તાવાર રીતે લૉન્ચ કરવામાં આવ્યો હતો અને ભારતની સહાયથી ઍરપોર્ટ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ઍરપોર્ટનો નવો રન વે પણ શરૂ કરવામાં આવ્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને માલ્દીવ્સના પ્રમુખ મોહમ્મદ મૂઈઝ્ઝુએ સંયુક્ત રીતે વર્ચ્યુઅલી આ બંનેનું લૉન્ચિંગ કર્યું હતું. માલ્દીવ્સમાં રુ-પે પેમેન્ટ કાર્ડનો ઉપયોગ કરી વૅબ લિન્ક મારફતે ટ્રાન્ઝેકશન કરી તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

બંને દેશના નેતાઓ વચ્ચે થયેલી સઘન ચર્ચાવિચારણા બાદ નવો ભાવ માર્ગ કંડારવાના ભાગરૂપ આ પગલું લેવામાં આવ્યું હોવાનું સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ભારતની સહાયથી માલ્દીવ્સમાં શરૂ કરવામાં આવનારાં અનેક નાના પ્રોજેક્ટના લૉન્ચિંગ અગાઉ આ યોજનાઓ અંગેની માહિતી આપતો નાનો વીડિયો દર્શાવવામાં આવ્યો હતો.

માલ્દીવ્સના પ્રમુખે જૂનમાં મોદીના શપથગ્રહણ સમારોહમાં હાજરી આપ્યા બાદ આ પ્રથમ જ દ્વિપક્ષી મુલાકાત હતી.

કટોકટીના સમયમાં તેની પડખે રહેવામાં ભારત જ અગ્રેસર રહેતું હોવાનું મોદીએ કહ્યું હતું.(એજન્સી)■

# કૉંગ્રેસ-નેશનલ કોન્ફરન્સના ગઠબંધનને ટેકો આપવા અંગે પીડીપીના વલણ અંગે ગૂંચવાડો

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં કૉંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સની યુતિને ટેકો આપવાની વાત હજી હવામાં જ છે. પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના નેતા યુતિને ટેકો આપવાની વાત કરી રહ્યા છે, પરંતુ ઈલ્તિજા મુફ્તી કહે છે કે ચૂંટણીનાં પરિણામોની રાહ જોવી જોઈએ અને હમણાં કંઈ પણ કહેવું વહેલું હશે. જોકે નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ડૉ. ફારુક અબ્દુલ્લાએ કહ્યું છે કે અમે જમ્મુ અને કાશ્મીરની સમસ્યાનો ઉકેલ લાવવા પીડીપીનો ટેકો લઈશું.

પીડીપીનાં નેતા ઈલ્તિજા મુફ્તીએ સોમવારે પોતાના પક્ષના કૉંગ્રેસ અને નેશનલ કોન્ફન્સની યુતિમાં સામેલ થવાની અટકળોને અનાવશ્યક ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે પક્ષનું નેતૃત્વ મંગળવારે ચૂંટણીનાં પરિણામો આવશે ત્યાર બાદ 'ધર્મનિરપેક્ષ મોરચા'નું સમર્થન કરવા અંગે નિર્ણય લેશે.

આ અમારું સત્તાવાર વલણ છે. ઈલ્તિજાની આ પ્રતિક્રિયા પહેલાં પીડીપી ઉમેદવાર યુસુફ મીર અને નદીમ અખ્તરે એવા નિવેદન આપ્યા હતા કે અમારો પક્ષ ભાજપને સત્તાથી બહાર રાખવા કૉંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સની યુતિમાં સામેલ થઈ શકે. એક્ઝિટ પોલમાં ત્રિશંકુ વિધાનસભાનું ચિત્ર દેખાય છે જેમાં તીવ્ર રસાકસીમાં ગઠબંધન આગળ છે.

મીરે કહ્યું હતું કે જ્યાં સુધી અમને લાગેવળગે છે ત્યાં સુધી એક્ઝિટ પોલ કોઈ ગંભીર પ્રવૃત્તિ નથી, પરંતુ એક ટાઈમ પાસ ગતિવિધિ છે. પીડીપીને વિશ્વાસ છે કે પીડીપી કાશ્મીરમાં રચાનારી ધર્મનિરપેક્ષ સરકારમાં અપરિહાર્ય અને મહત્ત્વનું યોગદાન આપશે. અમે કાશ્મીરની અસ્મિતા જાળવી રાખવા કોઈ પણ પગલાં ભરવા તૈયાર છીએ. આને માટે જરૂરી છે કે અમે એક ધર્મનિરપેક્ષ સરકાર બનાવીએ જે ભાજપની વિરુદ્ધ હોય.

ડૉ. ફારુક અબ્દુલ્લાએ પીડીપીનાં પ્રમુખ મહબુબા મુફતીએ કૉંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સની યુતિને આપેલા ટેકાનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું હતુ કે હું પીડીપીના સમર્થનને ઈમાનદારીથી આવકારું છું. જમ્મુ અને કાશ્મીરને બહેતર બનવામાં અમે બધાનો સહયોગ લેવા તૈયાર છીએ.

પત્રકારો સાથ વાતચીત કરતાં અબદુલ્લાએ એ વાત પર ભાર મૂક્યો કે પાંચ વિધાનસભ્યોની નિમણૂક કરવાનો ચૂંટાયેલી સરકારનો અધિકાર છે અને આ માટે ઉપરાજ્યપાલની મંજૂરીની આવશ્યકતા છે. તેમણે પાંચ ઓગસ્ટ, ૨૦૧૯થી જમ્મુ અને કાશ્મીર સામેના પડકારોનો સામનો કરવા એકતાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. શું બીજા પક્ષો તમારી સાથે સંપકમાં છે કે એવા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે અમુક પક્ષે આ અગાઉ જ ટેકો જાહેર કર્યો છે. રાજ્યને કેન્દ્રશાસિત પ્રદેશમાં ફેરવવાથી અનેક સવાલો ઉપસ્થિત થતા તેમણે આશા વ્યક્ત કરી હતી કે કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરની ભૂ-રાજકીય સ્થિતિનું મહત્ત્વ સમજશે.

ઉપરાજ્યપાલ મનોજ સિંહા દ્વારા થનારી પાંચ વિધાનસભ્યોની નિમણૂક પર બોલતાં તેમણે કહ્યું હતું કે આ નિર્ણય ફક્ત ચૂંટાયેલી સરકાર લઈ શકે. અમે વિધાનસભામાં યોગ્ય વ્યક્તિઓ આવે એમ ઈચ્છીએ છીએ. એલજીએ ચૂંટાયેલી સરકારની ભલામણોને બહાલ કરવી જોઈએ. ■

# સુદાનના આંતરિક યુદ્ધમાં ઓછામાં ઓછાં ૧૩ બાળકોનાં મોત થયાંઃ યુનિસેફ

કૈરોઃ સુદાનના ઉત્તર ડાર્ફુરમાં સુદાનની સેના અને તેના હરીફ અર્ધલશ્કરી દળો વચ્ચેની લડાઈમાં ઓછામાં ઓછાં ૧૩ બાળક માર્યા ગયાં અને અન્ય ચાર ઘાયલ થયા હોવાની માહિતી યુનિસેફે આપી હતી. યુનિસેફે રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મરણ પામેલાં બાળકોની ઉંમર ૬ થી ૧૭ વર્ષની વચ્ચે હતી.

સ્થાનિક દૈનિક સુદાન પોસ્ટે અહેવાલ આપ્યો છે કે સુદાનની સેનાએ શુક્રવારે હવાઈ હુમલો કર્યો હતો જેણે અલ ફાશરની ઉત્તર ડાર્ફુર રાજધાનીથી લગભગ ૭૦ કિલોમીટર પૂર્વમાં અલ કુમા શહેરમાં એક બજારને નિશાન બનાવ્યું હતું. સુદાન ટ્રિબ્યુન ન્યૂઝ પોર્ટલ અને સેન્ટ્રલ ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઇટ્સ અનુસાર, એમણે મેલીટ શહેરમાં પણ હવાઈ હુમલો કર્યો હતો, ત્યાં ઓછામાં ઓછા ૪૫ જણ માર્યા ગયા હતા અને અન્ય ડઝનેક લોકો ઘાયલ થયા હતા. સુદાનના સાર્વભૌમત્વ પરિષદના ભૂતપૂર્વ સભ્ય મોહમ્મદ એચ. અલ-તૈશીના જણાવ્યા અનુસાર, ઉત્તર કોર્ડોફાનમાં હમરત અલ-શેખ પણ ત્રાટક્યા હતા. ■

# હરિયાણામાં મતદાન કેન્દ્રની બહાર બે બાઈકસવારે ભાજપ કાર્યકરને ગોળી મારી

ફરીદાબાદઃ હરિયાણામાં મતદાનના દિવસે એટલે કે ૫ ઓક્ટોબરે ફરીદાબાદમાં એક મતદાન કેન્દ્રની બહાર બાઇક સવાર બે લોકોએ ૩૦ વર્ષીય ભાજપ કાર્યકરને ગોળી મારી હતી. જેના કારણે તેને કમરમાં ઇજા થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ઘટના શનિવારે બની હતી. છેલ્લાં ૧૪ વર્ષથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા રજનીશ નિધિ પબ્લિક સ્કૂલ પાસે ટેબલ પર બેઠા હતા અને મતદાન દરમિયાન લોકો તેમના વારાની રાહ જોઇ રહ્યા હતા. ત્યારે ચહેરો ઢાંકેલા બે હુમલાખોરો આવ્યા હતા. તેમની મોટરસાઇકલ પર નંબર પ્લેટ ન હતી. તેઓએ રજનીશ સાથે થોડીવાર વાત કરી અને પછી તેને ગોળી મારી દીધી હતી. પોલીસે જણાવ્યું કે ભાજપ કાર્યકર્તાને કમરમાં ગોળી વાગી છે અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સહાયક પોલીસ કમિશ્નર વિવેક કુંડૂએ જણાવ્યું કે પીડિતની તબિયત સ્થિર છે અને પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. તેમનું ઘર ૩૩ ફૂટ રોડ પર આવેલું છે. પ્રત્યક્ષદર્શી કોમલ પંડિતે જણાવ્યું કે લોકો નિધિ પબ્લિક સ્કૂલની બહાર ઊભાં હતા ત્યારે બે લોકો મોટરસાઇકલ પર સવાર થઇને આવ્યા હતા. જો કે ગોળી કોણે મારી તે જોઇ શકાયું નહોતું.■

# ગુજરાતમાં 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીનો પ્રારંભ

## વિકાસ સપ્તાહ દરમિયાન રાજ્યભરમાં વિવિધલક્ષી કાર્યક્રમો યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ૧૪માં મુખ્ય પ્રધાન તરીકે તા. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની ૨૦૦૧થી ૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં જનભાગીદારીને જોડીને તા. ૦૭ થી ૧૫ ઓક્ટોબર સુધી થનારા ''વિકાસ સપ્તાહ'' ની ઉજવણીનો પ્રારંભ ભારત વિકાસ પ્રતિજ્ઞાથી થયો છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તથા રાજ્ય મંત્રીમંડળના સભ્યો, મુખ્ય સચિવ તથા વરિષ્ઠ સચિવો અને અધિકારીઓએ વિધાનસભા પોડિયમમાં યોજાયેલા સામૂહિક પ્રતિજ્ઞા પઠનમાં જોડાઈને ''ભારત વિકાસ પ્રતિજ્ઞા'' લીધી હતી.

દેશના વડા પ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે તેને સાકાર કરવામાં પોતાનું સંપૂર્ણ યોગદાન માટે મન-કર્મ-વચનથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની સામૂહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા સૌએ કરી હતી.

આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન જે વિવિધલક્ષી કાર્યક્રમો રાજ્યભરમાં યોજાવાના છે તેમાં જે-તે સ્થળના સ્થાનિક કલાકારોની પ્રસ્તુતિના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ ઉપરાંત 'વિકાસ સપ્તાહ' હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો નરેન્દ્રભાઈ મોદીની સુશાસન પહેલો અને તેની સમાજ જીવન પર અસરો અંગેના અનુભવો શેર કરી શકશે.

ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ૨૩ વર્ષના સુશાસનમાં વિકાસ કામોથી પ્રસિદ્ધ એવા વિવિધ જિલ્લાઓ-શહેરોના ૨૩ જેટલા આઈકોનિક પ્લેસ પર વિકાસ પદયાત્રા દ્વારા રાજ્યના વિકાસમાં નરેન્દ્રભાઈ મોદીના મહત્ત્વપૂર્ણ યોગદાનથી લોકોને સુપરિચિત કરાશે.

# અંબાજીના ત્રિશુલિયા ઘાટ પર લક્ઝરી બસે પલટી મારતા છ મુસાફરોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાના દાતા અંબાજી વચ્ચે આવેલા ત્રિશુલિયા ઘાટ ઉપર લક્ઝરી બસે પલટી મારતા ૬ મુસાફરોના મોત થયા હતા, જ્યારે ૨૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. દાતા અંબાજી વચ્ચે આવેલા ત્રિશુલિયા ઘાટ ઉપર લક્ઝરી બસે પલટી મારતા અકસ્માત સર્જાયો હતો. સોમવાર સવારે અંબાજીથી દર્શન કરીને પરત ફરી રહેલા કઠલાલના શ્રદ્ધાળુઓ ભરેલી બસ ત્રિશુલિયા ઘાટ નજીક પલટી મારતા અકસ્માત સર્જાયો હતો. આ બસમાં સવાર શ્રદ્ધાળુઓ અંબાજી દર્શન કરીને પરત ફરી રહ્યા હતા, તે દરમિયાન આ ઘટના બની હતી, બસમાં ૫૦થી વધુ મુસાફરો સવાર હતા. મુસાફરોનો આક્ષેપ હતો કે, ડ્રાઈવર નશો કરીને બસ ચલાવી રહ્યો હતો. મામલતદાર તેમજ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી, પોલીસે ઘટનાસ્થળે જઈ વધુ તપાસ હાથ ધરી હતી. ત્રિશુલિયા ઘાટ પર લક્ઝરી બસે પલટી મારતા ૨૫ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા, તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે, કે પ્રોટેકશન વોલને કારણે બસ ખીણમાં ખાબકતા રહી ગઈ, આ જ કારણે મોટી જાનહાનિ ટળી હતી, હાલ મામલતદાર તેમજ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે.

# વડોદરાના ભાયલીમાં દુષ્કર્મ મામલે પાંચ આરોપીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના ભાયલીમાં થયેલા સામૂહિક દુષ્કર્મ કેસમાં વડોદરા ક્રાઈમબ્રાન્ચે પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી, આ પાંચેય આરોપીઓ યુપીના છે, જેમાંથી ત્રણ આરોપીઓ વિધર્મી છે. આરોપીઓ બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ૨૭ વર્ષનો મુન્ના અબ્બાસ મૂળ ઉત્તર પ્રદેશનો આરોપી છે. ૧૦ વર્ષ અગાઉ આરોપીઓ વડોદરામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આરોપીઓ ગેંગરેપ કરીને ફરાર થઈ ગયા હતા, તેની સાથે સાથે યુવતીનો ફોન પણ લૂંટી ગયા હતા, આરોપીઓ અલગ-અલગ કન્સ્ટ્રકશન સાઈટ પર મજૂરી કરતા હતા, મોબાઈલ ફોનના સીડીઆરના આધારે આરોપીઓની ધરપકડ કરી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, ત્રણેય આરોપીઓ ૨૬થી ૩૬ વર્ષની ઉંમરના છે. પોલીસની સામે આરોપીઓએ હાથ-પગ જોડ્યા હતા. પોલીસે સમગ્ર ઘટનામાં ૧૧૦૦ સીસીટીવી પોલીસે ચેક કર્યા હતા. ત્રણેય આરોપી પાસેથી એક બાઈક પણ જપ્ત કરવામાં આવ્યું હતું. પોલીસને જે સીસીટીવી મળ્યા છે જેમાં બે બાઈક હતા અને પાંચ લોકો દેખાયા હતા.

આરોપીઓને મેડિકલ માટે સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. આરોપીઓને એસ.એસ.જી હોસ્પિટલમાં લવાયા હતા. ત્રણ આરોપીઓ ચાલી પણ શકતા નથી અને તેઓને ખભે ઊંચકી અને સ્ટ્રેચર પર મેડિકલ માટે લઈ જવાયા હતા. મેડિકલ રિપોર્ટ બાદ પંચનામા માટે રિકન્સ્ટ્રક્શન કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૪ ઓગસ્ટના રોજ મોડી રાત્રે ઘટના ઘટી બની હતી, પીડિતા ગરબા રમવા ગઈ જ ન હતી અને સાદા વસ્ત્રોમાં જ મિત્રને મળવા ગઈ હતી તેમજ મિત્ર સાથે ફરવા નીકળી ગઈ હતી આ ઘટનામાં ગરબા સાથે કોઈ લેવાદેવા નથી, પાંચ આરોપીઓ પૈકી બે લોકોએ દુષ્કર્મ આચર્યું હતું, પીડિતા મિત્રને રાત્રે ૧૧.૩૦ કલાકે મળી હતી, લક્ષ્મીપુરા ખાતે મિત્રને મળી હતી અને ત્યારબાદ પીડિતા અને તેનો મિત્ર સ્કૂટી પર ગયા હતા તે દરમિયાન ૫ લોકોનું ટોળું આવ્યું હતુ અને આ ટોળાએ મિત્રને પકડી રાખ્યો હતો અને સગીરા પર દુષ્કર્મ આચરી ફરાર થયા હતા.

વડોદરામાં નવરાત્રિએ રોગચાળો વધ્યો

# ડેન્ગ્યુના વધુ ૧૯ કેસ નોંધાયાઃ તાવથી મહિલાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃવડોદરા શહેરમાં તાજેતરમાં વરસેલા ભારે વરસાદ બાદ વિશ્વામિત્રી નદીના પાણી ઘૂસ્યા પછી રોગચાળો વકર્યો છે. શહેરમાં ૩ દિવસમાં ડેન્ગ્યુના ૧૯ કેસ નોંધાયા હતા તેમજ એક મહિલાને તાવ આવ્યા બાદ વોમિંટિંગ થતા તેનું મોત નિપજ્યું હતું.

મલેરિયાના ૩ કેસ અને કમળાના ૪ કેસ નોંધાયા છે.ટાઈફોઇડના ૪ અને ચિકનગુનિયાનો એક કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી છે. વડોદરામાં ડાયેરિયાના ૨૧૫ કેસ નોંધાયા છે.

# ગુજરાતમાં ટીઆરબી જવાનો હડતાળ પરઃ ટ્રાફિક જૅમની સમસ્યાથી લોકો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફરજ બજાવતા ટીઆરબી ટ્રાફિક જવાનો હડતાળ પર ઉતરી જતા સર્વત્ર ટ્રાફિકની સમસ્યા વણસી હતી, ટીઆરબી ટ્રાફિક જવાનો વેતનમાં વધારો કરવાની માગ સાથે જવાનો હડતાળ પર ઉતરી જતા અમદાવાદમાં ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. અમદાવાદના વાડજ તેમજ આરટીઓ સહિતના માર્ગો પર ટ્રાફિકજામની સમસ્યા સર્જાતા લોકોને હાલાકી ભોગવવી પડી હતી.

અમદાવાદનો ધમધમતો રોડ એટલે ગાંધી આશ્રમ રોડ અને આ રોડ પર વાહનોની અવર-જવર રહેતી હોય છે, પરંતુ ટ્રાફિકના ટીઆરબી જવાનો હડતાળ પર ઉતરતા શહેરમાં ટ્રાફિકની સમસ્યા ખોરવાઈ ગઈ હતી, ઓફિસ જવાના સમયે ટ્રાફિક વધતા શહેરીજનો હેરાન થઈ ગયા હતા, બીજી તરફ અમદાવાદ શહેરની ટ્રાફિક પોલીસ પણ રોડ પર જોવા મળી નથી, જેના કારણે સમસ્યા વધી ગઈ છે. જો અમદાવાદ ટ્રાફિક પોલીસ રોડ પર ઊભી હોત તો આ સમસ્યાનું નિર્માણ થયું ના હોત.

ટીઆરબી જવાનોની માગ પગાર વધારાની છે, હાલમાં તેઓને રૂપિયા ૩૦૦નું રોજ લેખે વેતન આપવામાં આવે છે પરંતુ તેમની માગ છે કે ૫૦૦ રૂપિયા વેતન આપવામાં આવે જેને પગલે હડતાળ પર ઉતરી ગયા હતા. જેને કારણે રાજ્યની ટ્રાફિક વ્યવસ્થા પર મોટા પાયે અસર થઈ છે. શહેરની ટ્રાફિક પોલીસ આ વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે જેના કારણે ટ્રાફિક સમસ્યાનું સર્જન થયું છે.

આ હડતાળમાં રાજ્યભરના ૬૦૦૦થી વધુ ટીઆરબી જવાનો હડતાળમાં જોડાયા છે, જેમાં અમદાવાદના ૧૬૦૦ જેટલા જવાનોનો પણ સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટીઆરબી જવાનોએ ટ્રાફિક પોઇન્ટ પર ફરજ બજાવવી બંધ કરીને, ધરણા માટે રાજ્યના વિવિધ સ્થળોએ ભેગા થવાનું નક્કી કર્યું છે. હડતાળના ભાગરૂપે અમદાવાદમાં ટીઆરબી જવાનો કલેક્ટર કચેરીએ મોરચો કાઢશે અને આવેદનપત્ર પણ આપશે.

# ભરૂચમાં વરસાદી કાંસમાં એસટી બસ ખાબકીઃ ૧૫થી વધુ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા

અમદાવાદઃ ભરૂચમાં વરસાદી કાંસમાં એસટી બસ ખાબકી હતી, વિદ્યાર્થીઓને ભરેલી એસટી બસ કાંસમાં ખાબકતા વિદ્યાર્થીઓ અને મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા.તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બસ ભરૂચના કારેલી ગામથી જંબુસર જતી હતી તે દરમિયાન ચાંદપીર દરગાહ પાસે આ ઘટના બની હતી, સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે અને એસટી બસના ડ્રાઈવરની પૂછપરછ કરી હતી.

ભરૂચમાં સોમવારે સવારે મુસાફરો ભરેલી એસટી બસ વરસાદી કાંસમાં ખાબકી હતી જેના કારણે દોડધામ મચી હતી આસપાસના સ્થાનિકો અને વેપારીઓ દ્વારા બસમાંથી મુસાફરોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પોલીસે અકસ્માતને લઈ નિવેદન નોંધ્યા હતા અને ડ્રાઈવરની પૂછપરછ કરી હતી, ડ્રાઈવરે નશો કર્યો હતો કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરી હતી. સૂત્રો તરફથી માહિતી મળી હતી કે, ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ ઘટના બની હતી.

# વડોદરામાં હંગામી કર્મચારીઓનો મોરચો ખૂલ્યોઃ કાયમી કરવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃવડોદરા મનપામાં કામ કરતા હંગામી કર્મચારીઓએ કાયમી કરવાની માગણી સાથે આજે મનપા કચેરી સામે ધરણા પર ઊતરી ગયા હતા. ૫૦૦ થી વધુ કર્મચારીઓએ ડોક્ટર બાબા સાહેબ આંબેડકરનો મુખોટો પહેરીને ધરણા કરીને પોતાના અધિકારની માગણી કરી હતી.

વડોદરા મનપામાં વર્ષોથી કોન્ટ્રાકટ પર કામ કર્યું હોવા છતાં કાયમી ન કરતા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. મ્યુનિ. કમિશનર દિલીપ રાણાનો રસ્તો રોક્યો હતો. કોન્ટ્રાક્ટ બેઝની મહિલા કર્મચારીઓ મ્યુનિ. કમિશનરની ગાડી આગળ બેસી ગઈ હતી અને તેમનો રસ્તો રોક્યો હતો. ત્યારે બીજી તરફ પોલીસ પણ હાથ પર હાથ ધરીને બેસી રહેલી જોવા મળી હતી.

જોકે અંતે મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણા કારમાંથી ઊતરીને પગપાળા ઘર તરફ જવા માટે પ્રસ્થાન કર્યું હતું અને આ દરમિયાન તેમને મનપાના સિક્યુરિટી કર્મચારીઓએ સાંકળ રચીને સુરક્ષા આપી હતી. આ દરમિયાન મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાની પાછળ કોન્ટ્રાક્ટના કર્મચારીઓનું મોટું ટોળું સૂત્રોચાર કરતા કરતા પાછળ પડ્યું હતું. આ મામલે મ્યુનિ. કમિશનરે કહ્યું કે કોઈપણ સંજોગોમાં નિયમ વિરુદ્ધની માગણીનો સ્વીકાર કરવામાં આવશે નહીં. વારંવાર ધારણા પ્રદર્શન કરીને કોર્પોરેશનને બાનમાં લેવાનો પ્રયત્ન કરવામાં આવે છે પણ જે નીતિમાં આવતું હોય તે જ થાય છે. કર્મચારીઓની નિયમ વિરુદ્ધની કોઈ માગણીને સ્વીકારવામાં આવશે નહીં.

# અમદાવાદમાં એક પિસ્તોલ અને ત્રણ કારતૂસ સાથે શખસની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર ક્રાઈમબ્રાન્ચે વાસણા-સરખેજ રોડ પરથી યુવકની ધરપકડ કરી હતી. યુવક મધ્ય પ્રદેશના વસીમ ઉર્ફે લાલા પાસેથી હથિયાર લાવ્યો હતો, આરોપી કોને હથિયાર ક્યાં આપવાનો હતો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ક્રાઈમ બ્રાન્ચે આર્મસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

અમદાવાદ ગ્રામ્ય અને સુરેન્દ્રનગરમાં ઢગલા બંધ હથિયારો ૮૦ હજારથી ૧ લાખમાં વેચ્યા હોવાનો ખુલાસો થયો હતો. આરોપી મધ્ય પ્રદેશથી ખાનગી વાહનમાં હથિયાર છુપાવીને ગુજરાતના અલગ અલગ ખુણે પહોંચાડતા હોવાનું બહાર આવ્યું હતું.

આરોપીએ ભૂતકાળમાં લૂંટ જેવા ગંભીર ગુનાઓ આચર્યા છે. બીજી તરફ આરોપી પાસેથી હથિયાર જથ્થા મળી આવતા તે કોઈ અન્ય ગુનાને અંજામ આપવાના હતા કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરી છે. હથિયાર નેટવર્કમાં અન્ય કોણ કોણ સંડોવાયેલા છે તેની પણ તપાસ તેજ કરી છે.

# ગુજરાતમાં પાંચ વર્ષમાં ઘુડખરની વસ્તીમાં ૨૬ ટકાનો વધારોઃ ૭,૬૭૨ ઘુડખર નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃગુજરાતમાં ૭,૬૭૨ ઘુડખરની વસ્તીમાં નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો નોંધાયો છે. ગુજરાત સહિત ભારતભરમાં દર વર્ષે તા. ૨ થી ૮ ઓકટોબર દરમિયાન 'વન્ય જીવ સંરક્ષણ સપ્તાહ' ઉજવવામાં આવે છે ત્યારે, આ સમગ્ર રાજ્ય માટે પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે. રાજ્યના વન પ્રધાન મુળુભાઇ બેરાએ કહ્યું હતું કે, દર પાંચ વર્ષે ઘુડખરની વસ્તી ગણતરી કરવામાં આવે છે. આ વર્ષે પણ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી કરવામાં આવી હતી, જેમાં રાજ્યમાં ઘુડખરની કુલ વસ્તી અંદાજે ૭,૬૭૨ નોંધાઈ છે. જ્યારે, છેલ્લી ગણતરી મુજબ ગુજરાતમાં ૬,૦૮૨ ઘુડખર હતા. તેમણે વધુમાં કહ્યું હતું કે, ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે. ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી પ્રમાણે ૨,૭૦૫ ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે ૧,૯૯૩ ઘુડખર કચ્છ જિલ્લામાં, ૧,૬૧૫ પાટણમાં, ૭૧૦ બનાસકાંઠામાં, ૬૪૨ મોરબીમાં તેમજ ૦૭ ઘુડખર અમદાવાદ જિલ્લામાં જોવા મળે છે. આ ઉપરાંત વન રીઝિયન પ્રમાણે સૌથી વધુ ૩,૨૩૪ ઘુડખર ધાંગધ્રામાં, ૨,૩૨૫ રાધનપુર અને ૨,૧૧૩ ભચાઉ રીઝિયનમાં વસવાટ કરે છે.

વન અને અભયારણ્ય વિસ્તારમાં ૨,૫૬૯ માદા ઘુડખર, ૧,૧૧૪ નર ઘુડખર, ૫૮૪ બચ્ચા અને ૨,૨૦૬ વણ ઓળખાયેલ જ્યારે, રેવન્યુ વિસ્તારમાં ૫૫૮ માદા ઘુડખર, ૧૯૦ નર ઘુડખર, ૧૬૮ બચ્ચા તેમજ ૨૮૩ વણ ઓળખાયેલા ઘુડખર છે. આમ બે વિસ્તારના મળીને રાજ્યમાં કુલ ૭,૬૭૨ ઘુડખર નોંધાયા છે એવું તેમણે ઉમેર્યું હતું.

ઘુડખર વસ્તી ગણતરી ૨૦૨૪માં લગભગ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તારમાં ડાયરેક્ટ કાઉન્ટ મેથડથી કરવામાં આવી હતી.

# સુરેન્દ્રનગરના કોઠારીયા ગામ નજીક આધેડની કાર પર ફાયરિંગ

અમદાવાદઃ સુરેન્દ્રનગરના કોઠારીયા ગામ નજીક આધેડની કાર પર ફાયરિંગની ઘટના બની હતી, અજાણ્યા શખ્સોએ આધેડ કાર લઈને જઈ રહ્યા હતા તે દરમિયાન કાર પર ફાયરિંગ કર્યુ હતુ, જો કે, આધેડને કોઈ ઈજા પહોંચી નહોતી, સમગ્ર ઘટનામાં પોલીસે તપાસ હાથ ધરી છે, આધેડનો આબાદ બચાવ થતાં તેમના પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો, પોલીસે આસપાસના સીસીટીવીની તપાસ પણ હાથધરી છે. ૪ રાઉન્ડ ફાયરિંગ થતા પોલીસ પણ દોડતી થઈ હતી.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ, વઢવાણના કોઠારીયા ગામ નજીક ફાયરિંગની ઘટના બની હતી, જેમાં આધેડ કાર લઈને જઈ રહ્યા હતા તે દરમિયાન ફાયરિંગ કરવામાં આવ્યું હતુ, પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ગેરકાયદેસર હથિયારથી આ ફાયરિંગ થયું હોવાની વાત બહાર આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરેન્દ્રનગરમાં છેલ્લા ૧૫ દિવસમાં ફાયરિંગની ચોથી ઘટના બની છે, આરોપીઓ કયાંથી ગેરકાયદેસર હથિયારો લાવે છે તેની તપાસ પોલીસ પણ કરતી નથી, ફકત ગુનો નોંધી કોર્ટમાં લઈ જઈ જેલ હવાલે કરવામાં આવે છે, પરંતુ પોલીસ પણ ઉંડાણપૂર્વક તપાસ કરે અને આવા આરોપીઓની સામે લાલઆંખ કરે તે જરૂરી છે.

# રાપરમાં રખડતા ઢોરની અડફેટે સ્થાનિક અગ્રણીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃશહેરી વિસ્તારોમાં રખડતાં ઢોર અને તેનાથી થતાં માનવમૃત્યુ અને માલ-મિલકતને થતી નુકસાની માટે ગુજરાતની વડી અદાલતે રાજ્ય સરકારને અનેક વખત ફટકાર લગાવી હોવા છતાં નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ રખડતાં ઢોરની સમસ્યા કાબૂમાં લાવવામાં નિષ્ફળ રહી છે તેના પુરાવા સમાન વધુ એક ઘટના કચ્છના સીમાવર્તી રાપર શહેરના અયોધ્યાપુરીમાં બનવા પામી છે જેમાં ભૂરાંટા થયેલા ત્રણ આખલાની ઝપટે ચઢેલા ૫૫ વર્ષીય રાપર લોહાણા મહાજન સમાજના ઉપપ્રમુખ એવા વસંત દયારામભાઇ ઠક્કરનું ગંભીર ઇજાઓના પગલે મોત નીપજતાં કચ્છ સહિત બૃહદ કચ્છના લોહાણા સમાજમાં અરેરાટી સાથે શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.

ઘટના અંગે રાપર પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગત રવિવારના સાંજના અરસામાં મોટરસાઇકલ પર જઈ રહેલા વસંતભાઈને આખલાઓએ અડફેટમાં લેતાં ગંભીર ઇજાઓ થઇ હતી. તેમને એક ખાનગી દવાખાનામાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ પાટણ ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. હાલ આકસ્મિક મૃત્યુ અંગેની નોંધ પાડી હોવાનું રાપર પોલીસે ઉમેર્યું હતું.

# વડોદરામાં અચાનક ભૂવો પડતા કાર ભૂવામાં ફસાઈઃમહિલા કારચાલકનો આબાદ બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા કેટલાક સમયથી સતત પડી રહેલા ભૂવાના કારણે હવે સંસ્કારીનગરી વડોદરા હવે જાણે કે ખાડાનગરી બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં વખતોવખત ભૂવો પડવાની ઘટના બહાર આવી રહી છે, જેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. તાજેતરમાં અચાનક જ ભૂવો પડતા એક કાર ભૂવામાં ફસાઈ ગઈ હતી. જો કે મહિલા કારચાલકનો આબાદ બચાવ થયો હતો.

શહેરના મકરપુરા વોર્ડ નંબર ૧૭ના વિસ્તારમાં આ ભૂવો પડ્યો હતો. આ વિસ્તાર કોર્પોરેશનના દંડક શૈલેષ પાટીલનો જ છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત તો એ છે કે ૧૫થી ૨૦ મિનિટના અંતરમાં જ છેલ્લા ૬ માસમાં ૭ ભૂવા પડ્યા હતા. ભૂવો પડતા અધિકારીઓ ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચોમાસામાં ભારે વરસાદ બાદ વડોદરામાં અનેક વિસ્તારમાં ભૂવા પડવાની ઘટનાઓ બની હતી અને શહેરીજનો દ્વારા અનેક રીતે વિરોધ વ્યક્ત કરીને તંત્રને જગાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો પણ તંત્રને કોઈ ચિંતા ના હોય તેવું લાગી રહ્યું છે.

# રાજકોટમાં ૧૮ માસમાં સિંહદર્શન પ્રોજેક્ટ પૂર્ણ થશેઃ ૨૦ કરોડના ખર્ચે દીવાલ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સિંહોને તેમના નૈસર્ગિક માહોલમાં વિચરતા જોવા માટે મોટી સંખ્યામાં પર્યટકો સાસણ, ધારી, જૂનાગઢ સહિતના ગીર પંથકના વિવિધ સ્થળો ખાતે ઊમટી પડે છે. જો કે ગુજરાતના લોકોને ખુલ્લામાં સિંહ જોવા મળે તે માટે રાજકોટમાં જ લાયન પાર્ક બનાવવામાં આવશે. હવે સિંહ પ્રેમીઓ રાજકોટમાં જ લાયન પાર્કમાં એશિયાટીક સિંહને ખુલ્લામાં નિહાળી શકશે. આ માટે રાજકોટમાં પ્રદ્યુમ્ન પાર્ક પાસે ૨૯ હેકટરમાં ગીર જેવું જંગલ વિકસાવીને તેમાં સિંહ પરિવારને રાખવામાં આવશે. બસ કે વાહન લઈ અંદર જઈ સિંહને નૈસર્ગિક વાતાવરણમાં જોઈ શકાશે.

રાજકોટ પ્રાણી ઉદ્યાન ખાતે રાજકોટ શહેર તથા આસપાસના જિલ્લાઓના મુલાકાતીઓ ઝૂ ખાતે પધારે છે. જેઓને પ્રાણીસંગ્રહાલય ઉપરાંત નવા નજરાણા સ્વરૂપે લાયન સફારી પાર્ક જેવું ઉત્તમ આકર્ષક ફરવાનું સ્થળ મળી રહે અને સિંહ સંરક્ષણ-સંવર્ધનના પ્રયત્નોમાં વધારો થાય તેમજ ઇકો ટૂરિઝમ ક્ષેત્રે વધારો થાય તે માટે રાજકોટ પ્રાણી ઉદ્યાનના વિસ્તૃતિકરણ તરીકે એશિયાટિક લાયન સફારી પાર્ક બનાવવામાં આવશે. જે માટે ઝૂ ની પૂર્વ દિશાએ સર્વે નં.૧૪૪, ૧૪૫ તથા ૧૫૦ની કુલ અંદાજે ૨૯ હેક્ટર જમીનમાં લાયન સફારી પાર્ક વિકસાવવામાં આવશે.એશિયાટિક લાયન સફારી પાર્કમાં પાર્કિંગ મુલાકાતીઓના વાહન માટે વિશાળ પાર્કિંગ વ્યવસ્થા અને મુલાકાતી ટિકિટ વ્યવસ્થા કરવામાં આવશે. રેસ્ટિંગ શેડ,ટોઈલેટ બ્લોક, લોન અને ગાર્ડન વિથ ચિલ્ડ્રન પ્લે એરિયા, મુલાકાતીઓ માટે ફીલ્ટર પાણીની વ્યવસ્થા, મુલાકાતીઓ માટે ફૂડ કોર્ટની સુવિધા ઊભી કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત શુક્રવારના રોજ વોર્ડ નં.૦૫માં રૂ.૨૦.૧૮ કરોડના ખર્ચે એશિયાટિક લાયન સફારી પાર્ક માટે કમ્પાઉન્ડ વોલ તથા ચેઈનલિંક ફેન્સિંગ દીવાલ બનાવવાના કામનું ખાતમુહૂર્ત વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે કરવામાં આવ્યું હતું.

# પત્નીને મરવા માટે મજબૂર કરનારા આર્મીમેન સામે ફરિયાદ

ભુજઃ લગ્નના માત્ર ૧૮ મહિનામાં જ પત્નીને છૂટાછેડાં આપવા માટે અમાનુષી ત્રાસ આપી મરવા મજબૂર કરનારા ભારતીય લશ્કરમાં ફરજ બજાવનારા જવાન વિરુદ્ધ માધાપર પોલીસ મથકે મરણ જનારી ૨૨ વર્ષિય પરિણીતા રોશનીના પિતા નટુભાઈ વણકરે જમાઈ દીપક શંકર વણકર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવતાં ભારે ચકચાર પ્રસરી છે. રોશનીએ ગત ૨૭મી સપ્ટેમ્બરના રોજ ભુજની નજીક આવેલા માધાપર ગામના ગોકુલધામ-૧ના ઘરે પંખામાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.પંચમહાલના કાલોલમાં રહેતા રોશનીના પિતા નટુભાઈ વણકરે પોલીસને જણાવ્યું હતું કે, બે પુત્રો વચ્ચે રોશની તેમની સૌથી મોટી એકની એક દીકરી હતી. ૨૮-૦૩-૨૦૨૩ના રોજ સામાજિક રાહે તેના લગ્ન કાલોલના નાંદરખા ગામના આર્મીમેન એવા દીપક વણકર જોડે કર્યા હતાં. છેલ્લાં પાંચ માસથી રોશની માધાપરમાં પતિ જોડે રહેતી હતી. જો કે, થોડાક સમયથી દીપક તેને તું મને હવે ગમતી નથી, મારે તને છૂટી કરવી છે કહી સતત માનસિક ત્રાસ આપ્યા કરતો હતો. આ અંગે અગાઉ દીકરીએ માવતરને વાત કરતાં માવતરે દીપકના માતા પિતાને રજૂઆત કરતાં વેવાઈએ સૌ સારાં વાનાં થઈ જશે તેવું આશ્વાસન આપ્યું હતું.

# જેસરમાંથી વૃદ્ધની ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ મળ્યાના ચાર માસ બાદ હત્યાની કલમ ઉમેરાઇ

ભાવનગરઃ જિલ્લાના જેસર ગામે આજથી પાંચેક મહિના પહેલા વાડીમાં એક વૃદ્ધની લાશ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. આ બનાવમાં મૃતકની હત્યા કરવામાં આવી હોવાની ફરિયાદ મૃતકના પુત્રએ હાઈ કોર્ટમાં કરતાં કોર્ટે જેસર પોલીસને ફરિયાદમાં હત્યાની કલમ ઉમેરવા આદેશ કર્યો છે.આ બનાવ અંગે જેસર પોલીસ મથકે થી જાણવા મળતી વિગતો અનુસાર જેસર ગામે કૃષ્ણપરા વિસ્તારમાં રહેતા અને પિતૃક્ત માલિકીની જમીન ધરાવતા મનસુખ પ્રાગજી દેસાઈની લાશ ગત તા.૨૬-૫-૨૦૨૪ ના રોજ તેની વાડીની ઓરડીમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી, એ સમયે મૃતકના શરીર પર ઈજાના નિશાન પણ હોય આ સંદર્ભે એ વખતે જેસર પોલીસે માત્ર અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પરંતુ આ વૃદ્ધની હત્યા થઈ હોવાનો આક્ષેપ મૃતકના પુત્ર નિલેષે કર્યો હતો અને આ અંગે ગુજરાત હાઈ કોર્ટમાં પુરાવા સાથે ફરિયાદ કરતાં હાઈ કોર્ટે જેસર પોલીસને ફરિયાદમાં હત્યાની કલમનો ઉમેરો કરી તપાસ હાથ ધરવા આદેશ કર્યો છે.

# શિયાળામાં પ્રદૂષણનું પ્રમાણ રોકવા પાલિકાએ કમર કસીઃ લાકડા બાળવા અને તાપણું કરનારા સામે કાર્યવાહી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં હજી શિયાળાનું આગમન થયું નથી પણ એ પહેલા જ મુંબઈગરાએ ગયા અઠવાડિયામાં વહેલી સવારના ધુમ્મસભર્યા વાતાવરણનો અનુભવ કર્યો હતો. ગયા અઠવાડિયામાં હવાની ગુણવત્તા પણ કથળી ગઈ હતી. સામાન્ય રીતે ચોમાસા પછી પવનોની પેટર્ન બદલાતી હોય છે. તેથી આગામી દિવસોમાં વાયુ પ્રદૂષણને ઘટાડવા માટે સુધરાઈ પ્રશાસને આગામી અઠવાડિયાથી મુંબઈના ૨૪ પ્રશાસકીય વોર્ડમાં તમામ કન્સ્ટ્રક્શન સાઈટ પર ઈન્સ્પેકશન કરવા માટે સ્પેશિયલ સ્કવોડને સક્રિય કરવાનો આદેશ આપ્યો છે. એ સાથે જ હવાની ગુણવત્તા વધુ બગડે નહીં તે માટે કન્સ્ટ્રકશન સાઈટ પર રસોઈ કરવા માટે અને ઠંડીથી બચવા માટે બળતણ તરીકે લાકડા સહિત અન્ય સામગ્રીને બાળે નહીં તેના પર નજર રાખવાનો પણ નિર્દેશ અધિકારીઓને આપવામાં આવ્યો છે.

વાતાવરણમાં થઈ રહેલા ફેરફારને કારણે મુંબઈ મેટ્રોપોલિટન રિજન (મુંબઈ શહેર અને ઉપનગર)મા હવાની ગુણવત્તાને અસર થવાથી વાયુ પ્રદૂષણમાં વધારો થઈ રહ્યો છે. વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા સુધાઈ અગાઉ ૨૭ મુદ્દાઓ સાથેની ગાડઈલાઈન અમલમાં લાવી ચૂકી છે જેમાં બાંધકામ સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે. આગામી દિવસોમાં શિયાળામાં વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં રાખી શકાય તે માટે સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીએ સોમવારે અધિકારીઓ સાથે યોજેલી બેઠકમાં વાયુ પ્રદૂષણ માટે કારણભૂત રહેલા નાનાં મોટાં ઘટકો પર ધ્યાન આપવાનમાં આવવાની સૂચના આપી હતી, જેમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર રસોઈ કરવા માટે બળતણ તરીકે લાકડા અને તેના જેવી સામગ્રીને બાળવા અને વાયુપ્રદૂષણનું કારણ બને તેવા તાપણાં (બોનફાયર)ને રોકવા માટે પગલાઁ લેવાનું પણ કહેવામાં આવ્યુ હતું.

કમિશનરે તમામ ૨૪ પ્રશાસકીય વોર્ડના ઉચ્ચ અધિકારીઓ, બિલ્ડિંગ પ્રપોઝલ વિભાગના અધિકારીઓ સાથે કરેલી મીટિંગમાં કન્સ્ટ્રકશન સાઈટ પર વાયુ પ્રદૂષણ ઘટાડવાના પગલાના અમલીકરણ પર નિયમિતપણ દેખરેખ રાખવાની સૂચના આપી હતી. વધુમાં દરેક

વોડમાં એક સ્પેશિયલ ટીમ બનાવાની સૂચના આપી હતી, જેમાં બે વોર્ડ એન્જિનિયર, એક પોલીસ અધિકારી, એક માર્શલ અને એક વાહન હશે. દરેક ટીમનુ નેતૃત્વ સંબંધિત વોર્ડના ઉચ્ચ અધિકારી દ્વારા કરવામાં આવશે. ટીમની સંખ્યા વોર્ડના કદના આધારે નક્કી કરવામાં આવશે. નાના વોર્ડમાં બે ટીમ હશે અને મધ્યમ વોર્ડમાં ચાર ટીમ હશે. તો મોટાં વોર્ડમાં છ ટીમ હશે.

નોંધનીય છે આ અગાઉ વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે સુધરાઈ ૨૭ ગાઈડલાઈન બહાર પાડી હતી, જે મુજબ કન્સ્ટ્રશન અને ઈન્ફ્રાસ્ટ્રકટર સાઈટ પર આજુબાજુમાં ધાતુની શીટ ઊભી કરવાની, બાંધકામ હેઠળની તમામ ઈમારતોને લીલા કપડા, જ્યુટશીટ અથવા તાડપત્રીથી કવર કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. તેમ જ ડિમોલિશન દરમિયાન સતત પાણીનો છંટકાવ કરવાનું પણ ફરજિયાત રહેશે. વધુમાં સીસીટીવી ઈન્સ્ટોલેશન જરૂરી કરવામાં આવ્યું છે. આ ગાઈડલાઈનનું પાલન કરવામાં નિષ્ફળ રહેલી કન્સ્ટ્રકશન સાઈટને નોટિસ મોકલવામાં આવે છે અને તેમની સાઈટને પણ સીલ કરવામાં આવે છે. આવશ્યક પગલા અમલમાં મૂકે નહીં ત્યાં સુધી સ્ટોપ વર્કની નોટિસ પણ આપવામાં આવતી હોય છે.

### મોતનો સેતુ?

## અટલ સેતુ પર વધતા જતા આત્મહત્યાના કિસ્સા ચિંતાજનક

મુંબઈઃ બાંદ્રા-વરલી સી-લિંક જ્યારે ખુલ્લો મુકાયો ત્યારે મુંબઈના રહેવાસીઓને ભલે રાહત થઇ હોય, પરંતુ ટૂંક જ સમયમાં તેના પરથી લોકો કૂદીને જીવન ટૂંકાવવા લાગ્યાની ઘટના પણ બનવા લાગી અને એ જ રીતે અટલ સેતુ પરથી લોકોએ પડતું મૂકીને આત્મહત્યા કરવાની ઘટનાઓ વધી રહી છે. છેલ્લા નવ મહિનામાં છ જણે અટલ સેતુ પરથી આત્મહત્યા કરી હોવાના બનાવ સામે આવ્યા છે. જોકે, આમાંથી એક ઘટનામાં કેબ ડ્રાઇવરે મહિલાને આત્મહત્યા કરતા રોકી લીધી હતી અને તેનો જીવ બચાવ્યો હતો, પરંતુ પાંચ ઘટનામાં સમુદ્રમાં કૂદીને લોકોએ પોતાનો જીવ દીધો હોવાનું જાણવા મળ્યું છે.

બુધવારે જ ફિલિપ શાહ નામના બાવન વર્ષના શખસે અટલ સેતુ પરથી સમુદ્રમાં ઝંપલાવીને પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. અટલ સેતુ પરથી કૂદીને મૃત્યુને ભેટનારા લોકોની સંખ્યામાં દિવસે દિવસે વધારો થઇ રહ્યો હોવાથી પોલીસ પ્રશાસન સહિતનું તંત્ર ચિંતિત છે. લોકો હવે અટલ સેતુને સુસાઇડ પોઇન્ટનું નામ પણ આપવા લાગ્યા છે. આ વર્ષે સૌપ્રથમ માર્ચ મહિનામાં દાદર ભોઇવાડા પરિસરમાં રહેતી કિંજલ શાહ નામની ૪૩ વર્ષની મહિલાએ અહીંથી કૂદીને આત્મહત્યા કરી હતી. ત્યાર પછી ૩૦ સપ્ટેમ્બર, સોમવારે સુશાંત ચક્રવર્તી નામની વ્યક્તિએ અહીંથી પડતું મૂક્યું હતું. સુશાંત વ્યવસાયે બેંકર હતો અને માનસિક તણાવના કારણે તેમણે અહીંથી કૂદીને આત્મહત્યા કરી હતી. જુલાઇ મહિનામાં ૩૮ વર્ષના એન્જિનિયરે પણ અહીંથી દરિયામાં કૂદીને મોતને વ્હાલું કર્યું હતું. તેમનો મૃતદેહ અનેક પ્રયાસો છતાં મેળવી શકાયો નહોતો. એ જ રીતે પલાવા સિટીમાં રહેતા કરુતુરી શ્રીનિવાસે પણ અહીં આત્મહત્યા કરી હતી.

## ડીજીપીને મળેલાં એક્સટેન્શનની સમીક્ષા કરે ચૂંટણી પંચઃ કૉંગ્રેસ

મુંબઈઃ મહારાષ્ટ્રના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) રશ્મિ શુક્લાની 'રાજકીય હેતુથી પ્રેરિત' નિમણૂક અને તેમને આપવામાં આવેલા સર્વિસ એક્સટેન્શન વિશે સમીક્ષા કરવા કૉંગ્રેસે ભારતના ચૂંટણી પંચને વિનંતી કરી છે અને કહ્યું છે કે આ નિર્ણય ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરી શકવાની ક્ષમતા ધરાવે છે. પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ નાના પટોલેએ છેલ્લા દસ દિવસમાં ચૂંટણી પંચને લખેલો આ બીજો પત્ર છે. અગાઉ લખેલા પત્રમાં પટોલેએ વિધાનસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય એ માટે શુક્લાને તાત્કાલિક દૂર કરવાની માગ કરી હતી. પટોલેએ જણાવ્યું હતું કે શુક્લાને આપવામાં આવેલા બે વર્ષના એક્સટેન્શનથી મહારાષ્ટ્ર પોલીસ કાયદાનું ઉલ્લંઘન થયું છે. જાન્યુઆરી ૨૦૨૪માં શુક્લાની પોલીસ મહાનિર્દેશક તરીકે નિમણૂક કરવામાં આવી હતી. કૉંગ્રેસના જણાવ્યા અનુસાર, શુક્લા ૩૦ જૂન ૨૦૨૪ના દિવસે નિવૃત્તિની વય મર્યાદા અનુસાર નિવૃત્ત થવાના હતા. જોકે, તેમને ગેરકાયદેસર રીતે જાન્યુઆરી ૨૦૨૬ સુધી એક્સટેન્શન આપવામાં આવ્યું છે. કૉંગ્રેસ નેતાએ વધુમાં જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના પ્રકાશસિંહના ચુકાદાને ટાંકીને નોકરીની મુદત વધારવાના (સર્વિસ એક્સટેંશન)ના નિર્ણયને ન્યાયી ઠેરવવાની રાજ્ય સરકારની દલીલ ભ્રામક છે. આવા 'ખતરનાક દાખલા'ની અસર ભારતભરમાં પડી શકે છે કારણ કે એમાં યુપીએસસીનાં સ્થાપિત ધોરણોને ચાતરીને નિર્ણય લેવામાં આવ્યો છે.

## પાલઘરમાં પોલીસ કોન્સ્ટેબલે કરી આત્મહત્યા

પાલઘરઃ પાલઘર જિલ્લામાં ૨૬ વર્ષના પોલીસ કોન્સ્ટેબલે પોતાના નિવાસે ગળાફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હતું. પોલીસ કન્ટ્રોલ રૂમના અધિકારીના જણાવ્યા અનુસાર રવિવારે આ ઘટના બની હતી. કોન્સ્ટેબલે ભરેલા અંતિમ પગલા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. કોન્સ્ટેબલની ઓળખ સાગર અથનેકર તરીકે થઇ હતી. સાગર મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસ કન્ટ્રોલ રૂમમાં કાર્યરત હતો. તેણે રવિવારે પોતાના ઘરે છત સાથે રસ્સી બાંધીને ગળાફાંસો ખાધો હતો. કોન્સ્ટેબલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યા બાદ પોલીસે એડીઆર દાખલ કર્યો હતો. (પીટીઆઇ)

## થાણેમાં યુવકની હત્યા કરી મૃતદેહ ટેકરી નજીક ફેંક્યોઃ મિત્રની ધરપકડ

થાણેઃ થાણેમાં જૂની અદાવતને લઇ ૨૭ વર્ષના યુવકની હત્યા કરી તેનો મૃતદેહ ટેકરી નજીક ફેંકવા બદલ પોલીસે ૨૮ વર્ષના મિત્રની ધરપકડ કરી હતી. કલવા વિસ્તારમાંથી રવિવારે રાતે ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ રમેશ ઉર્ફે બાળા શ્યામલાલ માળી તરીકે થઇ હતી. કલવામાં ટેકરી નજીકથી બીજી ઑક્ટોબરે યુવકનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઓળખ રાહુલ ઉમેશકુમાર પ્રજાપતિ (૨૭) તરીકે થઇ હતી, જે ભાસ્કર નગરનો રહેવાસી હતો, એમ કલવા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અશોક ઉત્તેકરે જણાવ્યું હતું. મૃતક રાહુલ પ્રજાપતિના શરીર પર ઇજાના અનેક નિશાન હતા. રાહુલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યા બાદ પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસે તપાસ દરમિયાન સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હતા, જેમાં મૃતક અને આરોપી એ વિસ્તારમાં ફરતા નજરે પડ્યા હતા. આ ફૂટેજને આધારે આરોપીની શોધ આદરાઇ હતી અને તેને કલવાથી પકડી પાડવામાં આવ્યો હતો. પૂછપરછમાં તેણે ગુનાની કબૂલાત કરી હતી.

## પાંચમા પાનાનું ચાલુ

### હું હેમખેમ,

હતા. તેમનું બ્લડ પ્રેશર ઓછું થઇ ગયું હતું, તેથી તેમને તરત આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા.

તેમની હાલત નાજુક હોવાના અહેવાલ વિવિધ માધ્યમોમાં વહેતા થયા હતા. રતન ટાટાએ પોતે જ સ્પષ્ટતા કરી છે કે 'મારી હાલત ગંભીર નથી. રુટિન ચેકઅપ માટે હોસ્પિટલમાં એડમિટ થયો છું.' માઇક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં રતન ટાટાએ આ પ્રમાણે ખુલાસો કર્યો હતો. ટાટાએ પોતાની પોસ્ટમાં રજૂઆત કરી છે કે 'મારા સ્વાસ્થ્ય વિશે ફેલાયેલી અફવાઓ મેં સાંભળી છે. આ બધી વાત પાયાવિહોણી છે. વધતી ઉંમરને કારણે મને રેગ્યુલર હેલ્થ ચેકઅપ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ચિંતા કરવાની જરૂર નથી. હું હેમખેમ છું. મીડિયા અને સોશિયલ મીડિયામાં ફેલાતી ખોટી માહિતીથી દૂર રહો અને તમે આ સમાચારોને ફેલાવશો નહીં.'

### મહારાષ્ટ્રએ માઓવાદની

રણનીતિ ઘડી હતી અને તેનો સંપૂર્ણપણે નાશ કરવા માટે મહત્ત્વપૂર્ણ યોજના તૈયાર કરવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

આ બેઠક બાદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે નક્સલવાદગ્રસ્ત વિસ્તારોમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા રસ્તાઓ, આરોગ્ય સુવિધા, શિક્ષણ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે અને આમ કરીને નક્સલવાદી વિચારસરણીની કમર ભાંગવામાં મોટી સફળતા મેળવી છે. આ ભાગોમાં ઇન્ટરનેટ સહિતની સુવિધાઓ પૂરી પાડીને ઉત્તર ગઢચિરોલીમાંથી નક્સલવાદીઓનો ખોફ સંપૂર્ણપણે ખતમ કરી દેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે નવી દિલ્હીમાં અમિત શાહના નેતૃત્વ હેઠળ નક્સલગ્રસ્ત વિસ્તારોમાં સુરક્ષાના લેવામાં આવેલા પગલાંઓ વિશે ચર્ચા કરવા માટે બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, જે.પી.નડ્ડા સહિતના નેતાઓ હાજર રહ્યા હતા.

### નક્સલવાદીઓના નાકે દમ ૨૦૧૪ બાદ

શિંદેએ જણાવ્યું હતું કે નક્સલગ્રસ્ત વિસ્તારોમાં સશસ્ત્ર માઓવાદીઓ-નક્સલવાદીઓને કાબૂમાં લેવાનું કામ મહારાષ્ટ્ર સરકારે ખૂબ જ સારી રીતે કર્યું છે. ૨૦૧૪ બાદ નક્સલવાદીઓના નાકે દમ આવી ગયો છે. ૨૦૧૩માં સશસ્ત્ર માઓવાદીઓ કેડરની સંખ્યા ૫૫૦ હતી જે આજે ઘટીને ૫૩ થઇ ગઇ છે.

### વરસાદનાં પાણી

અડીને આવેલી હાઉસિંગ સોસાયટીઓએ તેમના પરિસરમાં ભરાઈ ગયેલાં પાણીનો નિકાલ રેલવે પાટા પર તો અમુક જગ્યાએ રસ્તા પર કર્યો હતો અને આ પાણી રેલવે ટ્રેક પર આવી ગયા હતા. તેને કારણે ઉપનગરીય રેલા સેવા કલાકો સુધી ખોરવાઈ ગઈ હતી.

સોમવારે પાલિકા મુખ્યલયમાં કમિશનર ભૂષણ ગગરાણીએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી, જેમાં રેલવે પાટાઓ પર જયાં પાણી ભરાયાં હતાં અને તે વિસ્તારો અને તેના પર ઉપાયયોજના પર ચર્ચા કરવામાં આવી હતી.

આ દરમિયાન કમિશનરે સ્ટોર્મ વોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ અને વોર્ડ સ્તરે અધિકારીઓને આપસમાં સમન્વયવ રાખવાનો આદેશ આપ્યો હતો. એ સાથે જ જે હાઉસિંગ સોસાયટીઓએ તેમના પરિસરમાં વરસાદનાં ભરાયેલાં પાણી રસ્તા પર તેમ જ નાળામાં છોડે છે અને તેને કારણે રેલવે પાટા પર પાણી ભરાઈને ટ્રેન સેવા ઠપ થાય છે તેવી હાઉસિંગ સોસાયટીઓને આવું નહીં કરવાની સલાહ આપવાની અને એક વખત કહ્યા બાદ પણ સાંભળે નહીં તેમની સામે કાયદેસર પગલાં લેવાનો નિર્દેશ પણ કમિશનરે આપ્યો હતો.

### મેટ્રો-૩ના

કે મેટ્રો-૩ના પ્રથમ તબક્કાનો માર્ગ મંગળવારથી નિયમિત રીતે ચાલુ થશે. સોમવારથી શનિવાર સુધી સવારે ૬.૩૦ કલાકથી રાતે ૧૦.૩૦ કલાક સુધી આ લાઇન ખુલ્લી રહેશે, જ્યારે રવિવારે સેવાનો સમય સવારે ૮.૩૦ કલાકથી રાતે ૧૦.૩૦ કલાક સુધીનો રહેશે. મેટ્રોનું લઘુતમ ભાડું ૧૦ રૂપિયા અને મહત્તમ ભાડું પચાસ રૂપિયા રહેશે.

પ્રવાસીઓ નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (એનસીએમસી), મુંબઈ મેટ્રો-૩ મોબાઇલ ઍપ, ટિકિટ વેન્ડિંગ મશીન વગેરેથી ટિકિટ કઢાવી શકશે.

મુંબઈની આ ચોથી મેટ્રો લાઇનમાં ૧૦ સ્ટેશન હશે જેમાં બીકેસી, બાન્દ્રા કોલોની, સાંતાક્રુઝ મેટ્રો, છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ (સીએસએમઆઇએ) ટી-૧, સહારા રોડ, ટી-૨, મરોલ નાકા, અંધેરી, સીપ્ઝ, આરે કોલોની જેવીએલઆરનો સમાવેશ થાય છે.

### રસ્તાના સિમેન્ટ

જેવી થઈ જતી હોય છે. તેથી કૉંક્રીટાઈઝેશન કરેલા રસ્તાઓને કરેલા રસ્તાઓને ફરી ખોદવા સામે કમિશનરે લાલ આંખ દેખાડી છે.

સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીએ સોમવારે પાલિકા મુખ્યાલયમાં તમામ ૨૪ વોર્ડના પ્રશાસકીય અધિકારીઓ સહિત તમામ એડિશનલ કમિશનર, ૨૪ વોર્ડના તમામ ડેપ્યુટી કમિશનરો સાથે મહત્ત્વની મીટિંગ કરી હતી. આ મીટિંગમાં કમિશનર કૉંક્રીટાઈઝેશન કરેલા રસ્તાઓને બિનજરૂરી અને સતત ખોદકામને રોકવા માટે સુધરાઈના જુદા જુદા વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને યુટિલિટિઝ સર્વિસ આપનારી કંપનીઓને સુધરાઈના રોડ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે સંપર્કમાં રહેવાનો નિર્દેશ આપ્યો હતો.

અધિકારીઓની બેઠકમાં કમિશનરે કહ્યું હતું કે રસ્તાઓને સિમેન્ટ-કૉંક્રીટના બનાવવામાં આવી રહ્યા છે, એ સાથે જ યુટિલિઝિ સર્વિસ આપનારી કંપનીઓના પણ કામ સાથે ચાલી રહ્યા છે. તે માટે પાલિકાના હાઈડ્રોલિક એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, સ્યુએજ ડિપાર્ટમેન્ટ, ઈલેક્ટ્રિસિટી કંપની, ઈન્ટરનેટ પ્રોવાઈડર અને ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ વચ્ચે સંકલન જરૂરી છે.

એક વખત રસ્તો કૉંક્રીટના બની ગયો તો ત્યાર પછી તેના પર કોઈ પણ પ્રકારનું ખોદકામ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. કોઈ પણ પ્રકારના દબાણ હેઠળ રસ્તા પર ખોદકામ કરવાની મંજૂરી આપવી નહીં એવી સલાહ પણ કમિશનરે આપી હતી. કમિશનરે રોડ ડિપાર્ટમેન્ટના અધિકારીઓને રસ્તાઓના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનના કામ ચાલતા હોય ત્યારે ફીલ્ડ પર વિઝિટ કરવાની અને કામની પ્રકિયા પર સતત નજર રાખવાનો આદેશ પણ આપ્યો હતો.

નોંધનીય છે કે ચોમાસાને કારણે રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશનનું કામ બંધ હતું તે આ અઠવાડિયાથી ફરી ચાલુ કરવામાં આવવાનું છે. પહેલા તબક્કામાં ૩૯૪ કિલોમીટરના રસ્તાઓનો સમાવેશ થાય છે જ્યારે બીજા તબક્કામાં સમગ્ર શહેર અને ઉપનગરના ૩૦૯ કિલોમીટરના રસ્તાઓને આવરી લેવામાં આવવાના છે. ગયા વર્ષ સુધી રસ્તાનું માત્ર ૩૦ ટકા કામ થયું હતું અને હવે આ વર્ષે સુધરાઈ પ્રશાસને હેલા તબ્કકામાં પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના તમામ રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશનનું કામ ૩૧ મે, ૨૦૨૫ સુધી પૂરું કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

## હિન્દુ મરણ

**દશા સોરઠિયા વણિક**

ઉંડવડ નિવાસી હાલ ઘાટકોપર પૂર્વ સ્વ. ભીમજી દેવચંદ ધોળકીયા અને સ્વ. મુક્તાબેન ધોળકીયાના દીકરી. સ્વ. પ્રવીણભાઇ બાબરીયાના ધર્મપત્ની રંજનબેન બાબરીયા (ઉં. વ. ૭૨) તા. ૫-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. બાબુભાઇ મોહનલાલ બાબરીયા અને સ્વ. શાંતાબેન બાબરીયાના પુત્રવધૂ. સ્વ. જીતેન્દ્ર, જય અને ભાવેશના માતા. જગદીશ ભાઇના મોટા ભાભી. સ્વ. હીરાબેન ધાબલીયા, ગીરીશકુમાર ધોળકીયા અને સ્વ. જયંતિલાલ ધોળકિયાના બેન. સાદડી અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

ગં. સ્વ. બિંદુ પ્રતાપ કાપડિયા (ઉં. વ. ૮૫) સ્વ. ગોરધનદાસ વલ્લભદાસના પુત્રવધૂ. મિહિરના માતા. અ. સૌ. હિરલના સાસુ. ચિ. દેવિકાના દાદી. સ્વ. મથુરાદાસ દ્વારકાદાસના પુત્રી. સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. મુકુંદભાઇ, અ. સૌ. વીણાબેનના બેન. તા. ૬-૧૦-૨૪ના પૂના મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. ગોદાવરી વેલજી પલણ ગામ નખત્રાણાના નાના પુત્ર હરેન્દ્રના ધર્મપત્ની ડિમ્પલ (ઉં. વ. ૪૯) તા. ૫-૧૦-૨૪ના રામશરણ પામેલ છે. તે સ્વ. પ્રધાનજી લક્ષ્મીદાસ અનમ ગામ નલીયાવાળાની સુપુત્રી. તે જગદીશ, વિજય, પરેશ તથા ગં. સ્વ. ક્રિષ્ણા તન્નાના નાના બહેન. તે ઇશા તથા દિશાના મમ્મી. તે દિવિતા, ઇન્દુ તથા દિપ્તિનાં નાના નણંદ. તે ગં. સ્વ. પ્રેમીલા તન્ના તથા નર્મદા રાયકુંડલના ભાભી. તે રક્ષા ધીરજ પલણનાં દેરાણી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ભંડૂરીવાળા ગોવિંદદાસ (ભીખુભાઇ) જગજીવનદાસ તન્ના (ઉં. વ. ૭૯) તે વનિતાબેનના પતિ. કિરણ, મેહુલ, સ્વ.મનીષા અશોકકુમાર બુદ્ધદેવ, શ્રદ્ધા જીતેન્દ્રકુમાર વજાણીના પિતા. દામોદર તથા મુકુંદના મોટાભાઈ, સ્વ.જગજીવનદાસ ભીમજી દેવાણીના જમાઈ. નિધિ કિશોરકુમાર, શ્રુતિ, યુતિ, ભક્તિ, ધરા, પૃથાના નાના/દાદા. ૬/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા બંને પક્ષની ૮/૧૦/૨૪ના ૪ થી ૬. લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ. કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

ગામ ઉસરડ હાલ કાંદિવલી સ્વ. લાભશંકર લક્ષ્મીશંકર જાની તથા વિમલાબેન લાભશંકર જાનીના જયેષ્ઠ પુત્ર જીતેશભાઈ (ઉં. વ. ૫૮) તે ૫/૧૦/૨૪ના કૈલાશવાસી થયેલ છે. તે દીપકભાઈ, સ્વ. ગીતાબેન દિલીપકુમાર ભટ્ટના મોટાભાઈ. અસ્મિતાના જેઠ. રાજના મોટાપપ્પા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઉત્તરક્રિયા તીર્થ ધામે રાખેલ છે.

**સિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઘાંઘળી નિવાસી હાલ ભાઈંદર અ.સૌ.આશાબેન (ઉં. વ. ૭૨) શનિવાર તા.૦૫/૧૦/૨૪ના સ્વર્ગવાસી થયેલ છે. તે હસમુખરાય મૂળશંકર પંડ્યાના પત્ની. હેમંત અને ચિરાગના માતુશ્રી. નેહા અને ભૂમિકાના સાસુમા.

સ્વ.ભૂપતરાય પંડ્યા, સ્વ.ઈન્દુબેન જાની, સ્વ. કુસુમબેન બધેકા તથા ચંદ્રિકાબેન યાજ્ઞિકના ભાભી. પિયર પક્ષે (દકાના) ઈચ્છાશંકર હરગોવિંદ દેસાઈના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટીયા**

ગોંડલ નિવાસી હાલ મુંબઈ તુલસીદાસ સંપટ(બાબાભાઈ) (ઉં. વ. ૮૯) તે ગુણવંતી ગોપાલદાસ સંપટના પુત્ર, સ્વ. તારાબેનના પતિ. રાજુલ અને નિલેશના પિતા. પરાગ વિજયસિંહ મર્ચંટ અને અમીના સસરા. રણજીતસિંહ, સ્વ. કૃષ્ણરાજ (કિશનભાઈ) અને નરેન્દ્રના મોટાભાઈ. સ્વ. હંસરાજ જમનાદાસ વેદ, સ્વ. મધુકાન્તા અમૃતલાલ ઉદેશી, અને ચંદ્રિકા સૂર્યકાન્ત (ચરણભાઈ) ઉદેશીના બનેવી તા. ૬-૧૦-૨૪ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૧૦-૨૪ને ગુરુવારે ૫.૩૦ થી ૭.૦૦, અશોક ગાર્ડન, ક્લબ હાઉસ, બેન્ક્વેટ હોલ, ટી.જે. રોડ, શીવરી, મુંબઈ-૧૫.

**વિશા સોરઠિયા વણિક**

દિવાસાવાળા હાલ અંધેરી સ્વ.મનસુખલાલ માણેકચંદ શાહના ધર્મપત્ની ગં.સ્વ.જ્યોત્સ્નાબેન શાહ (ઉં. વ. ૭૭) તા.૦૬/૧૦/૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે કલ્પેશ, આશા અને તૃપ્તિના માતુશ્રી. સુષ્મા, મુકુંદ અને મનીષના સાસુ. સ્વ.જસવંતભાઈ, અરવિંદભાઈ, ઇન્દ્રવદનભાઇ, સ્વ.ગુણવંતીબેન, સ્વ.ચંપાબેન અને વંદનાબેનના ભાભી. પ્રભાબેન, હીરાબેન અને અંજનાબેન ના જેઠાની. તે સ્વ નાથાલાલ હંસરાજના પુત્રી. પ્રાર્થનાસભા મંગળવાર તા.૦૮/૧૦/૨૪ના ૫થી ૭. ઠે. વિશ્વેશ્વર ભવન, પહેલે માળે, સંન્યાસ આશ્રમ, વિલેપાર્લે વેસ્ટ.

**કચ્છી લોહાણા**

જમનાદાસ હંશરાજ પલણ (કચ્છ ગામઃ નખત્રાણા હાલ માટુંગા) (ઉં. વ. ૯૦) તા.૦૫.૧૦.૨૪ના શ્રીરામશરણ પામ્યા છે. તે સ્વ.રૂક્ષ્મણીબેનના પતિ. સ્વ.ચંદ્રકાંત, યોગેશના પિતા. બિંદુબેન, આશાબેનના સસરા. નિરવ- જલ્પા, અમીત- કિંજલ, અમન- ઐમાના દાદા. પ્રાર્થનાસભા તા.૦૮.૧૦.૨૪ના મંગળવારે ૪ થી ૬. ઠે. નોર્થ ઇન્ડિયા એસોસિએશન, ભાઉદાજી રોડ એક્સ્ટેન્શન, સાયન (વેસ્ટ) સાયન હોસ્પિટલ નજીક, કિંગ સર્કલ રેલવે સ્ટેશનની પાછળ, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ઠા. સ્વ. કલ્યાણજી રામજી ગણાત્રા કચ્છ ગામ તેરાવાલાના સુપુત્ર હરીશ (ઉં. વ. ૮૫) તે સ્વ. પુષ્પાબેનના પતિ. કચ્છ ગામ મુરુવાલા ઠા. સ્વ. હરીરામ વાઘજી સોતાના જમાઇ. સ્વ. નારાણજી કલ્યાણજી, સ્વ. ઠા. શંકરલાલ કલ્યાણજી તથા સ્વ. સાકરીબેન સુંદરજી ચંદનના ભાઇ. તે અશ્વિન, મહેશ, વીણા, જયાના બનેવી. ધર્મેન્દ્ર તથા ફાલ્ગુની અશોક સેજપાલના પિતાશ્રી. તા. ૬-૧૦-૨૪ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

મઢડાના નિવાસી હાલ થાણા મહેન્દ્ર અરવિંદભાઇ યાજ્ઞિકના (મહેશભાઇ જાની) ધર્મપત્ની કોકિલાબેન (ઉં. વ. ૬૪) તે વિજયના અને દેવાંગના માતા. તારકકુમાર ભટ્ટ અને કાજલના સાસુ. વેદના દાદી. વાણી, પાર્થના નાની. સ્વ. મધુબેન કેશવલાલ દવેના દીકરી. મુકેશભાઇ અને કિશોરભાઇ જાનીના ભાભી. તા. ૪-૧૦-૨૪ના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

જોશી ઉદય સોનપાર (ઉં.વ. ૪૭) કચ્છ નખત્રાણાવાળા હાલ મુલુન્ડ, તા. ૬-૧૦-૨૪ના હરિઓમશરણ પામ્યા છે. તે ધર્મિષ્ઠાબેન અને ધીરજલાલ કુંવરજી સોનપારના પુત્ર. સ્વ. નિહારિકા અને આત્મિકાના પતિ. ઈશાન અને રેવાના પિતા. ઉર્વશી, કુંતલ અને હેમાંગના ભાઈ. કાજલ હેમાંગ સોનપારના જેઠ. વિમલાબેન અને જગદીશ મંગલદાસ ધરાદેવ નાની બેરવાલાના અને પ્રવિણાબેન અને નરેશ ત્રિભુવનદાસ રત્નેશ્વરના (તુણાવાળા)ના જમાઈ. બંને પક્ષની સાદડી મંગળવાર, તા. ૮-૧૦-૨૪ સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુન્ડ (વેસ્ટ) ૫ થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મુલબાઈ ખેરાજ ખટાઉ તન્ના કચ્છ ગામ અટડો હાલ મુલુંડના પુત્રવધૂ સ્વ. ભગવાનદાસના પત્ની ગં.સ્વ. પ્રભાવતીબેન (ઉં.વ. ૭૦) રવિવાર, તા. ૬-૧૦-૨૪ના રામશરણ પામેલ. શુભુરામભાઈના ભાઈના પત્ની. લીલાવંતીબેન પરસોતમ, રુખમણીબેન કરસનદાસ, લતાબેન લીલાધર અને લલીતકુમારના ભાભી. લીલાવંતીબેનના દેરાણી. તે ચાગબાઈ પરષોત્તમ ત્રિકમદાસ ભિંડે પુના નિવાસીના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૮-૧૦-૨૪ના ૫.૩૦થી ૭ સચ્છખંડ દરબારની પાછળ, મુલુંડ કોલોની બસ સ્ટોપ, મુલુંડ કોલોની વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રાધાબેન અને સ્વ. કમળાબેન ચાંપશી કુંવરજી ચંદન કચ્છ ગામ રવાપર હાલ મુલુંડના પુત્ર ગંગારામભાઈ ચંદન (ઉં.વ. ૮૬) તા. ૬-૧૦-૨૪ના રવિવારના રામશરણ પામેલ છે. તે જયાબેનના પતિ. સ્વ. મીનાબેન, રાજેશ, કિશોર અને હેમલ જગદીશ ચંદેના પિતાજી. ઈંદિરાબેન જેઠમલભાઈ, ઉર્મિલાબેન લક્ષ્મીદાસ, શોભનાબેન પ્રતાપભાઈ, બસંતાબેન મંગલદાસ, દેવયાનીબેન વિનોદભાઈના ભાઈ. તે સ્વ. ભાગીરથીબેન જીવરામભાઈ નરશી સચદે કચ્છ ગામ રોહા કોટડાના જમાઈ. તે સ્વ. મથુરાદાસ જીવરામ, ગં.સ્વ. પ્રભાવતીબેન રામજીભાઈ રાયચન્નાના બનેવી. પ્રાર્થનાસભા તા. ૮-૧૦-૨૪ મંગળવારના બ્રહ્માંડેશ્વર મંદિર હોલ, (ભક્ત મંડળ હોલ) નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ) ૫.૩૦ થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કંડોળિયા બ્રાહ્મણ**

બગસરા નિવાસી હાલ ડોંબિવલી સ્વ. સવિતાગૌરી અને સ્વ. રવિશંકર કાળીદાસ પંડ્યાના પુત્ર ભરતભાઈ (ઉં.વ. ૬૪) તા. ૨-૧૦-૨૪ને બુધવારના કૈલાસવાસી થયેલ છે. તે ગીરીશભાઈ, મહેશભાઈ, નરેશભાઈ, ગં.સ્વ. રમાબેન હર્ષદભાઈ, સંધ્યાબેન ગીરીશભાઈ, નાનાભાઈ દર્શનાબેન ભાસ્કરરાય પંડ્યાના મોટાભાઈ. નિકુંજ મૃગેશ અંકિત ખ્યાતિ, વિષૃતિના કાકા. સીમા નિકુંજ અનાહિતા અંકિતના કાકાજી સસરા. મોસાળ પક્ષે અમરેલી વાળા સ્વ. રમણીકલાલ દેવશંકર અધ્યારુના ભાણેજ. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સાવરકુંડલાવાળા (હાલ અંધેરી) સ્વ. ભાનુબેન પ્રતાપરાય રતિલાલ ગાંધીના સુપુત્ર અરુણભાઈ (ઉં.વ. ૮૯) તે સ્વ. રંજનબેનના પતિ. શિલ્પાબેન જતીનભાઈ, સમીરભાઈ, વિપુલભાઈના પિતાશ્રી. અ.સૌ. સાધનાબેન, અ.સૌ. વિધિબેન તથા જતીનભાઈના સસરા. સ્વ. નિરંજનાબેન ચંદ્રકાંતભાઈ, સ્વ. રંજનબેન વસંતરાય, સ્વ. કૃષ્ણકાંતભાઈ, પ્રકાશભાઈ તથા પ્રદીપભાઈના ભાઈ. ભાવનગરવાળા સ્વ. અમુલખભાઈ લક્ષ્મીદાસ કોઠારીના જમાઈ. શનિવાર, તા. ૫-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

એમી ફિરોઝ ઇરાની તે મરહુમ ફિરોઝ બમનજી ઇરાનીના ધણિયાની. તે મરહુમો રોશન મીનોચેર ખંભાતાના દીકરી. તે અનાહીતાના માતાજી. તે પરવેઝના સાસુજી. તે મરહુમો એદલ, અસપી, પરવીન ને કાલીના બહેન. તે બુરઝીનને ફરહાનના મમઇજી. (ઉં. વ. ૯૮) રે. ઠે. ૬૧૯, બાનુ મેનશન, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર, (ઇસ્ટ) મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

નાવાઝ શાપુર તારા પોરવાલા તે રુઝબેના ધણિયાની. તે મરહુમો શીરીન શાપુર તારાપોરવાલા. તે મરહુમ શાપુર નાદીરશા તારાપોરવાલા. તે ફ્રિયાનાઝના માતાજી. તે મરહુમ નાદર શાપુર તારાપોરવાલાના બહેન. તે મરહુમો દોલત જીમી ગાર્ડ તે મરહુમો જીમી નવરોજી ગાર્ડના વહુ. (ઉં. વ. ૭૪) રે. ઠે. ૩-બી, પાલનજી મેનશન, પ્રકાશ પેથ માર્ગ, કફ પરેડ, કોલાબા-મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયા : તા. ૮-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે અસલાજી અગિયારીમાં છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી જૈન**

અમરાપૂર નિવાસી (વીછિયા) હાલ કાંદિવલી સ્વ.બાબુલાલ ભુરાભાઈ વોરાના ધર્મપત્ની લીલાવંતીબેન (ઉં. વ. ૧૦૬) વલ્લભીપુર નિવાસી સ્વ.નાગરદાસ મગનલાલ શાહની દીકરી. હસમુખભાઈ, સ્વ.બિપીનભાઈ, કોકિલાબેન ચંદ્રકિશોર કોઠારી, જ્યોતિબેન નૃપેનભાઇ શાહ, ઉમાબેન સંજયભાઈ મણિયારના માતુશ્રી. તરૂલતાબેન, ભાવનાબેન, અંબ્રિશાના સાસુ. હિતેન, પીનાલ દિપાલી, આદર્શ નમિતા, આશિકા સમીરના દાદી. રવિવાર તા.૬/૧૦/૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ દશા શ્રીમાળી મૂ. જૈન**

ગઢાદ નિવાસી હાલ સાન્તાક્રુઝ સ્વ.છોટાલાલ અમુલખ શાહના પુત્ર અરૂણભાઇ (ઉં. વ. ૮૧) તા. ૦૨/૧૦/૨૪ને બુધવારે અરિહંતશરણ પામ્યા છે, સ્વ.વનલીલાબેનના પતિ. નૈમેષ-સોનલના પિતા. કેમલ-હિતેશભાઈના સસરા. કહાન-પ્રિતિશ-સ્તુતિ-અવયાનના દાદા તથા બીપીનભાઈ-ભારતીબેન-રોહિતભાઈ-હર્ષાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલાના, હાલ બાંદ્રા ભરતભાઈ કામદાર (ઉં. વ. ૭૫) તે સ્વ.મોહનભાઈ અને સ્વ.નીલમબેનના સુપુત્ર. સ્વ.રોહિણીબેનના પતિ. શ્રદ્ધા, મિહિરના પિતાશ્રી. હર્ષાના સસરાજી. સુહાનાના દાદાજી. ચારુબેન, ધિરેનભાઈ, અતુલભાઈ, બકુલભાઈના ભાઈ. સ્વ.નટવરલાલ મંગળદાસ પારેખના જમાઈ તા.૬ /૧૦/૨૪ ના અરિહંતશરણ પામેલ છે. પ્રેમ મહોત્સવ તા.૮/૧૦/૨૪ના ૫.૩૦થી ૭.૩૦, એમ. આઈ.જી. ક્લબ, ગેલેક્ષી હોલ, બાન્દ્રા ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મલાડ મોતીચંદ પ્રેમચંદ શાહના સુપુત્ર મનહરલાલ શાહ (ઉં. વ. ૮૦) સોમવાર, તા. ૭-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે દમયંતીબેનના પતિ. તે પીયૂષ, નેહલબેન ધૈવતકુમાર દેસાઇ, અમીબેન પ્રસાદ કુમાર મુસળેના પિતા. સ્વ.મનસુખભાઇ, સ્વ. શાંતિભાઇ, સ્વ. સૌભાગ્યચંદ ભાઇ, સ્વ. વસંતભાઇ, સ્વ. માનકુવરબેન, સ્વ. લલિતાબેન, નિરંજનાબેનના ભાઇ. તે ભાદ્રોડ નિવાસી હાલ બોરીવલી દલીચંદ ખોડીદાસના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દિગંબર જૈન**

નાગનેશ નિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ. અંજવાળીબેન શાંતિલાલ જોબલિયાના પુત્ર કનૈયાલાલ (ઉં. વ. ૮૮) તા. ૬-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રસીલાબેનના પતિ. અમીષ, બીજલના પિતાશ્રી. નિસર્ગભાઇ વોરા, તથા નંદીતાના સસરા. સ્વ. મનસુખભાઇ, સ્વ. ઉમરચંદભાઇ, સ્વ. જેન્તીભાઇ, સ્વ. નિર્મળાબેન, સ્વ. ભાનુબેન, સ્વ. સ્નેહલતાબેન તથા અ. સૌ. રંજનબેનના ભાઇ. તા બોટાદ નિવાસી સ્વ. દલીચંદ સોમચંદ ડગલીના જમાઇ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ મુન્દ્રાના હાલે માટુંગા નિવાસી હિંમતલાલ નાગજી મહેતા (ઉં.વ. ૯૦) સોમવાર, તા. ૭-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. ઈન્દુમતીબેન હિંમતલાલ મહેતાના પતિ. નયન હિંમતલાલ મહેતા, સ્મિતા કમલેશ શાહ, અમિતા ઉમેશ સંઘવીના પિતાશ્રી. હીના નયન મહેતાના સસરાજી. પ્રિયાંશી તથા દિશાના દાદા. માતુશ્રી પાર્વતીબેન ખીમરાજ શાહના જમાઈ. સ્વ. ગોવિંદજી પ્રતાપસી મહેતા (ગામ ભુવડ)ના વેવાઈ. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૮-૧૦-૨૪ના ૪ થી ૫.૩૦. ગુર્જર વાડી, ૨૬, લક્ષ્મી નારાયણ એલએન, માટુંગા (સે.રે.), માટુંગા ઈસ્ટ.

**ઝાલાવાડી વિસાશ્રીમાળી જૈન**

પાળીયાદ નિવાસી હાલ ઘાટકોપર ઈંદુમતી ભાઈલાલ ગાંડાલાલ પારેખ (ઉં.વ. ૮૨) તા. ૭-૧૦-૨૪ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે નીતાબેન, જુલાબેન અને હિતેશભાઈના માતુશ્રી. કૃતિકાબેન અને અશોકભાઈ મહેતાના સાસુ. ખુશ્બૂ અક્ષય ભટ્ટ અને પંક્તિના દાદી. સ્વ. મરઘાબેન ધારશીભાઈ શાહના પુત્રી. જયંતિભાઈ, પુષ્પાબેન અને પદ્માબેનના બેન. માનસી-મિતુલ, ધરા-આકાશના નાની. પ્રાર્થનાસભા તા. ૮-૧૦-૨૪ના ૪થી ૫.૩૦, લેવેન્ડર બાગ, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટ્રો-૩ના પહેલા દિવસે એન્ટ્રી અને એક્ઝિટના જબરા લોચા

## જોકે આના સિવાય મોટા ભાગની સેવા સમસ્યા વિના ચાલી

મુંબઈ: મુંબઈની પ્રથમ અંડરગ્રાઉન્ડ મેટ્રો 'ઍક્વા લાઇન'નો બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી)થી આરે સુધીનો પ્રથમ તબક્કો સોમવાર સવારથી જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. સવારે ૧૧ કલાકે મેટ્રો-૩નો પ્રથમ તબક્કો સેવામાં મુકાયા બાદ ઘણા લોકોએ આ માર્ગનો અનુભવ કર્યો હતો. પ્રથમ દિવસે જ પ્રવાસ કરવા ઉત્સુક લોકો પહેલાથી ટિકિટ ખરીદી કરીને ઊભા રહ્યા હતા અને આ નવો માર્ગ લોકોને વધુ ઉપયોગી નીવડે એવી આશા વ્યક્ત કરી હતી. રાત્રે નવ વાગ્યા સુધી ૧૫,૧૭૩ લોકોએ આ નવી મેટ્રોમાં પ્રવાસ કર્યો હતો.

પ્રથમ દિવસે અમુક પ્રવાસીઓએ સેફ્ટી ડૉરમાં ખામી હોવાની ફરિયાદ કરી હતી જ્યારે અમુક જણે નવાં સ્ટેશનો પર એન્ટ્રિ-એક્ઝિટ પોઇન્ટ બંધ હોવાનું પણ કહ્યું હતું. અમુક પ્રવાસીઓએ તમામ મેટ્રો સેવા માટે ઇન્ટિગ્રેટેડ ઍપની માગણી પણ કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે બીકેસીથી આરે સુધીની ૧૨.૬૯ કિલોમીટર સુધીની મેટ્રો-૩ લાઇનનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે બીકેસીથી સાંતાક્રુઝ સુધીનો પ્રવાસ કર્યો હતો તથા પાછા ફરતી વખતે તેમણે વિદ્યાર્થીઓ, લાડકી બહેન યોજનાના લાભાર્થીઓ, અંડરગ્રાઉન્ડ લાઇનના બાંધકામના મજૂરો સાથે સંવાદ પણ સાધ્યો હતો.

મેટ્રો-૩ની કોલાબા-સીપ્ઝ-આરે જેવીએલઆર સુધીની સપૂંર્ણ લાઇન ૩૩.૫ કિલોમીટરની છે જેમાંથી સોમવારે બીકેસીથી આરે સુધીનો પ્રથમ તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) તરફથી જણાવાયું હતું (જુઓ પાનું ૪) ▶▶



**અંડરગ્રાઉન્ડ એન્જોયમેન્ટ:** મુંબઈની પહેલી જ અંડરગ્રાઉન્ડ એટલે કે ભૂગર્ભ મેટ્રો શરૂ કરવામાં આવી ત્યાર પછી શહેરીજનોએ તેમાં પ્રવાસ કરવાનો આનંદ માણ્યો હતો. આમ તો આ મેટ્રો લોકોને ખૂબ જ ઉપયોગી સાબિત થવાની છે, પરંતુ પહેલી રાઇડ ફક્ત એન્જોય કરવા માટે મુંબઈગરાઓએ તેમાં કરી હતી. (એજન્સી)

# મહારાષ્ટ્રએ માઓવાદની કમર ભાંગી નાખી: એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

નવી દિલ્હી: હજી શુક્રવારે જ આપણા સુરક્ષા દળોના હાથે ૩૧ નક્સલવાદીઓ હણાયા હતા અને ડાબેરી ઉગ્રવાદ વિરુદ્ધ એક મોટી જીત ભારતીય સુરક્ષા દળોને મળી હતી ત્યારે ડાબેરી આતંકવાદને સંપૂર્ણપણે સમાપ્ત કરવા માટે એક મહત્ત્વની બેઠક નવી દિલ્હીમાં યોજવામાં આવી હતી, જેમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સહિતના મહાનુભવો હાજર રહ્યા હતા અને નક્સલવાદ વિરુદ્ધ (જુઓ પાનું ૪) ▶▶



# હું હેમખેમ છું: રતન ટાટા

મુંબઇ: દેશના સૌથી મોટા ઉદ્યોગપતિઓમાંના એક અને ટાટા સન્સના ભૂતપૂર્વ ચેરમેન રતન નવલ ટાટા બ્રિચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ થયા છે. રાત્રે સાડા બારથી એક વાગ્યા વચ્ચે તેમને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા (જુઓ પાનું ૪) ▶▶

# અભિનેત્રી દિયા મિર્ઝાની નોકરાણીની પુત્રીનું અપહરણ: યુપીથી છોડાવાઈ

મુંબઈ: બોલીવૂડની અભિનેત્રી દિયા મિર્ઝાની નોકરાણીની સગીર પુત્રીનું મુંબઈના ખાર પરિસરમાંથી કથિત અપહરણ કરવામાં આવ્યું હતું. પોલીસે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી અપહૃતને ઉત્તર પ્રદેશથી છોડાવી હતી. પોલીસ ફરિયાદ અનુસાર કૉલેજથી નીકળ્યા પછી સગીરા ગુમ થઈ ગઈ હતી. આ પ્રકરણે ખાર પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસની ટીમે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસતાં તે એક યુવક સાથે નજરે પડી હતી. ખાર પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર હનુમંત કુંભારેએ જણાવ્યું હતું કે સગીરા ઉત્તર પ્રદેશના બુલંદશહરમાં હોવાની માહિતી મળતાં અમારી એક ટીમ ત્યાં પહોંચી હતી. સગીરાને છોડાવી આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# રસ્તાના સિમેન્ટ - કૉંક્રીટાઈઝેશન કર્યા પછી જો ખોદકામ કર્યું તો આવી બનશે

## તમામ યુટિલિટી કંપનીઓને સુધરાઈએ તાકીદ કરી દીધી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના તમામ રસ્તાઓને સિમેન્ટ-કૉંક્રીટના બનાવવાનો પ્રોજેક્ટ મુંબઈ મહાનગરપાલિકાએ હાથ ધર્યો છે. કરોડો રૂપિયાના ખર્ચે સિમેન્ટના રસ્તા બનાવવામાં આવી રહ્યા છે ત્યારે આ નવા બનેલા રસ્તાઓ પર કોઈ પણ પ્રકારના ખોદકામ માટે નવી મંજૂરી આપવા સામે સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીએ પોતાના જ અધિકારીઓને ચેતવણી આપી છે.

મુંબઈમાં રસ્તાઓ પર સતત પડતા ખાડાની સમસ્યાને દૂર કરવા માટે કરોડો રૂપિયા ખર્ચીને તમામ રસ્તાઓને સિમેન્ટ-કૉંક્રીટના બનાવવામાં આવી રહ્યા છે. પરંતુ અનેક જગ્યાએ યુટિલિટીઝ સર્વિસ (ટેલિફોન સેવા, મોબાઈલ કંપની, ઈન્ટરને સેવા, ગેસ કંપની, કેબલ વગેરે) પ્રોવાઈડ કરનારી કંપનીઓ દ્વારા રસ્તાઓને ખોદી નાખવામાં આવતા હોય છે. તેથી સિમેન્ટના બનેલા રસ્તાઓની હાલત પણ ફરી જૈસૈ થી વૈસે (જુઓ પાનું ૪) ▶▶

# પાર્કિંગ પ્લોટનો કમર્શિયલ ઉપયોગ કરનારા સામે સુધરાઈની લાલ આંખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં દિવસેને દિવસે વાહનોની વધતી સંખ્યા સામે પાર્કિંગ પ્લોટ અપૂરતા છે ત્યારે શોપિંગ મૉલ્સ, હોટલો અને કમર્શિયલ કૉમ્પ્લેક્સમાં પાર્કિંગ પ્લોટનો ગેરકાયદે રીતે કમર્શિયલ ઉપયોગ કરનારા સામે આકરાં પગલાં લેવાની ચીમકી મુંબઈ મહાનગરપાલિકાએ આપી છે. શોપિંગ મૉલ્સ, હોટલો અને કમર્શિયલ કૉમ્પ્લેક્સ જેવા કમર્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા બિલ્ડિંગ બાંધકામની મજૂરી લેતા સમયે પાર્કિંગ પ્લોટ બતાવીને પાલિકાની મંજૂરી લેવામાં આવે છે, પરંતુ અમુક ઠેકાણે પાર્કિંગની જગ્યાને બંધ કરીને તેનો વ્યવસાયિક સ્તરે ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાની અનેક ફરિયાદો આવી હોવાનું સુધરાઈના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. તેથી પાર્કિંગની જગ્યાનો અન્ય કોઈ પણ કામ માટે ઉપયોગ થતો રોકવા માટે સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીએ આદેશ આપ્યો હતો.

કમિશનરના આદેશ બાદ હવેથી પાર્કિંગની જગ્યાનો ગેરકાયદે ઉપયોગ થતો રોકવા માટે શહેરના એન્જિનિયર અને સંબંધિત વિભાગના આસિસ્ટન્ટ કમિશનરે સંયુક્ત સ્થળે ઈન્સ્પેકશન કરવાનું રહેશે અને પાર્કિંગ પ્લોટનો વાહનોના પાર્ક કરવા સિવાય અન્ય ઉપયોગ કરનારા સામે આકરા પગલા પણ લેવામાં આવશે.

સુધરાઈના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મધ્ય મુંબઈ અને પશ્ચિમ મુંબઈમાં મોટા પ્રમાણમાં પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવવાની છે. પાર્કિંગના માધ્યમથી આવક રળવા માટે નહીં, પરંતુ રસ્તા પર ગમે ત્યાં વાહનો પાર્ક થતા રોકવા અને પાર્કિંગની સમસ્યા દૂર કરવા માટે પાર્કિંગ પ્લોટ ઊભા કરવામાં આવવાના છે. નાગરિકોની સુવિધા માટે મોબાઈલ ઍપ પણ વિકસીત કરવામાં આવી રહી છે. પાર્કિંગની સુવિધાની સાથે જ ગેરકાયદે પાર્કિંગ પ્લોટ, રસ્તાના પર ગમે ત્યાં વાહનો પાર્ક કરીને ટ્રાફિકમાં અડચણ ઊભી કરનારા વિરુદ્ધ આકરાં પગલાં પણ લેવાશે. આના માટે ટ્રાફિક પોલીસની મદદ લેવામાં આવશે. વૉર્ડ સ્તરે પોલીસ અધિકારી અને પાલિકાના અધિકારીઓને તે માટે સમન્વય સાધવાનું કહેવામાં આવ્યું છે.

# વરસાદનાં પાણી રેલવે ટ્રેક પર છોડતી હાઉસિંગ સોસાયટી સુધરાઈનું ટાર્ગેટ

## રેલવેના પાટા પર પાણી ભરાવા માટે કારણભૂત સોસાયટી સામે કાનૂની પગલાં લેવાની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસા દરમિયાન હાઉસિંગ સોસાયટીના પરિસરમાં ભરાયેલાં પાણીનો નિકાલ રસ્તા પર અને નાળા પર કરે છે અને તેને કારણે ઉપનગરીય રેલવે સેવાને ફટકો પડે છે તેવી હાઉસિંગ સોયાટીઓ સામે કડક પગલાં લેવાની ચેતવણી મુંબઈ મહાનગરપાલિકાએ આપી છે. ચેતવણીને અવગણનારા સામે કાયદેસર પગલાં લેવાનો નિર્દેશ પણ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ આપી છે.

મુંબઈમાં ૨૫/૯ના માત્ર બે કલાકમાં અમુક વિસ્તારોમાં ૨૦૦ મિલીમીટરથી વધુ પડેલા વરસાદને કારણે મુંબઈગરાની લાઈલાઈન ગણાતી લોકલ રેલવે ઠપ થઈ ગઈ હતી અને રસ્તાઓ જળબંબાકાર થઈ ગયા હતા. અનેક વિસ્તારોમાં રેલવે લાઈનને (જુઓ પાનું ૪) ▶▶

# સુપ્રિયા સુળેની જીતમાં અમારો હતો ગુપ્ત સાથ

## ભાજપને રામ-રામ કરીને એસીપીમાં જોડાયા ભેગા હર્ષવર્ધન પાટીલે બૉમ્બ ફેંક્યો

પુણે: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા હર્ષવર્ધન પાટીલ, તેમની પુત્રી અંકિતા પાટીલ અને અન્યોએ તેમના વતન ઈન્દાપુરમાં એક ભવ્ય સમારોહમાં શરદ પવારની પાર્ટી (એનસીપી-એસપી)માં જોડાયા હતા.

પાટીલે તેમના ભાષણમાં શરદ પવારનો ઉલ્લેખ 'બિગ બોસ' તરીકે કર્યો હતો અને નોંધ્યું હતું કે મરાઠી બિગ બોસનો વિજેતા પણ મરાઠી છે. આ કાર્યક્રમમાં બોલતાં તેમણે લોકસભા ચૂંટણી દરમિયાન ઈન્દાપુરમાં સુપ્રિયા સુળેને મળેલી નોંધપાત્ર લીડ પર બોલતાં કહ્યું હતું કે સુપ્રિયા સુળેની જીતમાં અમારો અદૃશ્ય હાથ હતો.

પાટીલ તેમના સમર્થકો સાથે પક્ષપ્રમુખ શરદ પવાર, કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળે અને પક્ષના અન્ય વરિષ્ઠ નેતાઓ દ્વારા એનસીપી (એસપી)માં ઔપચારિક રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્થળની નજીકનાં પોસ્ટરોમાં પાટીલને 'ભાવિ પ્રધાન' તરીકે દર્શાવવામાં આવ્યા હતા, જે ભાજપને માટે નોંધપાત્ર ફટકો માનવામાં આવે છે.

ગયા શુક્રવારે હર્ષવર્ધન પાટીલે ભાજપ છોડી દીધી અને શરદ પવારની એનસીપી (એસપી) માં તેમના પદાધિકારીઓ અને સમર્થકો સાથે જોડાવાનો તેમનો ઇરાદો જાહેર કર્યો હતો, જે પાર્ટીને ચૂંટણી પૂર્વે જુસ્સો આપે છે, જે મહા વિકાસ અઘાડી (એમવીએ) વિપક્ષી ગઠબંધનનો ભાગ છે.

'આ ઈન્દાપુરના લોકો અને કાર્યકરોની ઈચ્છા છે. તમામ જાતિ અને ધર્મના લોકો એનસીપી(એસપી)માં જોડાવા ઈચ્છતા હતા, અને અમે તેમની ઈચ્છાઓનું સન્માન કરી રહ્યા છીએ, એમ પાટિલે ભાજપના 'કમળ' પ્રતીક છોડવાના નિર્ણયને સમજાવતા કહ્યું. એનસીપી (એસપી)નું 'તુતારી' ચિહ્ન હાથમાં લો. તેઓ ઇન્દાપુરથી પાર્ટીના ઉમેદવાર તરીકે સત્તાધારી પક્ષના વર્તમાન વિધાનસભ્ય દત્તાત્રય વી. ભારણે સામે ચૂંટણી લડી શકે છે. ■



**વિકરાળ આગ:** નૌપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વંદના બસ ડેપો પાસે આવેલા એક કેમિકલ ઇન્ડસ્ટ્રીયલ યુનિટમાં એક કેમિકલના ડ્રમમાં આગ લાગવાના કારણે આખા આગ ફાટી નીકળી હતી અને વિસ્તારમાં ધૂમાડાના ગોટાં ઉડતા જોવા મળ્યા હતા. સદ્ભાગ્યે અહીં ધડાકો ન થયો હોવાથી કોઇ જાનહાનિ થઇ નહોતી. (જયપ્રકાશ કેળકર)

# વડા પ્રધાનની મૂલ્ય આધારિત રાજનીતિને અનુસરો: ફડણવીસ

નાગપુર: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મૂલ્ય આધારિત રાજકારણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે અને કોઈ પણ પક્ષ સાથે જોડાણ ધરાવતા અન્ય નેતાઓએ સ્વચ્છ છબી સાથે કેવી રીતે કામ કરે છે તે શીખવું જોઈએ.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારી જવાબદારીમાં ૨૩ વર્ષ પૂર્ણ કર્યા એ નિમિત્તે પૂછવામાં આવેલા એક પ્રશ્નના ઉત્તરમાં ભાજપના અગ્રણી નેતા દેવેન્દ્ર ફડણવીસે નાગપુરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં આ પ્રમાણે જણાવી ઉમેર્યું હતું કે 'મોદીજીએ આપણને મૂલ્ય-આધારિત રાજકારણનું ઉદાહરણ આપ્યું. દરેક પક્ષના રાજકીય નેતાઓએ આટલાં વર્ષ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છ પ્રતિમા જાળવી મુખ્ય પ્રધાન અને વડા પ્રધાન તરીકે કઈ રીતે કામ કર્યું એ તેમની પાસેથી ગ્રહણ કરવું જોઈએ.'

ભાજપના નેતા હર્ષવર્ધન પાટીલ એનસીપી (એસપી)માં જોડાય તેવી શક્યતા અંગેના પ્રશ્નના જવાબમાં રાજ્યના માજી મુખ્ય પ્રધાને કહ્યું હતું કે એ જૂની વાત છે. પાટીલે શુક્રવારે જાહેરાત કરી હતી કે તેઓ તેમના સમર્થકો સાથે એનસીપી (એસપી)માં જોડાશે. આ ઘોષણાના તેના એક દિવસ પછી તેઓ મુંબઈમાં શરદ પવારને મળ્યા હતા. (પીટીઆઈ)■

# અજિત અને ભગવા પક્ષમાંથી ઘણાં આવી રહ્યા છે: શરદ પવાર

## હર્ષવર્ધન પાટીલ પછી રામરાજે નાઈક નિમ્બાલકરનો ઈન-કમિંગનો વારો હોવાની સ્પષ્ટતા પવારે કરી દીધી

ઈન્દાપુર: દેશના દિગ્ગજ રાજકારણીમાં સ્થાન ધરાવતા શરદ પવારે સોમવારે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા તેમના ભત્રીજા અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી અને તેની સાથે સત્તાધારી ગઠબંધનમાં સામેલ ભાજપમાંથી વધુ લોકો પાર્ટી છોડીને શરદ પવારની પાર્ટીમાં જોડાશે એવા સંકેત આપ્યા હતા.

ઈન્દાપુરમાં એક સભાને સંબોધતા પવારે લોકોને આગામી ચૂંટણી માટે ભાજપમાંથી પક્ષમાં આવેલા હર્ષવર્ધન પાટીલને ઉમેદવારી જાહેર કરતાં પાટીલને રાજ્ય વિધાનસભામાં મોકલવાની અપીલ લોકોને કરી હતી.

પવારે એવો પણ સંકેત આપ્યો હતો કે રાજ્ય વિધાન પરિષદના ભૂતપૂર્વ અધ્યક્ષ રામરાજે નાઈક-નિમ્બાલકર, જે હાલમાં અજિત પવાર કેમ્પમાં છે, ૧૪ ઓક્ટોબરે એનસીપી (એસપી)માં જોડાઈ શકે છે.

મને કોઈ વ્યક્તિનો ફોન આવ્યો કે જેમ મેં ઈન્દાપુરની મુલાકાત લીધી તેમ ૧૪ ઓક્ટોબરે આવવાનું કહ્યું. મેં ક્યાં અને કયા હેતુ માટે પૂછ્યું. મને કહેવામાં આવ્યું હતું કે ઈન્દાપુરની જેવા જ હેતુ માટે છે. મેં પૂછ્યું ક્યાં જવું છે? ફલટણ સમજાયું? તો આગળનું સ્ટોપ ફલટણ છે. તે પછી મોટાભાગનો મહિનો બુક થઈ જાય છે, એમ શરદ પવારે કહ્યું હતું.

ફલટન એ નિમ્બાલકરનું હોમ ગ્રાઉન્ડ છે જેમણે ૧૯૯૫માં અપક્ષ તરીકે અને ૧૯૯૯ અને ૨૦૦૪માં એનસીપી (અવિભાજિત)ના નેતા તરીકે મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

રસપ્રદ વાત એ છે કે નિમ્બાલકરે રવિવારે કહ્યું હતું કે તેમને શરદ પવારને છોડી દેવા અને ૨૦૨૩માં અજિત પવાર સાથે હાથ મિલાવવાનો ખેદ છે. 'મેં પક્ષના કાર્યકરોની સલામતી સુનિશ્ચિત કરવા (અજિત પવાર કેમ્પમાં જોડાવા માટે) આમ કર્યું હતું, જે બન્યું ન હતું, એવો દાવો તેમણે કર્યો હતો.

અહીં ઉલ્લેખનીય છે કે અનેક પક્ષ પલટા કરી ચૂકેલા હર્ષવર્ધન પાટીલે ૨૦૧૯માં ભાજપમાં જોડાવા માટે કોંગ્રેસ છોડી દીધી હતી. તેમના ભાજપમાંથી બહાર નીકળવાને નાયબ મુખ્ય પ્રધાન અને વરિષ્ઠ ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ માટે આંચકા સમાન જોવામાં આવે છે.

પવારે પાટીલ અને તેમના પિતા, બારામતીના ભૂતપૂર્વ સાંસદ શંકરરાવ પાટીલ દ્વારા આપવામાં આવેલા નોંધપાત્ર યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો. (પીટીઆઈ)■

# ધારાવી પ્રીમિયર લીગને ક્રિકેટપ્રેમીઓનો જોરદાર પ્રતિસાદ

## 'અમન ધ રાઈઝિંગ સ્ટાર' ટીમ વિજય બની

મુંબઈ: ધારાવી પ્રીમિયર લીગ (ડીપીએલ) ૧.૨ને ધારાવીના ક્રિકેટપ્રેમીઓનો જોરદાર પ્રતિસાદ મળ્યો હતો અને આ લીગમાં 'અમન ધ રાઇઝિંગ સ્ટાર' ટીમ વિજય બની હતી, જ્યારે 'ધારાવી થલાયવા' ટીમ રનર-અપ ટીમ નીવડી હતી. વિજેતા અને રનર-અપ ટીમને અનુક્રમે એક લાખ અને પચાસ હજાર રૂપિયા ઇનામ આપવામાં આવ્યું હતું. ધારાવીના ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે બાવીસમી સપ્ટેમ્બરના ઇનામ વિતરણ કાર્યક્રમ પાર પડ્યો હતો. ધારાવીવાસીઓને પોતાના અધિકારનું મંચ ઉપલબ્ધ કરાવવા માટે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પ્રા. લિ. દ્વારા વીસમીથી બાવીસમી સપ્ટેમ્બર સુધી ડીપીએલ ૧.૨નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓવર આર્મ ટી-૧૦ ક્રિકેટ લીગમાં ધારાવી સેક્ટર-૨ની ૧૪ ટીમે ભાગ લીધો હતો. શુક્રવારે સવારે ૧૧ વાગ્યાથી ક્રિકેટ લીગની શરૂઆત થઇ હતી જ્યારે રવિવારે બપોરે ફાઇનલ હતી જેમાં અમન રાઇઝિંગ સ્ટાર ટીમનો સિરાઝ ખાન 'એન ઓફ ધ મેચ' બન્યો હતો, જ્યારે અફઝલ ખાન અને સિરાઝ ખાને અનુક્રમે બેસ્ટ બેટ્સમેન અને બેસ્ટ બોલરનો પુરસ્કાર જીત્યો હતો. ■

**ચૂંટણી પહેલા ફૂદાફૂદ**

# ડોંબિવલીના નેતા શિંદે-સેનામાંથી ઉદ્ધવ-સેનામાં

થાણે: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પૂર્વે કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી)ની સ્થાયી સમિતિના ભૂતપૂર્વ અધ્યક્ષ શિવસેનાના નેતા દીપેશ પુંડલિક મ્હાત્રે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી)માં જોડાયા છે. યુવા સેનાના એક પદાધિકારી માજી નગરસેવક મ્હાત્રેએ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની અધ્યક્ષતા હેઠળના પક્ષ સાથે છેડો ફાડી નાખી ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં રવિવારે પોતાના સમર્થકો સાથે શિવસેના (યુબીટી)માં જોડાયા હતા.

કેડીએમસીના અન્ય છ ભૂતપૂર્વ નગરસેવકો પણ મ્હાત્રે સાથે ઠાકરેની આગેવાની હેઠળના પક્ષમાં સામેલ થઈ ગયા હતા. થાણા જિલ્લાનો હિસ્સો કલ્યાણ અને ડોમ્બિવલી મુખ્ય પ્રધાન શિંદેનો ગઢ ગણાય છે. મુંબઈમાં ઠાકરેના નિવાસસ્થાન 'માતોશ્રી' ખાતેના એક કાર્યક્રમમાં શિવસેના (યુબીટી)માં આ તમામનું સ્વાગત કરી માજી મુખ્ય પ્રધાને કહ્યું હતું કે 'શિવસેનાના ઇતિહાસમાં આજનો દિવસ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. ડોમ્બિવલીના રહેવાસીઓનો માંગણીઓ બુલંદ બનાવવા અમે ભેગા મળીને કામ કરશું.'

ઉદ્ધવ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે 'મહારાષ્ટ્ર સમક્ષ રહેલા પડકારોનો ઉકેલ લાવી શકે, નવો દૃષ્ટિકોણ આપી શકે એવા યુવા અને જોશીલા નેતાઓની રાજ્યને જરૂર છે. મહારાષ્ટ્રના વિકાસમાં કાયમ યુવાનોનું યોગદાન રહ્યું છે. કેવળ સારી કલ્પના રજૂ કરી શકે એવા નહીં, પણ પરંતુ કાર્યલક્ષી સુધ્ધાં હોય અને શિક્ષણ, રોજગારી અને સાતત્યપૂર્ણ વિકાસની દિશામાં કામ કરવા તૈયાર હોય એવા નેતાઓની આજે ખૂબ જરૂર છે. હવે સમય આવી ગયો છે કે યુવાનો આગળ આવે અને મહારાષ્ટ્રનું ભાવિ ઘડવામાં યોગદાન આપે.' (પીટીઆઈ)■

# અજિત પવાર તો ખિસ્સાકાતરું : જિતેન્દ્ર આવ્હાડના નિવેદનથી વિવાદ

મુંબઈ: મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી પહેલા દરેક પક્ષો વચ્ચે આક્ષેપોનો દોર ચાલી રહ્યો છે. દરેક પક્ષ પોતે કેવી રીતે મહાન છે એ દર્શાવવા મચી પડ્યો છે. દરમિયાન એનસીપી શરદ પવાર જૂથના નેતા જિતેન્દ્ર આવ્હાડે એવું કંઇક કહ્યું છે કે બધાના ભવાં ખેંચાયા છે. જિતેન્દ્ર આવ્હાડે અજિત પવાર પર શાબ્દિક પ્રહારો કરતા તેમને પોકેટમાર જ ગણાવ્યા છે. પાર્ટીનું નામ અને ચૂંટણી ચિહ્ન છિનવી લેવા અંગે તેમણે તેમણે આ આક્ષેપ કર્યો છે અને જણાવ્યું છે કે અજિત પવાર ખિસ્સાકાતરું છે. તેમણે ચાલતી ટ્રેનમાં ધક્કો મારીને ઘડિયાળની ચોરી કરી છે.


જિતેન્દ્ર આવ્હાડનો સંદર્ભ એ સમયનો હતો જ્યારે મહારાષ્ટ્રમાં શિવસેના, એનસીપી અને કોંગ્રેસ સત્તામાં હતી. આ સમયે શિવસેના શિંદે જૂથ અને એનસીપીના અજિત પવાર જૂથે તેમના પક્ષના કેટલાક સભ્યો સાથે મળીને ભાજપ સાથે મળીને નવી સરકાર બનાવી. આ ઘટના બાદ શિવસેના - એનસીપી બે ભાગમાં વિભાજિત થઇ ગઇ. શિવસેનાના મોટા ભાગના વિધાનસભ્યો એકનાથ શિંદે સાથે હતા તેથી પક્ષનું નામ અને ચૂંટણી પ્રતિક તેમને મળ્યું.

એનસીપીના વિધાનસભ્યો અજિત પવાર સાથે હતા, તેથી પક્ષનું નામ અને ચૂંટણી પ્રતીક (ઘડિયાળ) અજિત પવારને મળ્યું. આ કારણે જિતેન્દ્ર આવ્હાડે અજિત પવાર પર ચાલતી ગાડીએ ઘડિયાળ ચોરવાનો આરોપ લગાવ્યો છે અને તેમને પોકેટમાર સુદ્ધાં કહ્યા છે.

મુંબ્રા ખાતે શરદ પવાર જૂથના કાર્યકર્તાઓની બેઠકના કાર્યક્રમ દરમિયાન આવ્હાડે કહ્યું છે કે જેમને પાંચ વાર મુખ્ય પ્રધાન બનાવ્યા એ જ પરિવારના સભ્યે ગદ્દારી કરી. શરદ પવાર ૮૫ વર્ષના વૃદ્ધ છે, કેન્સર જેવી બીમારીઓથી પીડિત છે. ■

# મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ


ચંદન છેડા


છબીલ છેડા


ઈશિકા બોરીચા


સેજલ નાગડા


કિંજલ ચંદ્રા


વ્રીશા ઠક્કર


તારા વિસરિયા


ભાવના સત્રા

**બૃહદ્ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા**

## રાસ રંગ ડોંબિવલી અને 'મુંબઈ સમાચાર' સંગે રમતા ખેલૈયાઓની નૈતિક નાગડાને એક જ અરજ...

### ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ મા

કચ્છીઓનું ધામ ગણાતા ડોંબિવલીમાં ડૉ. શ્રીકાંત શિંદે ફાઉન્ડેશન આયોજિત રાસ રંગ-૨૦૨૪માં લોકલાડીલા ઢોલકિંગ નૈતિક નાગડા-પ્રિન્સ હિયાન નાગડાના ઢબૂકતા ઢોલે રંગરસિયાઓએ નોરતાંમાં જોરદાર ધૂમ મચાવી છે. પાંચમા નોરતે સોમવારે 'મુંબઈ સમાચાર'ની મહાસ્પર્ધાનું આયોજન રાસ રંગ-૨૦૨૪માં કરાયું હતું, જેને કારણે ખેલૈયાઓનો ઉત્સાહ ડબલ થઈ ગયો હતો. 'મુંબઈ સમાચાર'ની આ સ્પર્ધામાં દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠનો સહયોગ સાંપડ્યો છે.

એક સમયે ડોંબિવલી-કલ્યાણના ગુજરાતીઓ ગરબાની મોજ માણવા થાણે-મુલુંડ સુધી લાંબા થતા હતા, પણ હવે સિનેરિયો બદલાઈ ગયો છે. નૈતિક નાગડા અને માસ્ટર હિયાન નાગડાના ઢોલ વાગે... ગાયક ટીમ ધર્મેશ બારોટ, દિવ્યા જોશી, વિરલ સુહાના, કોષા પંડ્યા અને અક્ષય કાંબળેના કંઠે સૂર રેલાય... પછી ભાગ્યે જ કોઈ હશે, જેનાં હૃદય હિલોળે ન ચઢ્યાં હોય. અહીં માત્ર ડોંબિવલી-કલ્યાણ જ નહીં, બદલાપુર, કર્જત અને કસારાથી ખેલૈયાઓની ભીડ જામી રહી છે.

મેદાનમાં હજારોની સંખ્યામાં ખેલૈયાઓ ગરબે ઘૂમી શકે છે, પરંતુ ડોંબિવલી રાસ રંગની લોકપ્રિયતા એટલી વધી ગઈ છે કે રોજેરોજ ગ્રાઉન્ડ ફુલ થઈ જાય છે. પરિણામે કોઈને નારાજ ન કરી મેદાનની બાજુમાં આવેલા માર્ગ પર ખાસ એલઈડી સ્ક્રીન અને સ્પીકર લગાવીને રંગરસિયાઓને રમવાની વ્યવસ્થા કરવી પડી છે.

મહાસ્પર્ધાના પ્રાયોજક ચંદન માઉથફ્રેશનર, જેવીએમ સ્પેસીસ, ઈવેન્ટ સ્પોન્સર્ડ રચના સલૂન, ટ્રોફી પાર્ટનર બીએન જ્વેલર્સ, ગિફ્ટિંગ પાર્ટનર નેનો નાઈન, રેન્ડેઝેવોસ, પાલખી, દામજી શામજી ગ્રુપ, ફ્રેન્ડ્સ રિસોર્ટસ, અરોન રિસોર્ટ, સમર પ્લાઝા, જશ હોલિડેસ એન્ડ મેમોરીસ, ખાનવેલ રિસોર્ટ-સિલવાસા, અરિહંત હોલિડેસ, ટ્રિપ ટુ થાઈલેન્ડ, બીસીન અને હેરલોજિક બ્રાન્ડ-મિશા ઈમ્પેક્સ, હેર સ્ટુડિયો છે.

'મુંબઈ સમાચારે' યોજેલી મહાસ્પર્ધા 'રમો ઝૂમો અને જીતો'માં જે સ્પર્ધકોને ઈનામ મળ્યાં હતાં તેમને 'મુંબઈ સમાચાર' બિરદાવે છે. દરેક સ્પર્ધકોને ટ્રોફી અને ગિફ્ટ આપવામાં આવશે. મહાસ્પર્ધામાં પસંદ કરાયેલા વિજેતાઓ માટે 'મુંબઈ સમાચાર' સતત ત્રીજું વર્ષ બમ્પર ઈનામોની વણઝાર લઇને આવ્યું છે, જેમાં ૧૦ દંપતી માટે થાઈલેન્ડની ટ્રિપ, બે કપલ માટે ભૂતાનમાં સ્ટે ઉપરાંત ગિફ્ટ વાઉચર્સ અને રોકડ તો છોગામાં... આવાં ઈનામો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. ■




**પાંચમા નોરતાના જજ:** પિંકી ત્રિવેદી, વૈશાલી સત્રા, નૈતિક નાગડા, હિયાન નાગડા, અમિત સોની અને અવનિ ઠક્કર.
(તસવીરોઃ જયપ્રકાશ કેળકર)


યશ ઠક્કર


લીના શાહ


પ્રિન્સ વાસા


ઉન્નતિ ભાનુશાળી


હિત ભાનુશાળી


ધ્રુવ સોની


ચિરાગ ભાનુશાળી

### સૌ વિજેતાઓને અભિનંદન

આજે મંગળવારે છઠ્ઠા નોરતે 'મુંબઈ સમાચાર' સંગાથે પ્રેરણા રાસ મુલુંડ પશ્ચિમમાં પી. કે. રોડ પરના કવિ કાલિદાસ ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ ઝૂમશે અને ઈનામો પણ મેળવશે.

## કુમ કુમ પગલે પધાર્યાં


ગિરગાંવમાં ૧૩ વરસથી નિકદવરીલેન નવરાત્રૌત્સવ મંડળ દ્વારા નવરાત્રિમાં અષ્ટભૂજાવાળી કમળ ઉપર બિરાજમાન ગિરગાંવચી રાજમાતા અંબે માતાની મૂર્તિ.


ગિરગાંવમાં અખિલ ખાડિલકર રોડ નવરાત્રિ ઉત્સવ મંડળ (રજી.) દ્વારા ૫૪ વરસથી ઉજવાતો નવરાત્રિ ઉત્સવમાં ગિરગાંવચી આદિમાયા અંબે માતાની આશીર્વાદ આપતી ચાર ભૂજાવાળી (સુંદર મૂર્તિ)


ભૂલેશ્વરના પાંજરાપોળ રોડ ઉપર જય અંબે ચૌકમાં સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ ઉજવતા શ્રી પાંજરાપોળ નવરાત્રિ મંડળ (રજી.)ની અંબે માતાની ચાર ભૂજાવાળી વાઘ ઉપર બિરાજમાન પ્રતિમા.

**જગડુશા નગર નવરાત્રી ઉત્સવ મંડળ** સુવર્ણ મહોત્સવ ઉજવી રહ્યું છે. વર્ષોથી અષ્ટમીના દિવસે હોમ હવન બાદ સમુહ કન્યા પૂજન અને કુમારીકા ઓની આરતી થઈ રહી છે. જેમાં દર વર્ષે ૧૫૦ જેટલી કન્યાઓ ભાગ લે છે નવમીના દિવસે સુહાગન બહેનોને સમૂહ આરતી અને પૂજન થાય છે જેમાં આશરે ૨૦૦ જેટલી મહિલાઓ ભાગ લે છે.

દરરોજ માતાજીનો થાળ આરતી અને પાંચ ગરબા સાથે શરૂઆત થાય છે પછી રોજની રોજ વિવિધ હરીફાઈઓ રાખવામાં આવે છે.




**હાલના મંડળના સભ્યોના નામ: મહિલા મેમ્બર ગ્રુપ:** ભાવિકા મોનીશ માલદે, મેઘના નિલેશ સાવલા, નિશા ધીરેન ઠક્કર, સંગીતા ઉદય શેઠીયા, કોમલ જીતેન ઠક્કર, મયુરી ભાવેશ ભાનુશાલી, રૂક્ષ્મણી જાદવજી ભાનુશાલી, જયશ્રીબેન ભાનુશાલી, રીટાબેન ભાનુશાલી, કલ્પના કેતન ઠક્કર.

**પુરુષ મેમ્બર ગ્રુપ:** ભાવેશ ભાનુશાલી, કેતન ઠક્કર, સમીર શેઠિયા, જાદવજી ભાનુશાલી, કિરણ ભાનુશાલી, સાગર ભાનુશાલી, ભારત ભિમજીઆની, ઉદય શેઠીયા, જીતેન ઠક્કર, દીનેશ ઠક્કર. ■

## સહારા સ્ટાર નવરાત્રિ જલસોએ 'સૌનાં મનડાં મોહી લીધાં'

**મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ**

નવરાત્રિના પાંચમા નોરતે મા સ્કંદમાતાની પૂજા કરવામાં આવે છે. આ માતાને બે હાથ છે અને બન્ને હાથમાં કમળ પુષ્પ ધારણ કરેલાં હોય છે. માતાએ ખોળામાં ભગવાન કાર્તિકિયને લીધા છે અને કાર્તિકિયનું બીજું નામ સ્કંદ છે તેથી આ દેવીનું નામ સ્કંદમાતા પડ્યું છે. સહારા સ્ટારના સેફાયર બેન્કવેટ હોલમાં પાંચમા નોરતે મા સ્કંદમાતાની આરાધનાથી ગરબાની શરૂઆત કરવામાં આવી હતી.

**या देवी सर्वभूतेषु मा स्कंदमाता रुपेण संस्थिता।**
**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नम:**

પાટીદાર સ્વજન, શ્રી વિલેપાર્લા પાટીદાર મંડળ દ્વારા આયોજિત સહારા સ્ટાર નવારત્રિ જલસો-૨૦૨૪ના આયોજકો ભાર્ગવ પટેલ અને જગત કિલ્લાવાલાએ જે રીતે ખેલૈયાઓ માટે સુવિધાઓ ઊભી કરી છે તે ખરેખર પ્રશંસનીય છે. ખેલૈયાઓને કોઇ પણ પ્રકારની અસુવિધા થવા પામતી નથી. પાંચમે દિવસે પણ સહારા સ્ટારના સફાયર બોલરૂમમાં શ્વેત વસ્ત્રો પરિધાન કરી આવેલા ખેલૈયાઓની ભારે પ્રમાણમાં ભીડ ઊમટી હતી. ઘણાં યુવાન-યુવતીઓને તો અંદર પ્રવેશ કરવા માટે રીતસરની લાઈન લગાવીને જ ઊભા રહેવાનો વારો આવ્યો હતો.

રોની દ્વારા દિવ્ય ધ્વનીનું મ્યુઝિક, આંખોને ઠંડક આપતી ફૈઝલની લાઇટ તથા ગાયક પ્રકાશ વાડેકરના મુખેથી 'શિવ વંદના' ન સાંભળી હોય તો શું સાંભળ્યું? આ સિવાય શિવ તાંડવનો અસલ અનુભવ તો અહીં જ થાય. ગાયક કલાકારો અને મ્યુઝિક સિસ્ટમે તમામ લોકોનાં મન મોહી લીધાં છે અને બીજી બાજુ સમયની મર્યાદા નડતી ન હોવાને કારણે પાસ સંપૂર્ણપણે વેચાઈ ગયા છે અને એટલા માટે જ સંચાલકોએ પાસનું ઓફલાઈન અને ઓનલાઈન વેચાણ પણ બંધ કરી દીધું છે. સહારા સ્ટારની નવરાત્રિ ઈન્ડોરમાં થતી હોવાથી અહીં સમયની કોઇ મર્યાદા નડતી નથી. ખેલૈયાઓ અહીં બેફિકર થઇને ગરબે ઘૂમતા હોય છે. આઠમના દિને એટલે નવરાત્રિના નવમા દિને સહારા સ્ટારનો ફાઈનલ રાઉન્ડ છે અને એ જ દિવસે 'મુંબઈ સમાચાર'ની મહાસ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ પણ રાખવામાં આવ્યો છે. રાતના ૮ વાગ્યાથી શરૂ થતો આ રાઉન્ડ પોણો કલાક ચાલશે અને બાદમાં ગરબામાં સારુ પર્ફોર્મ કરનારા ખેલૈયાઓને ઈનામોનું વિતરણ કરવામાં આવશે. ■

**જલસો સાથે જલસા**









# મહાવીર કન્સ્ટ્રક્શન પ્રસ્તુત રંગરાસ-૨૦૨૪ની નવરાત્રિ હાઉસપેક

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ

## ખીચોખીચ મેદાનમાં ભૂમિ ત્રિવેદીના સૂર રેલાયા દૂરસુદૂર

MAHAVEER construction SOLITAIRE EDGE

બોરીવલી સ્થિત ચીકુવાડી વિસ્તારમાં આવેલા વિશાળ બાળાસાહેબ ઠાકરે મનોરંજન ઉદ્યાનમાં મહાવીર કન્સ્ટ્રક્શન-સોલિટેર એજ (હાઈટેક ઈવેન્ટ ડેકોર) આયોજિત નવરાત્રિ મુંબઈ શહેરની સફળ નવારત્રિઓમાં સ્થાન લઇ ચૂકી છે. ભૂમિ ત્રિવેદીના સૂર એટલે દૂર સુધી રેલાઈ રહ્યા છે કે હવે આ મેદાનમાં પગ રાખવાની પણ જગ્યા ઓછી પડી રહી છે. હાઉસ પેક મેદાનમાં ખેલૈયાઓ મન મૂકીને ઝૂમી રહ્યા છે. આ મેદાનની ખાસિયત છે કે દોઢ લાખ ફૂટના વુડન-પ્લેટફોર્મ પર વિશાળ સ્ટેજ ખેલૈયાઓનું ધ્યાન આકર્ષી રહ્યો છે. નવરાત્રિનું એટલું સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું છે કે અહીં બોલીવૂડની હસ્તીઓ જ નહીં પણ અનેક રાજકારણીઓ અને આઈએએસ તેમ જ આઈપીએસ અધિકારીઓ અહીંનું દૃશ્ય નિહાળવા માટે ખેંચાયા છે.

મહાવીર કન્સ્ટ્રક્શનના પિનાકિન શાહ, ભાજપના જૂથનેતા પ્રવીણ દરેકર, ભૂતપૂર્વ નગરસેવક પ્રકાશ દરેકર અને રાયગડ પ્રતિષ્ઠાનના યશ દરેકર દ્વારા આયોજિત આ નવરાત્રિ ઉત્સવમાં છેલ્લા પાંચ દિવસથી ધૂમ મચી રહી છે. આ મેદાનમાં દરરોજ મા અંબેમાની શ્રદ્ધાપૂર્વક આરતી અને ભક્તિ થાય છે અને ખેલૈયાઓ પણ શ્રદ્ધાપૂર્વક આમાં જોડાય છે. મુંબઈની ધ બેસ્ટનું સ્થાન પામેલી રંગરાસ-૨૦૨૪માં ખેલૈયાઓનો ઉત્સાહ વધે એ માટે દરરોજ વિવિધ કેટેગરીમાં અનેક ઈનામો આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. રંગરાસમાં જાણીતી સિંગર ભૂમિ ત્રિવેદી ધૂમ તો મચાવી જ રહી છે અને તેનો સાથ પુરાવી રહ્યા છે અંબર દેસાઈ, અલકા મંદાકિની અને મેહુલ પ્રજાપતિ. આ સિંગરોનો સૂર દુરસુદૂર સુધી પ્રસરી રહ્યો છે અને ખેલૈયાઓના ઉત્સાહમાં વધારો કરી રહ્યો છે.



બોરીવલીના બાળાસાહેબ ઠાકરે મનોરંજન ઉદ્યાનમાં અનેક મહાનુભાવોની હાજરી જોવા મળી રહી છે, જેમાં કેન્દ્રીયપ્રધાન પીયૂષ ગોયલે (ડાબે) પણ હાજરી આપી હતી. તેમનું પ્રવીણ દરેકર (જમણે) અને મહાવીર કન્સ્ટ્રક્શનના પિનાકિન શાહ (વચ્ચે) દ્વારા ટ્રોફી આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

સોનુ નિગમથી લઇને પ્રખ્યાત સંગીતકાર-ગાયક સલીમ મર્ચન્ટ, બિન્ની એન્ડ ફેમિલી મુવીના કલાકાર અંજની ધવન (વરુણ ધવનની ભત્રીજી) અને એના સાથી કલાકાર તેમ જ ટીવીકલાકાર ભવ્ય ગાંધી (ટપુ)એ હાજરી આપી છે તો કેન્દ્રીયપ્રધાન પીયૂષ ગોયલ, આરપીઆઈના અધ્યક્ષ રામદાસ આઠવલે ભૂતપૂર્વ નગરસેવિકા પ્રતિભા ગિરકર તેમ જ બીના દોશી અને અન્ય રાજકારણીઓ તેમ જ ઝોન ૧૧ના ડીસીપી આનંદ ભોઈતે તેમ જ અન્ય અધિકારીઓએ પણ હાજરી આપીને અહીંની નવરાત્રિનો લ્હાવો માણ્યો હતો.

મહાવીર કન્સ્ટ્રક્શનના પિનાકિન શાહ તેમ જ રાયગડ પ્રતિષ્ઠાનના યશ દરેકરના સૌજન્યથી અદ્યતન સુવિધાઓ સાથે યોજાયેલી આ ઈવેન્ટનું સ્ટેજ ડેકોરેશન જિજ્ઞેશભાઈ ભુતાએ કર્યું છે, જ્યારે નેસ્કોવાળા ફૂડની સેવા આપી રહ્યા છે. આવું સુંદર આયોજન કરવા બદલ મહાવીર કન્સ્ટ્રક્શનના પિનાકિન શાહ અને રાયગડ પ્રતિષ્ઠાનના યશ દરેકર અભિનંદનને પાત્ર છે. ■

**ખાસ સૂચના**

રંગરાસમાં સોમવારે ૫૦૦થી વધુ ફેક પાસધારકોએ પ્રવેશ મેળવવાની કોશિશ કરી હતી. આથી ખેલૈયાઓને એવી સૂચના આપવામાં આવે છે કે ડેઈલી પાસ ઓનલાઈન અધિકૃત એવા બુક માય શો કે મેદાન પરની સ્વીકૃત એવી ટિકિટબારી પરથી જ લેવા વિનંતી. ફેક પાસમાં પ્રવેશ કરનારાઓ સામે પગલાં લેવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી.



ભૂમિ ત્રિવેદીની નવરાત્રિમાં રવિવારે આરપીઆઈના અધ્યક્ષ રામદાસ આઠવલે (વચ્ચે)એ હાજરી આપી હતી. તેમનું પ્રકાશ દરેકર (ડાબે) અને મહાવીર કન્સ્ટ્રક્શનના પિનાકિન શાહ (જમણે)ને હસ્તે ટ્રોફી આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.



જાણીતા ટીવીકલાકાર ભવ્ય ગાંધી (ટપુ-જમણે)એ હાજર રહીને ખેલૈયાઓનો જોશ વધાર્યો હતો. યશ દરેકર (વચ્ચે) અને મહાવીર કન્સ્ટ્રક્શનના પિનાકિન શાહ (ડાબે) દ્વારા તેમનું ટ્રોફી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.



બોલીવૂડના જાણીતા સંગીતકાર-ગાયક સલીમ મર્ચન્ટને ટ્રોફી આપી રહેલા મહાવીર કન્સ્ટ્રક્શનના પિનાકિન શાહ (જમણે), યશ દરેકર (ડાબે) અને પ્રકાશ દરેકર (જમણેથી બીજા).

### શું છે ખાસિયત

દોઢ લાખ ફૂટના વિશાળ વૂડન પ્લેટફોર્મ પર બનાવવામાં આવેલા સ્ટેજ પર પર્ફોર્મ કરતા સમયે સૂરસમ્રાજ્ઞી ભૂમિ ત્રિવેદીના પર્ફોર્મન્સને ગ્રાઉન્ડ પર જોવા આવેલા લોકો શાંતિથી બેસીને જોઇ શકે એ માટે જાયન્ટ એલઈડી સ્ક્રીન પણ ગોઠવવામાં આવી છે. વિધાનસભ્ય પ્રસાદ લાડ (ક્રિસ્ટલ લિમિટેડ)ની હાઈટેક સિક્યોરિટી તો ખરી જ, સાથે ઠેર ઠેર ગોઠવવામાં આવેલા સીસીટીવી કેમેરાથી મેદાન પર ચાંપતી નજર પણ રાખવામાં આવી છે. કોઇ પણ આફત આવે તો એને પહોંચી વળવા માટે પ્રાથમિક ઉપચાર મળી રહે એવી દવાઓ અને એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. મહાવીર કન્સ્ટ્રક્શનના પિનાકિન શાહે અંગત રીતે ધ્યાન આપીને તેમ જ નવરાત્રિના એક મહિના પહેલાંથી અનેક તૈયારીઓ કરીને ગરબારસિકોની સગવડનો પૂરેપૂરો ખયાલ રાખ્યો છે.

### હવે બાકી રહ્યા ચાર દિવસ

નવરાત્રિનો આજે છઠ્ઠો દિવસ છે અને ભૂમિ ત્રિવેદી સંગ તમારા પગને થીરકાવવા હોય તો હવે માત્ર ચાર દિવસ જ બાકી રહ્યા છે. તો તમે અહીં પહોંચવા માટેની તૈયારીઓ કરી કે નહીં? જો તમારે આવી તકને ગુમાવવી ન હોય તો આજે જ ટિકિટ બુક કરાવી લો.

**ટિકિટ્સ અહીંથી મેળવો**

રંગરાસ-૨૦૨૪ની ટિકિટ્સ બુક માય શો પરથી કરી શકો છો.

# થાણે રાસ રંગ-૨૦૨૪નો ઈન્ડેક્સ ગ્રાફ ઉપર ને ઉપર

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ

ક્રેડાઈ એમસીએચઆઈ થાણે આયોજિત થાણે રાસ રંગ-૨૦૨૪નો ગ્રાફ ઉપર ને ઉપર જઇ રહ્યો છે. તેનો સંપૂર્ણ શ્રેય એમસીએચઆઈ થાણેની ટીમના અજયભાઈ આશર, અમરસિંહ ઠાકરુ, ભાવેશ ગાંધી, સચિન મીરાણી, ફયાજ વીરાણી, ભરત મહેતા વગેરે કેપ્ટન જિતુભાઈ મહેતાને આપે છે. જિતુભાઈ મહેતા કેપ્ટન બની ટીમને સાથે રાખી ચાલે છે. તેમની પાસે સુમીત ગુટકા જેવો બાહોશ મેનેજર છે જે સંપૂ ઓફિસનું કામ સંભાળે છે. મોન્ટુ ટીબરેવાલ ગ્રાઉન્ડ-સ્ટેજ-માતાજીનું મંદિર અને એન્ટ્રી લોબી સંભાળે છે. મહેમાનોની મહેમાનગતીનું કામ શ્રીરથ કેટરર્સના મીતેષ પલાણ સંભાળે છે. અંબેમાના મંદિરની પૂજા-આરતીનું કાર્ય પ્રશાંત મહારાજ સંભાળે છે. ફોટોગ્રાફી અને લાઈવ રિલેનું કામ પિતા-પુત્રની જોડી બન્ટી અને ભાવિક સંભાળે છે. મીડિયાનું કામ ડાઈવર્સ મીડિયાના તેજવી કોટીચા અને વરુણ સંભાળે છે.

દરરોજ સાંજે સાત વાગ્યે માતાજીની પૂજા-આરતી બાદ હેમાલી ઠક્કર માઈક સંભાળે છે. તે તેની આગવી અદામાં થાણે રાસ રંગના સ્પોન્સરની ઓળખ આપે છે ત્યારે તરત હનીફ અસલમના સાજિંદાઓ પોતાનું બેન્ડ શરૂ કરે છે. એ જ સમયે પહાડી અવાજમાં સોરઠિયો અવાજ ઉમેશ બારોટ સનાતન હિન્દુ ધર્મના આરાધ્યદેવની ધૂન બોલાવે છે કે રામ સિયારામ, સિયારામ જય જય રામ, ત્યારે નવરાત્રિના પટાંગણમાં હાજર રહેલા ભાવિકોના પગ થનગનવા લાગે છે. સુરીલી ગાયિકા રૂપાલી કશ્યપ, હેલી મજમુદાર, દ્રવીતા ચોકસી કોરસમાં ગાય છે કે તારા વિના શ્યામ મને એકલડું લાગે, થાણે રાસ રંગમાં રમવાને વહેલો આવજે. આ સમયે જય ઠક્કર દ્વારા નિયુક્ત જજની પેનલ ચુનંદા ખેલાડીઓને પસંદ કરવાના કામે લાગી જાય છે. મુખ્ય આયોજક જિતુભાઈ મહેતા નવરાત્રિમાં આવતા મહેમાનોને આવકારવા ગેટ પર જ હાજર રહેતા હોય છે. ■







### નવરાત્રિ શેનો અવસર છે

નવરાત્રિ આધ્યાત્મિક આરાધનાનો અવસર છે, નવરાત્રિ દરમિયાન આત્મશક્તિ સકારાત્મક ઊર્જાની ઊણપ દૂર કરે છે. નવરાત્રિ દરમિયાન આત્મશક્તિ સકારાત્મક ઊર્જા પોઝિટિવિટી વ્યક્તિમાં વધે તે માટે નવરાત્રિની સાધનાનું મહત્ત્વ છે. નવરાત્રિ દરમિયાન સાદો આહાર, સરળ વ્યવહાર અને પોઝિટિવ વિચાર દ્વારા જીવનમાં સફળતા અને શક્તિ પ્રાપ્ત કરી શકાય છે.

**સદ્‌ગુરુદેવ પ.પૂ. પારસ મુનિ મહારાજ સાહેબ**



સ્થાનકવાસી જૈન, ગોંડલ સંપ્રદાય શીતલા-કાલાવાડ, સૌરાષ્ટ્ર

### થાણે રાસ રંગ-૨૦૨૪ છઠ્ઠા નોરતાના જજની યાદી

ડૉ. દેવાંશી વિઠલાણી, રાજેશ જોશી, પિન્કી ત્રિવેદી, ધવલ ઠક્કર અને સોનલ ઠક્કર.

# ડૉ. શ્રીકાંત શિંદે ફાઉન્ડેશન આયોજિત ડોંબિવલી રાસ રંગ-૨૦૨૪ નૈતિક નાગડા સંગમાં સંગીત સૂરની રમઝટ

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ



ડોંબિવલી કલ્યાણના લોકપ્રિય સાંસદ શ્રીકાંત શિંદે સાહેબ ત્રીજી ટર્મમાં ભારે બહુમતીથી વિજયી થયા હતા. તેઓને ખરેખર અંબેમાની ભક્તિ ફળી. તેઓ તહેવારપ્રેમી છે. ડોંબિવલીમાં મનોરંજન માટે માત્ર સિનેમા છે, પણ હાલમાં ચાલી રહેલા નવરાત્રૌત્સવના માહોલમાં લોકો ઉત્સવપ્રિય બની ગયા છે.

ડોંબિવલીમાં નાગરિકો ગણપતિ ઉત્સવ અને જન્માષ્ટમી, કૃષ્ણજન્મની મટકી ફોડનો ઉત્સવ ઊજવતા હોય છે, પણ નવરાત્રિ એક એવો તહેવાર છે જે ગુજરાતી-મહારાષ્ટ્રથી લઇને રાજસ્થાની દરેકને પ્રિય છે. આ તહેવાર બધા સાથે મળીને ઊજવવા માટે કોઇ મેગા આયોજન નહોતું થતું. આ બાબતને ધ્યાનમાં રાખીને શિંદેસાહેબે ડોંબિવલી રાસ રંગ હેઠળ શરૂ કર્યું અને તહેવારપ્રેમીઓ ઘરઆંગણે નવરાત્રિ માણતા થયા. નવરાત્રિમાં ગયા વર્ષથી ઢોલકિંગ નૈતિક નાગડા અને તેમનો દીકરો હિયાન નાગડા ડોંબિવલી રાસ રંગમાં જોડાયા ત્યાર પછી ડોંબિવલીવાસીઓના આનંદમાં બમણો વધારો થયો છે. આટલું સરસ આયોજન થતું હોવાને કારણે ડોંબિવલીના બધા રસ્તાઓ રાત્રિના ડીએનસી સ્કૂલ ગ્રાઉન્ડ બાજુ જતા હોય છે.

નૈતિક નાગડા તેના પ્રિન્સ હિયાન નાગડા અને ૩૨ સાજિંદાની ટીમ સાથે દરરોજ કશુંક નવું આપવાના ભાવ સાથે પોતે વિવિધ વેશભૂષામાં નવરાત્રિ પટાંગણમાં ઊમટેલા મહેરામણને ખુશ કરી દે છે. તેની સાથે સોરઠિયો અવાજ ધર્મેશ બારોટ, ચુલબુલી દિયા જોશી, કોશા પંડ્યા, વિરલ સુરાણા અને અક્ષય કાંબળે નિતનવા અંદાજમાં તળપદાં ગીતો રજૂ કરીને સૌન આશ્ચર્યચકિત કરી દે છે. દરરોજ ખેલૈયાઓમાં સ્પર્ધાત્મક રાઉન્ડ હોય છે, જેમાં સારા ખેલૈયાઓ પાસ કરીને અઢળક ઈનામો આપવામાં આવે છે. ■



# સૂર્યા એકદમ શાંત કૅપ્ટનઃ મયંક યાદવ અને નીતીશ કુમારે પ્રશંસા કરતા કહ્યું

ગ્વાલિયરઃ ભારતના ઝડપી બોલર મયંક યાદવ અને નીતીશ કુમાર રેડ્ડી બાંગ્લાદેશ સામેની પ્રથમ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ભારત માટે ડેબ્યૂ કરતા પહેલા થોડા નર્વસ હતા પરંતુ તેઓએ કહ્યું કે કેપ્ટન સૂર્યકુમાર યાદવે તેમને સતત પ્રોત્સાહિત કર્યા જેનાથી તેમને શાંત રહેવામાં મદદ મળી હતી. મયંક ૨૨ અને નીતીશ ૨૧ વર્ષના છે અને તેઓએ તેમની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચમાં તમામને પ્રભાવિત કર્યા હતા.




ફાસ્ટ બોલર મયંકે આ વર્ષે આઇપીએલમાં પોતાની સ્પીડથી ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચ્યું હતું, પરંતુ તેના પેટના સ્નાયુઓ ખેંચાઇ જતા તે આ ટૂર્નામેન્ટમાં માત્ર ચાર મેચ જ રમી શક્યો હતો. તેણે તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચમાં ચાર ઓવરમાં ૨૧ રન આપીને એક વિકેટ લીધી હતી. નીતીશે પણ ૧૫ બોલમાં અણનમ ૧૬ રન કર્યા હતા. ભારતે આ મેચ સાત વિકેટે જીતી લીધી હતી.

મયંકે કહ્યું હતું કે, તે (સૂર્યકુમાર) તમને સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે. તેમણે મને કહ્યું કે તને જે ગમે છે તે રીતે બોલિંગ કર. કોઈપણ ઝડપી બોલર માટે આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, ખાસ કરીને જ્યારે તમે તમારી પ્રથમ મેચ રમી રહ્યા હોવ.

નીતીશે પણ સૂર્યકુમારની પ્રશંસા કરી અને કહ્યું હતું કે, તે ખૂબ જ શાંત કેપ્ટન છે. તે ખૂબ જ સારી કેપ્ટનશિપ કરી રહ્યો છે. તેમણે અમારા પર કોઈપણ પ્રકારનું દબાણ આવવા દીધું ન હતું. અમે અમારી પ્રથમ મેચ રમી રહ્યા હતા અને થોડા નર્વસ હતા પરંતુ તેઓએ અમને મરજી પ્રમાણે રમવાની મંજૂરી આપી હતી. કોઈપણ ખેલાડી તેના કેપ્ટન પાસેથી આ જ ઈચ્છે છે. ચાર મહિના બહાર રહ્યા બાદ મયંક પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ રમતા પહેલા ભાવુક થઈ ગયો હતો. તેણે કહ્યું હતું કે, મારા માટે તે યાદગાર ક્ષણ હતી. જ્યારે મને ખબર પડી કે હું મારું ડેબ્યૂ કરવા જઈ રહ્યો છું, ત્યારે છેલ્લા ચાર મહિનાનો આખો માહોલ મારી નજર સામે આવી ગયો હતો. ફાસ્ટ બોલરે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત મેડન ઓવરથી કરી હતી અને તેણે પોતાની બોલિંગમાં સુધારો કરવાનો શ્રેય બોલિંગ કોચ મોર્ને મોર્કેલને આપ્યો હતો. નીતીશે કહ્યું કે ભારત માટે રમવું એક સ્વપ્ના સાકાર થવા જેવું છે. ■

# ૧૮૦ રનનો લક્ષ્યાંક આપવાનું તો અમારા બેટ્સમેન શીખ્યા જ નથીઃ બાંગ્લાદેશી કૅપ્ટન

ગ્વાલિયરઃ બાંગ્લાદેશના કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોએ સ્વીકાર કર્યો હતો કે તેમની ટીમ જાણતી નથી કે ટી૨૦ ક્રિકેટમાં નિયમિતપણે ૧૮૦થી વધુ રન કેવી રીતે કરી શકાય. છેલ્લા કેટલાક સમયથી બેટિંગ બાંગ્લાદેશની નબળી કડી રહી છે. તેમના બેટ્સમેનો ખાસ કરીને પાવર પ્લેમાં સારું પ્રદર્શન કરી શક્યા નથી. ભારત સામેની પ્રથમ ટી-૨૦ મેચમાં પણ તેના બેટ્સમેનોને પ્રથમ છ ઓવરમાં બે વિકેટ ગુમાવી ૩૯ રન કર્યા હતા. તેની ટીમ માત્ર ૧૨૭ રન કરી શકી હતી. ભારતે માત્ર ૧૧.૫ ઓવરમાં લક્ષ્યાંક હાંસલ કરીને શ્રેણીમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી હતી.



શાંતોએ મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, અમારી પાસે ક્ષમતા છે, પરંતુ અમારા પ્રદર્શનમાં સુધારો કરવાની જરૂર છે. અમે છેલ્લાં ૧૦ વર્ષથી આવી જ બેટિંગ કરી રહ્યા છીએ. કેટલીકવાર અમે સારું પ્રદર્શન કરીએ છીએ. આપણે કેટલાક ફેરફારો કરવા પડશે.

શાંતોએ કહ્યું હતું કે, ''ઘરઆંગણે અમે એવી પિચો પર રમીએ છીએ જેના પર સ્કોર માત્ર ૧૪૦-૧૫૦ છે. અમારા બેટ્સમેનોને ખબર નથી કે ૧૮૦ રન કેવી રીતે કરી શકાય. હું માત્ર પિચને દોષિત ઠેરવીશ નહીં, અમારે અમારી કુશળતા અને માનસિકતા પર પણ કામ કરવું પડશે.'' અમારી ટીમ સારી છે પરંતુ અમે લાંબા સમયથી આ ફોર્મેટમાં સારું પ્રદર્શન કરી શક્યા નથી. મને નથી લાગતું કે અમારી ટીમ એટલી ખરાબ છે. તેણે કહ્યું હતું કે , પાવર પ્લે ચોક્કસપણે અમારા માટે ચિંતાનો વિષય છે. અમારે પ્રથમ છ ઓવરમાં વિકેટ બચાવીને રન કરવા પડશે. જો આવું ન થાય તો પછીના બેટ્સમેનો માટે પરિસ્થિતિ પડકારરૂપ બની જાય છે. પાવર પ્લેમાં બેટિંગ કરતા અમારા ખેલાડીઓએ વધુ જવાબદારી લેવી પડશે. ■

# ચેમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાનમાં, અને ભારત પણ આવશેઃ પીસીબી

લાહોરઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના અધ્યક્ષ મોહસિન નકવીએ સોમવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે દેશમાં આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરવામાં આવશે અને કટ્ટર હરીફ ભારત સહિતની તમામ ટીમો ટુર્નામેન્ટમાં ભાગ લેશે.



ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે જ્યારે ફાઇનલ ૯ માર્ચે રમાશે. લાહોર, કરાચી અને રાવલપિંડીને સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ રાજકીય સંબંધોને કારણે ભારતે જુલાઈ ૨૦૦૮થી પોતાની ટીમ પાકિસ્તાન મોકલી નથી.

નકવીએ કહ્યું હતું કે, ભારતીય ટીમે આવવું જોઈએ. મને નથી લાગતું કે તેઓ તેમનો પ્રવાસ રદ કરશે અથવા મુલતવી રાખશે. અમને વિશ્વાસ છે કે અમે ચેમ્પિયન્સ ટ્રોફીમાં તમામ ટીમોનું પાકિસ્તાનમાં સ્વાગત કરીશું.

તેમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાન ભારત સહિત તમામ ટીમોની યજમાની કરવા માટે તૈયાર છે અને નકવીએ કહ્યું કે, ''સ્ટેડિયમ પણ સમયસર મેચોની યજમાની કરવા માટે તૈયાર હશે.'' ■

# શ્રીલંકન ક્રિકેટ બોર્ડનો મોટો નિર્ણય, સનથ જયસૂર્યાને બનાવ્યો મુખ્ય કોચ

કોલંબો : શ્રીલંકાના ક્રિકેટ બોર્ડે મોટો નિર્ણય લીધો હતો. ભૂતપૂર્વ કેપ્ટન અને અનુભવી બેટ્સમેન સનથ જયસૂર્યાની ટીમના મુખ્ય કોચ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જયસૂર્યા છેલ્લા કેટલાક સમયથી ટીમ સાથે હતા, પરંતુ તેઓ વચગાળાના કોચ તરીકે જોડાયા હતા. જોકે, તેમની નિમણૂક બાદ ટીમના શાનદાર પ્રદર્શનથી ખુશ શ્રીલંકન ક્રિકેટ બોર્ડે તેમને કાયમી ભૂમિકા આપી છે. શ્રીલંકા ક્રિકેટે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેની પુષ્ટી કરી હતી.



શ્રીલંકાના ક્રિકેટ બોર્ડે લખ્યું હતું કે સનથ જયસૂર્યાને રાષ્ટ્રીય ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. શ્રીલંકા ક્રિકેટની કાર્યકારી સમિતિએ ભારત, ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ સામેની તાજેતરની શ્રેણીમાં ટીમના સારા પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. આ તમામ શ્રેણીમાં વચગાળાના મુખ્ય કોચ તરીકે જયસૂર્યા જવાબદારી સંભાળી રહ્યા હતા. આ નિમણૂક ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજથી અમલી બની હતી અને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી તેઓ કોચ રહેશે.

શ્રીલંકાની ટીમે કોચ તરીકે જયસૂર્યાના માર્ગદર્શન હેઠળ શાનદાર પ્રદર્શન કર્યું છે. પૂર્વ કેપ્ટનના કાર્યકાળની શરૂઆત ભારત સામેની ટી-૨૦ અને વન-ડે સીરિઝથી થઈ હતી. વન-ડે સીરિઝમાં શ્રીલંકાની ટીમને ચોંકાવી દીધી હતી. શ્રીલંકાએ વનડે શ્રેણીમાં ભારતને ૨-૧થી હરાવ્યું હતું. આ પછી શ્રીલંકાની ટીમે ઈંગ્લેન્ડનો પ્રવાસ કર્યો, જ્યાં તેણે ઈતિહાસ રચ્યો અને ઓવલમાં ત્રીજી ટેસ્ટ જીતી હતી. ત્યારબાદ શ્રીલંકાએ ઘરઆંગણે ન્યૂઝીલેન્ડને ખરાબ રીતે હરાવ્યું અને બે મેચની ટેસ્ટ શ્રેણી ૨-૦થી જીતી લીધી.

# યુવરાજ સિંહે ખરીધો લકઝરી ફ્લેટ, વિરાટ કોહલીનો બન્યો પડોશી

મુંબઇઃ ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહ અને પત્ની હેઝલ કીચે માયાનગરી મુંબઇમાં તેમનું નવું ઘર ખરીદ્યું છે.

યુવરાજ સિંહનો આ લક્ઝરી ફ્લેટ એ જ બિલ્ડિંગમાં આવેલો છે જેમાં વિરાટ કોહલી-અનુષ્કા શર્મા પણ ફ્લેટ ધરાવે છે.

યુવરાજ સિંહનો ફ્લેટ વિરાટના ઘર કરતા બમણો છે. વિરાટ કોહલીના ફ્લેટની કિંમત ૩૪ કરોડ રૂપિયા છે. કોહલી આ બિલ્ડિંગના ૩૫મા માળે રહે છે.

યુવરાજ અને હેઝલનો ફ્લેટ ૨૯મા માળે આવેલો છે. યુવરાજના આ નવા ફ્લેટની કિંમત ૬૪ કરોડ રૂપિયા છે. યુવીના આ ફ્લેટમાં ઘણી સુવિધાઓ છે અને તે ૧૬ હજાર સ્કવેર ફૂટમાં ફેલાયેલો છે.

લક્ઝરિયસ લાઇફ સ્ટાઇલના શોખીન યુવી અને હેઝલે ઘરનું ઇન્ટિરિયર અદ્ભુત કર્યું છે. તેમણે નવા ફ્લેટના લિવિંગ રૂમને મોંઘા પેઇન્ટિંગથી સજાવ્યો છે.

તેમના ઘરની બાલ્કનીમાંથી તમે મુંબઇ શહેરનો નઝારો જોઇ શકો છો અને ઠંડી હવા પણ માણી શકો છો, જે તમારા દિલ દિમાગ બંનેને તાજા કરી દે. ■



યુવી અને હેઝલને ગેમ્સનો ઘણો શોખ છે અને તેમના બિલ્ડિંગમાં અલગથી ગેમ ઝોન છે અને સ્વિમિંગ પૂલ જેવી લક્ઝરી સુવિધાઓ આપવામાં આવી છે. યુવરાજ અને હેઝલના નવા ફ્લેટનો બેડરૂમ પણ સુંદર રીતે સજાવેલો છે. બેડરૂમની દીવાલોને વાઇટ રંગથી રંગવામાં આવી છે અને ચમકદાર માર્બલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પ્રોપર્ટીની વાત કરીએ તો યુવરાજ સિંહ અગણિત પ્રોપર્ટીનો માલિક છે. માત્ર મુંબઈ જ નહીં પરંતુ યુવરાજ સિંહ પાસે ઘણી જગ્યાએ આલીશાન ઘર છે. તેણે પ્રોપર્ટીમાં ઘણું રોકાણ કર્યું છે. યુવરાજ સિંહની ગુરુગ્રામમાં પ્રોપર્ટી છે. યુવરાજ સિંહનું ઘર અહીં ડીએલએફ સિટીમાં છે.

આ ઉપરાંત તેની પાસે છતરપુરમાં ફાઈવ બીએચકે પેન્ટહાઉસ પણ છે. આ સિવાય પંચકુલામાં યુવરાજનો બંગલો પણ છે. યુવીના લગ્ન સમયે આ જ બંગલામાં ડોલી સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે યુવી પાસે આટલી બધી પ્રોપર્ટી હોવાથી તે તેના નવા ફ્લેટમાં રહેવા માટે આવશે કે માત્ર રોકાણ માટે જ તેણે આ પ્રોપર્ટી ખરીદી છે એ જાણવા મળ્યું નથી. ■

# પંકજ અડવાણીએ જીત્યું સિંગાપોર ઓપન બિલિયર્ડ્સનું ટાઇટલ

નવી દિલ્હીઃ ભારતના સ્ટાર બિલિયર્ડ ખેલાડી પંકજ અડવાણીએ સિંગાપોરમાં સ્થાનિક સ્પર્ધક જેડેન ઓંગને ૫-૧થી હરાવીને સિંગાપોર ઓપન બિલિયર્ડ્સ ટાઈટલ જીત્યું હતું. ફાઈનલ સુધીની તેની સફરમાં પંકજે ક્વાર્ટર ફાઈનલમાં ભૂતપૂર્વ આઇબીએસએફ વર્લ્ડ સ્નૂકર ચેમ્પિયન ડેચાવત પૂમચેઈંગને હરાવ્યો હતો.



ફાઇનલમાં અડવાણીએ પ્રથમ બે ફ્રેમ જીતી હતી પરંતુ તે પછી ઓંગે ફ્રેમ જીતીને મેચમાં વાપસી કરવાનો પ્રયાસ કર્યો હતો. અડવાણી ચોથી ફ્રેમમાં શાનદાર રમ્યો હતો. અડવાણીએ પાંચમી ફ્રેમમાં ૭૪-૬થી જીત મેળવીને ટાઈટલ જીત્યું હતું. હવે આવતા મહિને પંકજ અડવાણી દોહામાં પોતાના વર્લ્ડ બિલિયર્ડ ટાઈટલનો બચાવ કરશે. ■

# ભારતની સ્ટાર મહિલા જિમ્નેસ્ટ દીપા કર્માકરે લીધી નિવૃત્તિ, રિયો ઓલિમ્પિકમાં ચૂકી ગઇ હતી મેડલ

નવી દિલ્હીઃ ભારતની સ્ટાર જિમ્નાસ્ટ દીપા કર્માકરે નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પોતાના ફેન્સને નિવૃત્તિની જાણકારી આપી હતી.



આ વર્ષે જ દીપા કર્માકર એશિયન ચેમ્પિયનશિપ જીતનારી પ્રથમ ભારતીય જિમ્નાસ્ટ બની હતી. નોંધનીય છે કે રિયો ઓલિમ્પિકમાં ચોથા સ્થાને રહેલી દીપાએ ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં જિમ્નાસ્ટિક્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. કોમનવેલ્થ ગેમ્સમાં આવું કરનારી તે પ્રથમ ભારતીય પણ બની હતી.

દીપાએ રિયો ઓલિમ્પિક ૨૦૧૬માં જોરદાર પ્રદર્શન કર્યું હતું, પરંતુ તે ચોથા સ્થાને રહીને મેડલ જીતવાથી ચૂકી ગઈ હતી. જો કે, ૨૦૧૮માં તેણીએ તુર્કીના મર્સિનમાં એફઆઇજી આર્ટિસ્ટિક જિમ્નેસ્ટિક્સ વર્લ્ડ ચેલેન્જ કપની વોલ્ટ સ્પર્ધામાં દેશ માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આવું કરનાર તે ભારતની પ્રથમ જિમ્નાસ્ટ બની હતી.

૩૧ વર્ષની દીપા કર્માકરને ગોલ્ડન ગર્લ તરીકે પણ ઓળખવામાં આવે છે.

ત્રિપુરાની દીપા કર્માકર ભારતીય જિમ્નેસ્ટિક્સમાં એક ટોચની ખેલાડી છે. જેણે ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં વોલ્ટ ઇવેન્ટમાં ચોથું સ્થાન હાંસલ કર્યું હતું. તેણીએ લીપ જિમ્નાસ્ટિક્સ ફેસિલિટીની મુલાકાત લીધી અને યુવાનોને તેના પગલે ચાલવા માટે પ્રેરણા આપી હતી.

દીપાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા નિવૃત્તિની જાહેરાત કરી હતી. એક પોસ્ટમાં દીપાએ પોતાની પીડા પણ વ્યક્ત કરી હતી. તેણે કહ્યું હતું કે, 'ઘણા વિચાર કર્યા પછી મેં નક્કી કર્યું છે કે હું જિમ્નાસ્ટિક્સમાંથી નિવૃત્તિ લઈ રહી છું. આ નિર્ણય સરળ રહ્યો નથી. પરંતુ હવે યોગ્ય સમય આવી ગયો છે.

દીપાએ આગળ લખ્યું હતું કે, જિમ્નેસ્ટિક્સ મારા જીવનનો સૌથી મોટો હિસ્સો રહ્યો છે.

મને યાદ છે કે ૫ વર્ષની દીપા જેને કહેવામાં આવ્યું હતું કે સપાટ પગના કારણે તે ક્યારેય જિમ્નાસ્ટ બની શકતી નથી. આજે હું સિદ્ધિઓ જોઈને ખૂબ જ ગર્વ અનુભવું છું. દીપાએ પત્રમાં પોતાના બાળપણની વાત પણ કહી છે. સાથે જ પોતાની પોસ્ટમાં દીપાએ પોતાની નિવૃત્તિનું કારણ પણ આપ્યું છે. તેણે લખ્યું હતું કે, 'એશિયન જિમ્નેસ્ટિક ચેમ્પિયનશિપ તાશ્કંદમાં મારી છેલ્લી જીત એક ટર્નિંગ પોઈન્ટ હતી. ત્યાં સુધીમાં મને લાગ્યું કે હું મારા શરીરને વધુ આગળ ધપાવી શકીશ. પરંતુ ક્યારેક આપણું શરીર આપણને કહે છે કે આરામ કરવાનો સમય આવી ગયો છે. પણ દિલ હજુ પણ સહમત નથી. ■

# પેરિસ ઓલિમ્પિકની નિરાશા બાદ વાપસી કરશે પીવી સિંધૂઃ લક્ષ્ય સેન આર્કટિક ઓપનમાં રમશે

નવી દિલ્હીઃ પેરિસ ઓલિમ્પિકમાં મેડલ જીતવામાં નિષ્ફળ રહેલા ભારતના સ્ટાર ખેલાડીઓ પીવી સિંધુ અને લક્ષ્ય સેન મંગળવારથી શરૂ થઈ રહેલી આર્કટિક ઓપન સુપર ૫૦૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાંથી આંતરરાષ્ટ્રીય સ્તરે વાપસી કરશે. ઓલિમ્પિક બાદ સિંધુ અને સેન માટે આ પ્રથમ ટૂર્નામેન્ટ હશે.

સિંધુએ ઇન્ડોનેશિયાના તેના અગાઉના કોચ અગસ ડ્વી સેન્ટોસો સાથેના સંબંધો તોડી નાખ્યા અને ભારતના અનુપ શ્રીધર અને કોરિયન દિગ્ગજ લી સ્યૂન ઇલને તેના નવા કોચ તરીકે નિયુક્ત કર્યા હતા. બીજી તરફ, સેને તેની ફિટનેસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

દરમિયાન તેણે તેનો મોટાભાગનો સમય ઓસ્ટ્રિયામાં રેડ બુલ એરેનામાં વિતાવ્યો હતો.

આર્કટિક ઓપનમાં સિંધુનો પ્રથમ મુકાબલો કેનેડાની મિશેલ લી સામે થશે જ્યારે ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ મેચ હારી ગયેલા સેનનો મુકાબલો ડેન્માર્કની રાસમસ ગેમકે સામે થશે. જો બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા સિંધુ પ્રથમ મેચ જીતી લેશે તો તેનો સામનો ૨૦૨૨ જૂનિયર વર્લ્ડ ચેમ્પિયન ૧૮ વર્ષીય જાપાની ખેલાડી ટોમાકો મિયાઝાકી સામે થઈ શકે છે, જેની સામે તેણી આ વર્ષની શરૂઆતમાં સ્વિસ ઓપનમાં હારી ગઈ હતી.

ઈજાના કારણે ચાર મહિના સુધી મકાઉ ઓપનમાં વાપસી કરનાર કિદામ્બી શ્રીકાંત આર્કટિક ઓપનમાં પણ રમવા ઉતરશે. તે કિરણ જ્યોર્જ અને સતીશ કુમાર કરુણાકરન સાથે ક્વોલિફાયરમાંથી પોતાનું અભિયાન ચાલુ રાખશે. ક્વોલિફાયર્સમાં ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન શ્રીકાંતનો સામનો જ્યોર્જ સામે થશે, જ્યારે સતીશનો મુકાબલો ફ્રાન્સના આર્નોડ મર્કલે સામે થશે.

સિંધુ ઉપરાંત માલવિકા બંસોડ અને આકર્ષી કશ્યપ પણ મહિલા સિંગલ્સમાં રમવા ઉતરશે. ચાઇના ઓપન સુપર ૧૦૦૦ની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચેલી માલવિકાનો પ્રથમ રાઉન્ડમાં ચાઇનીઝ તાઇપેની ત્સુંગ શુઓ યુન સામે ટકરાશે. ■

# વર્લ્ડ જૂનિયર શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતે પુરુષોની ૫૦ મીટર પિસ્તોલ સ્પર્ધામાં જીત્યો ગોલ્ડ

નવી દિલ્હીઃ દીપક દલાલ (૫૪૫), કમલજીત (૫૪૩) અને રાજ ચંદ્રા (૫૨૮)ની ભારતીય ટીમે પેરુની રાજધાની લીમામાં વર્લ્ડ જૂનિયર શૂટિંગ ચેમ્પિયનશિપના અંતિમ દિવસે પુરુષોની ૫૦ મીટર પિસ્તોલ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતીય ટીમે અઝરબૈજાનને એક પોઈન્ટથી હરાવીને કુલ ૧૬૧૬ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આર્મેનિયાની ટીમ ત્રીજા સ્થાને રહી હતી.

આ રીતે ભારત ૧૩ ગોલ્ડ, ત્રણ સિલ્વર અને આઠ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૨૪ મેડલ સાથે ચેમ્પિયનશિપમાં ટોચ પર છે. ઇટાલી પાંચ ગોલ્ડ, ચાર સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ સાથે બીજા ક્રમે જ્યારે નોર્વે ચાર ગોલ્ડ સહિત કુલ ૧૦ મેડલ સાથે ત્રીજા ક્રમે છે.

ભારતના મુકેશ નેલવલ્લીએ ૫૦ મીટર પિસ્તોલ ઈવેન્ટમાં વ્યક્તિગત બ્રોન્ઝ મેડલ જીત્યો, જે તેનો ટુનામેન્ટનો છઠ્ઠો મેડલ છે. તેણે ૫૪૮ માર્ક્સ મેળવીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું. અઝરબૈજાનના ઈમરાન ગારાયેવે ૫૫૨ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

મહિલાઓની ૫૦ મીટર પિસ્તોલમાં પરિશા ગુપ્તાએ ૫૪૦ના સ્કોર સાથે વ્યક્તિગત સિલ્વર મેડલ જીત્યો હતો. હંગેરીની મિરિયમ જાકોએ ૫૪૬ પોઈન્ટ મેળવ્યા જે જૂનિયર વર્લ્ડ રેકોર્ડ છે.

આ ઈવેન્ટમાં ટીમ કેટેગરીમાં ભારતની સેજલ કાંબલે (૫૨૯), કેતન (૫૨૫) અને કનિષ્ક ડાગર (૫૧૩)એ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અઝરબૈજાનની ટીમે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ઈવેન્ટમાં ભાગ લેનારી પાંચમી ભારતીય દિવ્યાંશી ૫૨૩ પોઈન્ટ સાથે આઠમા ક્રમે રહી હતી.

છેલ્લા દિવસની અન્ય ઈવેન્ટમાં શાર્દુલ વિહાન અને સબીરા હેરિસે જૂનિયર મિક્સ્ડ ટીમ ટ્રેપ ઈવેન્ટમાં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો. શાર્દુલ (૭૧) અને સબીરા (૬૭)એ કુલ ૧૩૮નો સ્કોર હાંસલ કર્યો હતો. ચેક રિપબ્લિકે ગોલ્ડ મેડલ અને ઈટાલીએ સિલ્વર મેડલ જીત્યો હતો.આ ઈવેન્ટમાં ઝુહૈર ખાન અને ભાવ્યા ત્રિપાઠીની બીજી ભારતીય જોડીએ કુલ ૧૩૪ના સ્કોર સાથે સંયુક્ત છઠ્ઠું સ્થાન હાંસલ કર્યું હતું. ■

# ઈંગ્લેન્ડ સામે પ્રથમ ટેસ્ટમાં પ્રથમ દિવસે મજબૂત સ્થિતિમાં પાકિસ્તાન, ૩૨૮માં ગુમાવી ચાર વિકેટ

મુલતાનઃ મુલતાનમાં પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસના અંતે પાકિસ્તાન મજબૂત સ્થિતિમાં પહોંચી ગયું છે. દિવસની રમતના અંત સુધીમાં પાકિસ્તાને પ્રથમ દાવમાં ચાર વિકેટે ૩૨૮ રન કર્યા હતા. દિવસના અંતે સઈદ શકીલ ૩૫ રન અને નસીમ શાહ ખાતું ખોલાવ્યા વિના ક્રિઝ પર હતા. પાકિસ્તાનના કેપ્ટન શાન મસૂદે ઇંગ્લેન્ડ સામે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જોકે, ગુસ એટકિન્સને ઓપનર સૈમ અયુબને આઉટ કરીને પાકિસ્તાનને પ્રથમ ઝટકો આપ્યો હતો. શરૂઆતના આંચકા બાદ અબ્દુલ્લાહ શફીક અને કેપ્ટન શાન મસૂદે શાનદાર ભાગીદારી કરીને પાકિસ્તાનને મોટા સ્કોર તરફ લઇ ગયા હતા. જોકે ૧૦૨ રન કરીને શફીક પેવેલિયન પરત ફર્યો હતો. થોડા સમય બાદ જેક લીચે મસૂદને પોતાનો શિકાર બનાવ્યો અને પાકિસ્તાનને ત્રીજો ઝટકો આપ્યો હતો. મસૂદ ૧૫૧ રન કરીને આઉટ થયો હતો. ત્યારપછી પૂર્વ કેપ્ટન બાબર આઝમે શકીલ સાથે મળીને ભાગીદારી કરી હતી, પરંતુ દિવસની રમત પૂરી થાય તેના થોડા સમય પહેલા ક્રિસ વોક્સે બાબરને આઉટ કર્યો હતો જે ૩૦ રન કરીને પેવેલિયન પરત ફર્યો હતો. ■

# તન-મન-ધનથી રહો તરોતાજા




## નિવૃત્તિકાળનું ડ્રેસ રિહર્સલ

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

**આર. રાજન** છેલ્લા છ મહિનાથી પ્રસન્નતાપૂર્ણ નિવૃત્તજીવન ગાળી રહ્યા હતા. એક રાતે અચાનક એમને છાતીમાં દુખાવો ઉપડ્યો. ચેક અપ કરાવ્યું તો ખબર પડી કે હાર્ટ સર્જરી કરાવવી પડે એમ છે. એમના જીવનની સામે કોઈ જોખમ ન હતું, પણ એ જો ઓપરેશન કરાવી લે તો પહેલાં જેવા જ થઈ જશે એમ ડોક્ટરે કહ્યું. જો કે, સર્જરીનો ખર્ચ ઘણો મોટો હતો. સારવાર ઘણી જ સારી રીતે થઈ અને વડીલની તબિયત પહેલાં જેવી થઈ ગઈ. આમ છતાં નિવૃત્તિકાળનો આનંદ માણવા જેવી સ્થિતિ રહી નહીં. એમણે નિવૃત્તિજીવન માટે જે રકમ ફાળવી રાખી હતી તેમાંથી મોટો હિસ્સો ઓપરેશન પાછળ ખર્ચાઈ ગયો હતો.

અહીં નાણાકીય સલાહકારની દૃષ્ટિએ મારે કહેવું પડે કે આરોગ્યની તકલીફોને પહોંચી વળાય એટલી તૈયારી આર. રાજને કરી ન હતી. આવું તો મોટાભાગના કિસ્સામાં થતું હોય છે. મારો અનુભવ કહે છે કે લોકો મુખ્યત્વે નાણાકીય આયોજન કરે છે અને તેમાંય રોકાણ પર જ ધ્યાન આપે છે. નિવૃત્તિના આયોજનમાં બીજાં કેટલાંક અગત્યનાં પાસાં તરફ દુર્લક્ષ કરવામાં આવે છે. નિવૃત્તિનું આયોજન કરતી વખતે ઘણાં પાસાં ધ્યાનમાં લેવાં પડે છે. તેમાં આરોગ્ય વીમો, ઘર, મગજને પ્રવૃત્તિમય રાખવું, વગેરે બાબતનો સમાવેશ થાય છે. આ બધીનું આયોજન નિવૃત્તિ પહેલાં જ કરી રાખવાનું હોય છે.

કોઈ પણ કાર્યક્રમ પહેલાં કરવામાં આવતા ડ્રેસ રિહર્સલ જેવી જ આ વાત છે. કંપની તરફથી આરોગ્ય વીમો ધરાવતા પગારદાર લોકો સામે બે વિકલ્પ હોય છેઃ

૧) નોકરી પૂરી થયા પછી પોતાના પૈસે પ્રીમિયમ ભરીને આરોગ્ય વીમો ચાલુ રાખી શકાશે કે કેમ એ વિશે સંબંધિત વીમા કંપની પાસે પૂછપરછ કરી લેવી. જો એ વીમો ચાલુ રાખી શકાતો હોય તો ઉત્તમ.

૨) જો પહેલો વિકલ્પ ઉપલબ્ધ ન હોય તો નિવૃત્તિનાં ઓછામાં ઓછાં પાંચ વર્ષ પહેલાં અલગ અલગ આરોગ્ય વીમો કઢાવી લેવો.

પોતાનું કામકાજના કે ધંધો ધરાવતા લોકોએ પોતાની જે પોલિસી ચાલતી હોય તે ચાલવા દેવી. આરોગ્ય વીમામાં રાબેતા મુજબના મુદ્દાઓને આવરી લેવા ઉપરાંત બજારમાં મળતાં વિવિધ ટોપ અપમાંથી યોગ્ય ટોપ અપની પસંદગી કરવી.

આરોગ્ય વીમા માટે આટલું કર્યા બાદ નિવૃત્તિકાળના ઘર વિશે વિચાર કરવો. પગારદાર વ્યક્તિએ આ વિશે વધુ તૈયારી કરવી પડતી હોય છે. જે વ્યક્તિ કંપનીએ આપેલા ઘરમાં રહેતી હોય એણે નિવૃત્તિ બાદ જ્યાં રહેવાનું હોય તે જગ્યાએ નિવૃત્તિનાં ઓછામાં ઓછા બે વર્ષ પહેલાં જ ઘર લઈ લેવું.

નિવૃત્તિકાળમાં જે રીતે જીવનના એક તબક્કામાંથી બીજા તબક્કામાં પ્રવેશ કરવાનો હોય છે, એવું જ એકમાંથી બીજા ઘરમાં જવાનું છે. આ બન્ને સંક્રમણ એક સાથે સંભાળવાનું ઘણું મુશ્કેલ હોય છે. આથી નિવૃત્તિકાળ આવે તેની પહેલાં જ ઘરની વ્યવસ્થા કરી લેવી જોઈએ.

આરોગ્ય વીમો અને ઘરની તૈયારી કરી લીધા બાદ વ્યક્તિએ નિવૃત્તિ પછીનો સમય કેવી રીતે વિતાવવાનો છે તેના વિશે વિચાર કરી લેવો જોઈએ. જે માણસે આખી જિંદગી મહેનત કરી હોય-જે સતત વ્યસત રહ્યા હોય એમને એકલા ઘરે બેસી રહેવાનું ગમતું નથી. નિવૃત્તિના બે- ત્રણ મહિના બાદ લોકોને ઘરમાં નવરા બેસી રહેવાનું જરાય ફાવતું નથી. એ અકળાઈ જાય છે. આથી નિવૃત્તિ થયા પછીની પ્રવૃત્તિઓ વિશે પહેલેથી નિર્ણય લઈ લેવો જોઈએ. જેમને જરૂર હોય અને તન -મન સાથ આપતું હોય તો એ પાર્ટ ટાઈમ કામકાજ કરી શકે છે. આ રીતે મન પરોવાયેલું રહેશે અને થોડી આવક પણ થશે.

હા, જેમને નાણાંની જરૂર ન હોય એ કોઈ સખાવતી સંસ્થા કે સ્વૈચ્છિક સંસ્થામાં માનદ્ સેવા આપી શકે છે. આ રીતે પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ જનકલ્યાણનાં કાર્યમાં આપી શકાય છે. દરેક વ્યક્તિને પોતપોતાની પસંદ-નાપસંદ હોય છે. આથી પોતાને જે માફક આવે એવા પ્રકારનું કામ કરવું જોઈએ. તંદુરસ્ત માણસે નવરા બેસવું નહીં, કારણ કે આપણી કહેવત પ્રમાણે 'ખાલી મગજ શેતાનનું ઘર હોય છે....'

હવે થોડી હળવી વાત. એક વડીલને ઘણું ઓછું સંભળાતું હતું. શ્રવણયંત્ર લેવા માટે એ ડોક્ટર પાસે ગયા. શ્રવણયંત્રથી એમને પહેલાની જેમ જ સંભળાવાનું હતું. એક મહિના બાદ એ તપાસ કરાવવા માટે ફરી ડોક્ટર પાસે ગયા. ડોક્ટરે કહ્યું: 'તમને હવે બધું બરાબર સંભળાય છે. તમારા પરિવારજનો ખરેખર ખુશ હશે કે તમે ફરી પાછા સાંભળતાં થઈ ગયા...'

વડીલે જવાબ આપ્યો : 'મેં ઘરમાં કોઈને કહ્યું જ નથી. હું કંઈ જ સંભળાતું નહીં હોવાનો ડોળ કરીને બધું જ સાંભળતો હોઉં છું. આ એક મહિનામાં મેં મારું વસિયતનામું ત્રણવખત બદલી કાઢ્યું છે!' ■



feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

## દુનિયામાં ફરી એક નવા વાઈરસના ભણકારા

### ચાલો, જાણી લઈએ આ વાઈરસ વિશે

**દુનિયામાં** કોવિડના રોગચાળા પછી એક અથવા બીજા રોગચાળાની આશંકાઓ છાશવારે સામે આવતી રહે છે. હજી તો મંકિપોક્સના જોખમમાંથી દુનિયા પૂર્ણપણે મુક્ત થઇ નથી, ત્યાં એક નવો વાઈરસ દુનિયાના દરવાજે ટકોરા મારી રહ્યો છે. આ વાઈરસનું નામ છે મારબર્ગ વાઈરસ. શું છે આ નવો વાઈરસ? કેટલો જોખમી છે આ વાઈરસ? દુનિયામાં રોગચાળો ફેલાવાનું કેટલું જોખમ છે? શું ભારત પણ તેના ભરડામાં આવી શકે? ચાલો જાણીએ.

રવાંડાના આરોગ્ય પ્રધાન, સબિન નસાન્ઝિમાનાએ સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયે જાહેરાત કરી કે, તેમના દેશમાં મારબર્ગ વાઈરસ ફાટી નીકળ્યા પછી છ લોકોના મોત થયા છે. હાલમાં, લગભગ ૨૦ દર્દીઓ, મોટાભાગે આરોગ્યસંભાળ કામદારો, સારવાર લઈ રહ્યા છે. સત્તાવાળાઓ ચેપગ્રસ્ત લોકોના સંપર્કમાં આવી શકે તેવી વ્યક્તિઓને શોધી કાઢવા અને પરીક્ષણ કરવા સક્રિયપણે કામ કરી રહ્યા છે. જ્યારથી આ સમાચાર આવ્યા છે, દુનિયામાં ફરી એકવાર ચિંતા પેઠી છે.

#### શું છે આ મારબર્ગ વાઈરસ?

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના જણાવ્યા અનુસાર મારબર્ગ વાઇરસ રોગ એ અત્યંત વાઇરલ રોગ છે જે હેમરેજિક તાવનું કારણ બને છે,



જેમાં મૃત્યુનું પ્રમાણ ૮૮% જેટલું ઊંચું છે. આ કારણે જ આ વાઈરસ અત્યંત જોખમી હોવાનું કહેવાય છે. આ વાઈરસ પણ એ જ પરિવારમાંથી આવે છે જે ઇબોલા વાઈરસ રોગનું કારણ બને છે. જર્મનીના મારબર્ગ અને ફ્રેન્કફર્ટમાં અને ૧૯૬૭માં બેલગ્રેડ, સર્બિયામાં એક સાથે બે મોટા રોગચાળા ફાટી નીકળવાના કારણે આ રોગની પ્રારંભિક ઓળખ થઈ. યુગાન્ડાથી આયાત કરાયેલા આફ્રિકન લીલા વાંદરાઓ (સેરકોપીથેકસ એથિઓપ્સ)નો ઉપયોગ કરીને પ્રયોગશાળામાં થતા પ્રયોગો સમયે આ રોગચાળો ફાટી નીકળ્યો હતો. એક અળવીતરો વિચાર આવ્યો, કે મોટાભાગના રોગચાળાના મૂળમાં વાંદરા હોય છે, આને જ વાનરવેડા કહેવાતા હશે નહીં!! જોકે, આ રોગના મૂળ માત્ર વાંદરાઓમાં નથી. વાઈરસનો શંકાસ્પદ યજમાન આફ્રિકન ફ્રુટ બેટ (એક પ્રકારનું ચામાચીડિયા) હોવાનું માનવામાં આવે છે, જે લક્ષણો દર્શાવ્યા વિના પેથોજેન વહન કરે છે. રોગનું પ્રસારણ ચામાચીડિયાથી માણસો સહિત અન્યોમાં થઈ શકે છે. એકવાર કોઈ વ્યક્તિ વાઈરસથી સંક્રમિત થઈ જાય, પછી મારબર્ગ ચેપગ્રસ્ત લોકોના લોહી, સ્ત્રાવ, અવયવો અથવા ચેપગ્રસ્ત વ્યક્તિના અન્ય શારીરિક પ્રવાહી, અને સપાટીઓ અને સામગ્રી સાથે સીધા સંપર્ક (તૂટેલી ત્વચા અથવા મ્યુકોસ મેમ્બ્રેન દ્વારા) માનવ-થી-માનવ ટ્રાન્સમિશન દ્વારા ફેલાઈ શકે છે. (દા.ત. પથારી, કપડાં)

#### ચિહ્નો અને લક્ષણો

મારબર્ગ વાઈરસથી પીડિત દર્દીઓ વિવિધ લક્ષણો અનુભવી શકે છે. જેમકે,

- સ્નાયુમાં દુખાવો
- ઉચ્ચ તાવ
- તીવ્ર માથાનો દુખાવો
- ગંભીર અસ્વસ્થતા
- ગંભીર પાણીયુક્ત ઝાડા
- પેટમાં દુખાવો
- ખેંચાણ
- ઊબકા
- ઊલટી

#### મારબર્ગ વાઈરસ માટે ઉપચાર ઉપલબ્ધ છે?

કમનસીબે ઇબોલા પરિવારના આ વાઈરસ માટે હજી સુધી કોઈ ચોક્કસ ઉપચાર શોધાયો નથી. હજી વૈજ્ઞાનિકો આ વાઈરસ વિશેની જાણકારીઓ ભેગી કરીને તેના માટે વીક્સીનેશન માટે પ્રયત્નો કરી રહ્યા છે. પણ ત્યાં સુધી 'ઉપચાર કરતા નિવારણ સારું' જેવો તાલ છે.

#### શું આપણા માટે જોખમ છે?

ભારત માટે અત્યારે તો કોઈ જોખમ દેખાતું નથી. સિવાય કે આ રોગથી સંક્રમિત કોઈ વ્યક્તિ ભારતમાં પ્રવેશ કરે અથવા કોઈ ભારતીય આંતરરાષ્ટ્રીય પ્રવાસમાં કોઈ સંભવિત દર્દીના સંપર્કમાં આવ્યો હોય અને પછી દેશમાં પરત ફરે, પરંતુ કોવિડ રોગચાળાએ આપણને શીખવ્યું છે કે કોઈ પણ નવા રોગને અવગણવો જોઈએ નહીં અને સતર્ક રહેવું જોઈએ. તેથી સ્વચ્છતા અને વ્યક્તિથી વ્યક્તિના સીધા સંપર્કને ટાળવો એ સાવધાની રાખવા જેવી છે. ઉપરાંત, ઉપર જણાવેલાં લક્ષણોને અવગણવાને બદલે તરત ડોક્ટરનો સંપર્ક કરીને કોઈ ગંભીર બીમારીના લક્ષણ તો નથી ને? તે ચકાસી લેવું જોઈએ. ■

# વીમા સુરક્ષાકવચ

## હેલ્થ ઈન્સ્યોરન્સ લેતા પહેલા... ધ્યાનમાં રાખો આ નવ વિશિષ્ટ વાત

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

છેલ્લા લેખમાં આપણે મેડિક્લેમ અને આરોગ્ય વીમાની રકમ નક્કી કરવા માટે છ પરિબળ વિશે જાણ્યું .

આજે હવે આરોગ્ય વીમા પોલિસી ખરીદતી વખતે ધ્યાનમાં રાખવા જેવી મહત્ત્વની વિશેષતાઓ વિશે જાણી લઈએ... જેમ કે, હોસ્પિટલમાં દાખલ થવા પહેલાં અને પછી (પોસ્ટ) હોસ્પિટલમાં દાખલ થવાનો ખર્ચ, ICU ખર્ચ, નો-ક્લેમ બોનસ, કેશલેસ નેટવર્ક હોસ્પિટલમાં દાખલ થવા અને ડોમિસિલરી ટ્રિટમેન્ટ (હોમ હોસ્પિટલમાં દાખલ), વગેરે...

### ૧) રૂમ ભાડાની મર્યાદા

રૂમ ભાડાની મર્યાદા આરોગ્ય વીમાનું એક મહત્ત્વપૂર્ણ પાસું છે. મોટાભાગની પૉલિસી રૂમના ભાડાને વીમાની રકમની ટકાવારી સુધી મર્યાદિત કરે છે, સામાન્ય રીતે લગભગ ૧% અથવા ૨%. ઉદાહરણ તરીકે, જો તમારી વીમાની રકમ ₹૫ લાખ છે તો મર્યાદા અનુક્રમે ₹૫,૦૦૦ અથવા ₹૧૦,૦૦૦ પ્રતિ દિવસ હોઈ શકે છે. જો તમે આ મર્યાદાથી વધુ રકમની રૂમ પસંદ કરો છો તો તમારે સમગ્ર હોસ્પિટલ બિલમાં પ્રમાણસર કપાતનો સામનો કરવો પડી શકે છે. કેટલીક નીતિઓ તમને રાઇડર્સ (ઉપ-કલમ ) ઉમેરીને આ મર્યાદાને અપગ્રેડ કરવાની મંજૂરી આપે છે. આ સુનિશ્ચિત કરવું આવશ્યક છે કે તમારી વીમા પૉલિસી કાં તો રૂમની પસંદગી કરવાની છૂટ (flexibility) પ્રદાન કરે છે અથવા અણધાર્યા ખર્ચને ટાળવા માટે યોગ્ય રૂમ ભાડા સંશોધક સાથે આવે છે.

### ૨) પ્રમાણસર કપાત

જો તમે મર્યાદા કરતાં વધુ ભાડા સાથે રૂમ પસંદ કરો છો, તો વીમાદાતા તમને ભાડામાં તફાવત ચૂકવવા માટે જ નહીં , પણ એકંદર બિલ પર પ્રમાણસર કપાત લાદી શકે છે, જેમાં તબીબી ફી, સર્જરીના ખર્ચ અને અન્ય ખર્ચાઓ આવરી લેવામાં આવે છે.

### ૩) ડે- કેર ટ્રિટમેન્ટ્સ

તબીબી તક્નીકમાં પ્રગતિ સાથે ઘણી સર્જિકલ પ્રક્રિયાને હવે ૨૪-કલાકની હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી. વીમામાં આવી ડે- કેર સારવારને આવરી લેવી જોઈએ, જે સામાન્ય રીતે ૫૦૦ થી ૬૦૦ બીમારી (Ailments) સુધીની હોય છે. આ ક્ષેત્રમાં મર્યાદિત કવરેજ સાથેની નીતિ ખિસ્સા બહારના ખર્ચ તરફ દોરી શકે છે માટે એવી યોજના પસંદ કરવાની સલાહ આપવામાં આવે છે, જેમાં આખા દિવસની સંભાળની સારવાર માટે વ્યાપક કવરેજ શામેલ હોય.

### ૪) સહ-ચુકવણી/કપાતપાત્ર

સહ-ચુકવણી એ ખર્ચ-શેરિંગ કલમ છે, જ્યાં પૉલિસીધારક દાવો કરવા યોગ્ય રકમની પૂર્વ-નિર્ધારિત ટકાવારી માટે જવાબદાર છે. ઉદાહરણ તરીકે, જો તમારી પૉલિસીમાં ૨૦% સહ-પગારનો સમાવેશ થાય છે અને તમે ₹૧ લાખનો દાવો કરો છો તો તમે ₹૨૦,૦૦૦ સહન કરશો, બાકીના ₹૮૦,૦૦૦ને વીમાદાતા કવર કરશે માટે આવા સહ-




ચુકવણી માળખાનું મૂલ્યાંકન કરવું અને તમારી નાણાકીય ક્ષમતા સાથે એ પસંદ કરવું મહત્ત્વપૂર્ણ છે, કારણ કે ઉચ્ચ સહ-ચુકવણીની ટકાવારી તમારા ખિસ્સા બહારના ખર્ચમાં નોંધપાત્ર વધારો કરી શકે છે.

### ૫) વાજબી ને રૂઢિગત શુલ્ક

કોઈ ચોક્કસ ભૌગોલિક વિસ્તારની અંદર તબીબી પ્રક્રિયા અથવા સેવાને લાગુ પડતા શુલ્ક-ફી છે. જો તબીબી સેવાઓનો ચાર્જ આ પ્રદેશમાં સામાન્ય ખર્ચ કરતાં વધી જાય તો વીમા કંપની ઘણીવાર કપાત કરે છે. 'વાજબી અને રૂઢિગત શુલ્ક' કલમ હેઠળ કપાતને બદલે વાસ્તવિક વળતર આપતી નીતિ પસંદ કરો.

### ૬) આધુનિક સારવાર

અમુક અદ્યતન સારવાર હવે વ્યાપકપણે ઓળખાય છે અને એની પેટા-મર્યાદા વિના તમારી આરોગ્ય વીમા પૉલિસી દ્વારા આવરી લેવી જોઈએ. આમાં આવી સારવારનો સમાવેશ થાય છે, જેમ કે...

- ગર્ભાશયની ધમની એમ્બોલાઇઝેશન અને HIFU
- બલૂન સિનુપ્લાસ્ટી
- ડીપ બ્રેન સ્ટીમ્યુલેશન
- રોબોટિક સર્જરી
- ઇમ્યુનોથેરાપી અને ઓરલ કિમોથેરાપી
- ચોક્કસ પરિસ્થિતિઓ માટે સ્ટેમ સેલ ઉપચાર...

હવે ખાતરી કરી લો કે તમારી પૉલિસી આ આધુનિક સારવારોને નિયંત્રણો વિના આવરી લે છે કે નહીં. પુષ્ટિ પણ કરો કે પૉલિસીની શરતો અનુસાર 'અપ્રમાણિત અથવા પ્રાયોગિક સારવાર ' આમાંથી બાકાત છે.

### ૭) ઓછી રાહ જોવાની અવધિ

સ્વાસ્થ્ય વીમા પૉલિસી સામાન્ય રીતે પૂર્વ-અસ્તિત્વમાં રહેલી પરિસ્થિતિ, ચોક્કસ સારવાર (દા.ત., બેરિયાટ્રિક સર્જરી), અથવા માનસિક બીમારી માટે રાહ જોવાનો સમયગાળો લાદે છે, જે સામાન્ય રીતે ૧૨ થી ૩૬ મહિના સુધીનો હોય છે. ટૂંકા વેઇટિંગ પિરિયડ્સવાળી પૉલિસી વધુ ફાયદાકારક છે. વધુમાં, એવા રાઇડર્સને પસંદ કરો કે જે આ રાહ જોવાના સમયગાળાને ઘટાડી શકે, ખાસ કરીને જો તમને અગાઉથી અસ્તિત્વમાં હોય એવી બીમારી હો્ય (Pre existing disease)

### ૮) પુનઃસ્થાપન લાભ

જો તમારા વીમા માટેના ક્લેમને કારણે એ પૉલિસી પૂરી થઈ ગઈ હોય તો વીમો પુનઃસ્થાપન (Restoration benefit) લાભ તમને વીમાની રકમ ફરીથી ભરવાની મંજૂરી આપે છે. અલબત્ત, અમુક પૉલિસીમાં એ સંપૂર્ણ કે આંશિક પુનઃસ્થાપન ઓફર કરે છે તો અન્ય સંબંધિત અથવા અસંબંધિત બીમારી માટે અમર્યાદિત પુનઃસ્થાપનની મંજૂરી આપે છે માટે સતત કવરેજ સુનિશ્ચિત કરવા રાહ જોયા વિના અમર્યાદિત પુનઃસ્થાપન લાભો સાથે પૉલિસી પસંદ કરવી ફાયદાકારક છે.

### ૯) બિન-તબીબી ખર્ચ કવર

અમુક બિન-તબીબી ખર્ચ, જેમ કે મોજાં, ઓક્સિજન માસ્ક અને બેડ ચાર્જિસ, ઘણીવાર સ્વાસ્થ્ય વીમા દ્વારા આવરી લેવામાં આવતા નથી. જો કે, કેટલીક પૉલીસી આવી ૬૮ સૂચિબદ્ધ બિન-તબીબી વસ્તુઓને આવરી લે છે. આવા રાઇડર્સને ઉમેરવાથી તમે હોસ્પિટલમાં દાખલ થવા દરમિયાન આ ખર્ચ અટકાવી શકો છો.

### નિષ્કર્ષ

અહીં દર્શાવેલા મુદ્દાઓને કાળજીપૂર્વક ધ્યાનમાં રાખીને તમે સ્વાસ્થ્ય વીમા પૉલિસી પસંદ કરી શકો છો, જે માત્ર વ્યાપક કવરેજ જ નહીં, પણ તબીબી કટોકટી દરમિયાન તમારી નાણાકીય જવાબદારીને પણ ઘટાડે છે. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાક્કર

# અલ્યા ભૈ, બધા બોલશે તો સાંભળશે કોણ?

મારા વહાલા બકાઓ અને બકીઓ,

યુ નો જેમ અતિ લોભ એ પાપનું મૂળ છે એમ અતિ ક્રોધ એ રોગનું મૂળ છે, પણ યુ નો, બધા ટોપાશંકારો રોગ સ્વીકારવા તૈયાર છે, પણ ક્રોધ છોડવા તૈયાર નથી અને એથી જ ફક્ત પેટના જ ૧૦૮ કિલોના વજન સાથે વિશાળ કાયા ધરાવતા ચંપકલાલ એક હાથમાં ફટાકડાનું ખોખું ને બીજા હાથમાં ધોતિયાનો છેડો ઉલાળતા ઉલાળતા હાર્મોનિયમની ધમણની જેમ હાંફતા હાંફતા દૂરથી દોડતા દેખાયા.એમની હાંફના કારણે મૂછના વાળ પણ નાકના નસકોરામાં અંદર-બહાર અવરજવર કરતા હતા. થોડીવાર તો તિજોરીનો મોટો કબાટ ઢસડાતો હોય ઢરરર કરતો શ્વાસ ચાલ્યો. પછી એ ભલે ઊભા રહ્યા, પણ શ્વાસ ધીમે ધીમે હેઠો બેઠો. પવનના સુસવાટાથી વૃક્ષના પાંદડા ફરફરે એમ ચંપકકાકાના હોઠ દસ સેકન્ડ ફરક્યા. ગુસ્સામાં કઈ કહેવા માગતા હતા, પણ ગળામાં ઠળિયો ભરાઈ ગયો હોય એમ શબ્દો એક્ઝિસ્ટ નહોતા કરતા.આખો ચહેરો જૂની કબજિયાતના દર્દી જેવો થઈ ગયો. અંતે ટેબલફેનની જેમ ડોકી આજુબાજુ ફેરવી ગળું ખોખારી તડતડિયા તારામંડળની જેમ જીભમાંથી શબ્દો ફૂટવા લાગ્યા :

'એય દુ...કા...ન...દા...ર..યુ એન્ડ યોર એટમબોમ્બ બોથ આર ચીટર.....'

'શાંત થાઓ અંકલ' હું બોલ્યોઃ 'એમ હરહર મહાદેવના દુર્વાસા જેવા ક્રોધિત ન બનો. ટીવીમાં દુર્વાસાને ક્રોધ કરવાના રૂપિયા મળે છે, તમે કઈ કમાણી ઉપર આટલો ક્રોધ કરવા નીકળ્યા છો? ક્રોધથી બી પી વધે, બીપીથી લકવો પડે અને ખાલી મગજ હોય તો પણ બ્રેન હેમરેજ પણ થઈ જાય.પછી તમને મારવા અમારે માટે જરાય મહેનત ન કરવી પડે ને ફટાકડાને બદલે અમારે તમને સળગાવવા પડે એ શોભે? અને ચાલો માન્યું કે શોભે, ને તમારું મરવાનું જોઈ શકાય, પણ કાકીનું વિધાવાપણું ન જોઈ શકાય'

આવડું મોટું ભાષણ આપ્યું હોવા છતાં કાકો કોઈ વાત સાંભળવાના મૂડમાં ન હતો ...ચહેરા પર લોહીના બદલે ક્રોધની લાલાશે જનમ લીધો હતો. 'પણ વડીલ, ટેલ મી આટલા ક્રોધનું કારણ ?'

પણ વીસ સેકંડ તો એમનામાં અમૃત ઘાયલનો આત્મા પ્રવેશ્યો : કારણ નહીં જ આપું.. કારણ મને ગમે છે'ની જેમ મનમોહનના સ્ટેચ્યૂની જેમ ઊભા રહ્યા.

જુઓ અંકલ, એમ સળગતા ગેસની જેમ ગરમ થવાનું આ મોંઘવારીમાં ન પોષાય..ગેસનો ભાવ જાણો છો?'

જોકે,મારુ સાંભળ્યા વગર જ દુકાનવાળા પર ભડક્યાઃ 'આવા ફટાકડા આપો છો ?ફટાકડા છે કે રમકડાં ? એટમબોમ્બમાં દારૂ ભર્યો છે કે મરચાંની ભૂકી ?દારૂ ભર્યો છે કે ટમેટો સોસ?'

'કેમ ? શું થયું ?'

'હવે શું થયુંની સગલી, તારા આ પાંચ એટમબોમ્બમાંથી ચાર ફૂસી નીકળ્યા એટલે આ પાંચમો



ને અંતિમ પાછો આપવા આવ્યો છુ.'

'હે!' એટલું બોલતા મારું મોઢું પહોળું થઈ ગયું. મને જોઈ બોલ્યાઃ 'તું યાર, શાનો બગાસા ખાય છે ? હું ભાષણ આપું છુ?. યુ નો ધ મિનિંગ ઓફ ફૂસી? ફૂસી મિન્સ એટમબોમ્બ પણ પોતાનું ઓરિજનલ રૂપ છોડી તારામંડળ કે ફૂલજરીનું રૂપ ધારણ કરે તો મારી ખચકી ન જાય ?અરે સાલુ, સર...સર ...સર ...કરતી બોમ્બની સળગતી વાટ મંજિલ તરફ આગળ વધે ને ધડામ કરતો વાટનો દરવાજો આવે ત્યારે જ સર સર કરતો સરંડર થઈને નશ્વર દેહ જેવો થઈ જાય. યે દુનિયા યે મહેફિલ મેરે કામકી નહી'

'ગાઈને રાજીનામું આપી દે તો આપણી જ વાટ ન લાગી જાય? એટમબોમ્બ જો પોતાનો ધર્મ ચૂકી જાય તો એવા ધર્મચૂકું બોમ્બને શો-કેશમાં મૂકવાના? એ દેશનો નેતા છે? તું અમને બેવકૂફ સમજે છે?મૂર્ખ!'

'અરે, આમાં સમજવા જેવુ ક્યાં કઈ છે? અરે ડિયર વડીલ,પાંચ દીકરામાં ચાર નપાવટ પાકે એટલે પાંચમો એવો જ પાકે એવું ન હોય. એ જ કદાચ કુળનું નામ ઉજાળે લાવો , મને આપો...'

'યે હાથ મુજે દે દે' ની 'જેમ યે બોમ્બ મુજે દે દે' ની જે ત્રાડ પાડી, પણ કાકો મદારી જેમ છાબડીમાં નાગ સંતાડે એમ ઝભ્ભાની આડાશમાં બોમ્બ છુપાવવા લાગ્યા : 'તું ખોટી મેથી ન માર ઠાકર, જો આ પણ નઇ ફૂટે ને ફૂસી થઈ જશે તો મારા અંતિમ પુરાવાનું પણ જયશ્રી કૃષ્ણ થઈ જશે ! '

આમ છતાં હું બોમ્બ પડાવવા મરણિયો બન્યો.

બોમ્બ માટેની ખેચંતાણ ચાલી અંતે કૃષ્ણએ સુદામા પાસેથી તાંદુલની પોટલી ઝૂટવી લીધી એમ મેં બોમ્બ ઝૂટવી લીધો ને તુર્તજ બોમ્બના હૃદયથી બહાર આવેલી વાટ ને મેં સળગાવી ને પહેલા 'સર.. સર... સર'ને પછી 'ધ...ડા...મ! '

'બોલો ફૂટ્યો કે નઇ? '

' ફૂટ્યો? અરે, ફૂસી થઈ ગયો કે નઇ? '

અરે અંકલ, આવડો મોટો ધડાકો થયો ને તમે કેમ ન સાંભળ્યો?'

પાછળથી ચંપકલાલનો ચંબુ બોલ્યો :

'સાંભળી લે ઠાકર, બાપુજીના કાનપુરમાં જ હડતાળ છે. બહારના કોઈપણ અવાજને કાનમાં નો એન્ટ્રી છે, ટૂકમાં એમને સંભળાતુ નથી.!'

બા..પ..રે એના જવાબથી હું કોઈ સીઆઇડી જેવી સસ્પેન્સ જોતો હોઉ એવું લાગ્યું .

મે કીધું : 'તો ડિયર ચંબુ , તારા બાપુજીને ભોય ચકરડી, રોકેટ કે તારામંડળ બતાવ, નઇતર આખી દુકાનના એટમબોમ્બ ફૂટશે તો પણ તારા બાપુજીને ખબર નઇ પડે !'

અલ્યા મારા વહાલા ભાઈ બહેનો, આપણે પણ નાના ચંપકલાલ જ છીએ. કશું સાંભળતા નથી ને બધુ સાંભળીએ છીએ એવા ભ્રમમાં ફરીએ છીએ. બધાને બોલ બોલ કરવું છે, પણ સાંભળવું કોઈનું નથી.

જનતાનું સરકાર સાંભળતી નથી આપણે ઘરનાનું સાંભળતાં નથી, ઘરવાળા આપણું સાંભળતા નથી. આ બધી બબાલમાં આપણે જ આપણા આત્માનો અવાજ સાંભળવાનું ભૂલી જઈએ છીએ .... એન્ડ યુ નો, આત્માનો અવાજ સાંભળવા કઈ કાનની જરૂર નથી. હવે મને તો તમારા આત્માનો અવાજ પણ સંભળાયોઃ

'બસ, બહુ થયું ઠાકર, હવે આગળ લખવાનું બંધ કર!'

'તો લો આ કર્યું બંધ, મારે તમારી સાથે સંબંધ બંધ ન કરાય. બોલો કરાય ?'

શું કહો છો ? ■

feedback@bombaysamachar.com

ફોકસ

નિધિ શુક્લા

# મચ્છરોને ભગાડવા શું તમે પણ સળગાવો છો કોઈલ? તો થઈ જાઓ, સાવધાન



મચ્છરોનો ઉપદ્રવ વધતાં આપણે મોટાભાગે મોસ્કિટો કોઈલ સળગાવીએ છીએ. જેનાં ધુમાડાથી મચ્છરો તો ભાગી જાય છે, પરંતુ એનો ધુમાડો અનેક બીમારીને નોતરે છે. મોસ્કિટો કોઈલ, અગરબત્તી અથવા તો અન્ય રેપ્લિકેન્ટનો ઉપયોગ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, કેમ કે એની સાઇડ-ઇફેક્ટ્સ પણ ઘણી છે. એનાથી જીવનું પણ જોખમ છે.

યુનિવર્સિટી ઑફ સિડનીમાં મોસ્કિટો કોઈલ પર એક રિસર્ચ કરવામાં આવ્યુ હતું. જેમાં જાણવા મળ્યું કે એક કોઈલ સળગાવવાથી સો સિગારેટ સળગાવવા જેટલો ધુમાડો નીકળે છે.

મોસ્કિટો કોઈલ, અગરબત્તી કે લિક્વિડ, ફાસ્ટ કાર્ડમાં પાયરેથ્રિન પેસ્ટીસાઇડ, કાર્બન ફોસ્ફરસ અને ડાઇ ક્લોરો ડાઇફેનાઇલ ટ્રાઇક્લોરોઇથેન જેવા હાનિકારક તત્ત્વો હોય છે. જ્યારે એક બંધ રૂમમાં આવી કોઈલ સળગાવવામાં આવે તો એનો ધૂમાડો બહાર નીકળતો નથી અને આખા રૂમમાં કાર્બન મોનોક્સાઇડ ફેલાઈ જાય છે. એ ધુમાડો એ રૂમમાં સૂતેલા લોકોનાં શરીરમાં પ્રવેશે છે. એનાથી ઑક્સિજનની માત્રા ઘટી જાય છે અને શ્વાસ લેવામાં તકલીફ શરૂ થાય છે. અનેક વખત તો જીવ મુંઝાવાને કારણે વ્યક્તિનું નિધન પણ થાય છે.

**દરરોજ કોઇલ સળગાવાથી શું થઈ શકે છે નુકસાન**

અસ્થમા, શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા જેવી તકલીફો થાય છે. સાથે જ ફેફસાનું કેન્સર કાં તો ત્વચા સંબંધિત બીમારીઓનું જોખમ રહે છે. મોસ્કિટો કોઈલમાં રહેલો કાર્બન મોનોક્સાઇડ લોહીમાં ભળી જાય છે અને હાર્ટમાં પ્રવેશે છે, જે અતિશય ભયંકર પરિણામો આપી શકે છે. મોસ્કિટો કોઈલને કારણે માથાનો દુખાવો વધી શકે છે. ઊધરસ આવવી અને ઊલટીઓ પણ શરૂ થઈ શકે છે.

એના સ્ટ્રૉન્ગ ધુમાડાને કારણે છીંક આવવી અને ગળાની તકલીફો શરૂ થઈ શકે છે. એ ધુમાડો કપડામાં પેસી જતાં એની વાસ સહેલાઈથી નીકળતી નથી. મોસ્કિટો કોઇલનો ધુમાડો બાળકોના આરોગ્ય માટે પણ જોખમી છે. એથી એને બાળકોથી દૂર રાખવું જોઈએ.

મોસ્કિટો કોઇલમાં રહેલાં ઇનસેક્ટિસાઇડ્સ ઝેરી હોય છે, જો ભારે માત્રામાં એ શરીરની અંદર પ્રવેશે તો એ જીવલેણ સાબિત થઈ શકે છે. આ કેમિકલ પર્યાવરણ માટે પણ જોખમી છે, જે વાયુ પ્રદૂષણ ફેલાવે છે.

મોસ્કિટો કોઈલ જ્વલનશીલ હોવાથી સરળતાથી આગ પકડે છે. જો એનો સાવચેતીથી ઉપયોગ ન કરવામાં આવે તો પડદાઓ, પેપર અથવા ફર્નિચરમાં આગ લાગી શકે છે. એથી એને આવી વસ્તુઓથી દૂર રાખવું જોઈએ. એથી મોસ્કિટો કોઈલ માનવજાત અને પર્યાવરણને ખાસ્સું નુકસાન પહોંચાડે છે. આ જ કારણ છે કે મચ્છર ભગાડવા માટે કોઈ પર્યાય વસ્તુનો ઉપયોગ કરવો જોઈએ. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# પ્રાણાયમઃ પ્રાણમય સ્થૂળ શરીર ને મનોમય શરીરની વચ્ચેનું શરીર

પ્રાણ સૂક્ષ્મ છે અને મન તેનાથી પણ સૂક્ષ્મ છે. તેમના પર સીધું જ નિયંત્રણ મેળવવું દુષ્કર છે. શ્વાસ તો પ્રાણનો જ બાહ્ય છેડો છે. જો શ્વાસ પર નિયંત્રણ મેળવી શકાય તો તેના દ્વારા પ્રાણ પર નિયંત્રણ મેળવી શકાય છે અને તેના દ્વારા શરીર-મન પર પણ નિયંત્રણ મેળવી શકાય તેમ છે.

શ્વાસને પકડીને તેના નિયંત્રણ દ્વારા પ્રાણમય શરીર પર નિયંત્રણ મેળવવાનું એક વિજ્ઞાન વિકસ્યું છે- એક વિદ્યા વિકસી છે. આ વિજ્ઞાન કે વિદ્યાનું નામ છે- પ્રાણાયમ.

પ્રાણમય શરીર સ્થૂળ શરીર અને મનોમય શરીરની વચ્ચેનું શરીર છે. બે ઓરડા છે અને બંને ઓરડામાં અંધારું છે. બંને ઓરડાને જોડતી એક ઓસરી છે જે બંને ઓરડાની વચ્ચે છે. એક દીપક છે. એક જ દીપક દ્વારા બંને ઓરડાને પ્રકાશિત કરવા હોય તો દીપક ક્યા સ્થાને મૂકવો જોઇએ? વચ્ચેની ઓસરીમાં. આ વચ્ચેની ઓસરી તે પ્રાણમય શરીર છે. બંને બાજુના ઓરડા તે શરીર અને મન છે. જો પ્રાણમય શરીર બળવાન અને સ્વસ્થ બને તો સ્થૂળ શરીર અને મનોમય શરીરને બળવાન અને સ્વસ્થ બનાવવાનું કાર્ય સરળ છે, કારણકે તે વચ્ચેની ઓસરી છે.

**પ્રાણાયામના અભ્યાસથી શું થાય છે?**

પ્રાણાયામના અભ્યાસથી શારીરિક, સાંવેગિક, બૌદ્ધિક, આધ્યાત્મિક, પ્રાણમય આદિ ભિન્નભિન્ન ક્ષેત્રે અપરંપાર લાભો થાય છે. પરંતુ તે સર્વનો વિગતવાર વિચાર આપણે અહીં નહીં કરીએ. અહીં આપણે ડિપ્રેશનમાંથી મુક્ત થવા માટે પ્રાણાયામના વિનિયોગની વિચારણા કરીએ છીએ. તેથી આપણે અહીં પ્રાણાયામના અભ્યાસ દ્વારા પ્રાણની કેળવણી ક્યા સ્વરૂપે થાય છે, તેની જ સંક્ષેપમાં વિચારણા કરીશું.

પ્રાણાયામના અભ્યાસ દ્વારા સૌથી વિશેષ પ્રમાણમાં અને સૌથી પ્રથમ પ્રભાવિત થનાર ક્ષેત્ર પ્રાણમય શરીર છે. પ્રાણાયામનો પ્રાણમય શરીર સાથે સીધો જ સંબંધ છે. 'પ્રાણાયામ'' શબ્દ દ્વારા પણ એ જ સૂચિત થાય છે.

પ્રાણાયમના અભ્યાસ દ્વારા પ્રાણમય શરીર પર જે અસર થાય છે તે પાંચ સ્વરૂપની અસર છે એમ શાસ્ત્ર, નિરીક્ષણ અને અનુભવને આધારે કહી શકાય તેમ છે.


(૧) પ્રાણ પુષ્ટ અર્થાત્ બળવાન બને છે. શ્વાસના બાહ્ય છેડાને પકડીને પ્રાણ સુધી પહોંચવાની અને તે રીતે પ્રાણનું રૂપાંતર સિદ્ધ કરવાની કળા તે પ્રાણાયામ છે. આ રીતે શ્વાસના આયામ દ્વારા પ્રાણનો આવામ સિદ્ધ કરવામાં આવે છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણનો આયામ સિદ્ધ કરવામાં આવે છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ બળવાન, પુષ્ટ અને સમર્થ બને છે. પ્રાણાયામનો અભ્યાસ કરનાર યોગી કદી નિર્માલ્ય હોઇ ન શકે.

(૨) પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ સંયમિત પણ બને છે. પ્રાણાયામનો અર્થ જ પ્રાણસંયમ છે. પ્રાણાયામનું એક નામ જ પ્રાણસંયમન છે.

અસુરો અને રાક્ષસોને પણ પ્રાણ તો બળવાન હોય છે. યોગી માટે પ્રાણ માત્ર બળવાન હોય તેટલું પર્યાપ્ત નથી. પ્રાણ સંયમિત હોય તે પણ આવશ્યકદ્ધછે. પ્રાણ બળવાન હોય પરંતુ સંયમિત ન હોય તો વ્યક્તિ ઉચ્છ્ંખલ અને ઉપદ્રવી બની શકે છે, તેથી પ્રાણનો સંયમ પણ અનિવાર્ય છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ નિયમિત - સંયમિત પણ બને છે.

(૩) પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ વિશુદ્ધ- પરિશુદ્ધ બને છે.

પ્રાણની અંદર અનેક પ્રકારની વાસનાઓ અને વિકૃતિઓ તથા ગંદકી હોય તો આધ્યાત્મિક જીવન શક્ય નથી, એટલું જ નહીં, પરંતુ સાધારણ સ્વસ્થ જીવન પણ શક્ય નથી.



વસ્તુતઃ પ્રાણની વાસનાઓ અને વિકૃતિઓ જ જીવનને અસ્તવ્યક્ત બનાવે છે. પરિશુદ્ધ પ્રાણ જીવનને શુદ્ધ અને સ્વસ્થ બનાવે છે.

પ્રાણને પરિશુદ્ધ બનાવવા માટે અને જીવનને પ્રાણની અશુદ્ધિઓ અને વિકૃતિઓથી બચાવવા માટે પ્રાણાયામ સમર્થ અને મૂલ્યવાન ઉપાય છે.

(૪) પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ સુસંવાદી બને છે.

પ્રાણના પ્રવાહો પરસ્પર વિરોધી સ્વરૂપે કાર્યરત હોય તો તે પ્રાણનું વિસંવાદી સ્વરૂપ છે. પરસ્પર વિસંવાદી ગતિએ કારણે પ્રાણશક્તિનો વ્યય થાય છે અને આખરે તે પ્રાણની શક્તિહીનતામાં પરિણમે છે, કારણકે પ્રાણની વિસંવાદી ગતિ દ્વારા પ્રાણનાં જ પરિબળો વચ્ચે અન્યોન્ય સંઘર્ષ થાય છે.

વ્યક્તિત્વના સ્વાસ્થ્ય માટે પ્રાણ સુસંવાદી હોય તે આવસ્યક છે. પ્રાણ પ્રાણના પ્રવાહોને સંયમિત બનાવીને તેમને સુસંવાદી સ્વરૂપ આપે છે.

(૫) પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ ઊર્ધ્વમુખ બને છે. અધોમુખ પ્રાણ ભોગનો કારક છે અને ઊર્ધ્વમુખ પ્રાણ યોગ અર્થાત્ અધ્યાત્મનો કારક છે.

પ્રાણાયામ મૂલતઃ અધ્યાત્મવિદ્યા છે અને પ્રાણાયામનું પ્રધાન કાર્ય પ્રાણને ઉન્નયન જીવનનું ઉન્નયન છે.

પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ ઊર્ધ્વમુખ બને છે અને પ્રાણની ઊર્ધ્વગતિ પણ થાય છે.

આમ પ્રાણાયામના ઉપયુક્ત અને પર્યાપ્ત અભ્યાસથી પ્રાણ પુષ્ટ, સંયમિત, વિશુદ્ધ સુસંવાદી અને ઊર્ધ્વગામી બને છે.

હો આપણે જોઇએ કે પ્રાણાયામ દ્વારા પ્રાણની આ પ્રકારની કેળવણી થવાથી તે ડિપ્રેશનને દૂર કરવામાં કઇ રીતે સહાયભૂત બને છે.

ડિપ્રેશનનું મૂળભૂત કારણ પ્રાણમય શરીરમાં છે. તેનો અર્થ એમ નથી કે ડિપ્રેશનને મન સાથે કે બાહ્ય પરિસ્થિતિ સાથે કશો સંબંધ જ નથી. આપણે જોઇ ગયા છીએ તે પ્રમાણે આ બંને સ્વરૂપનાં પરિબળો ડિપ્રેશન માટે નિમિત્તકારણરૂપે કે ગૌણ કારણરૂપે ભાગ ભજવે છે. પરંતુ ડિપ્રેશનનું મૂળભૂત કારણ તો પ્રાણમય શરીરમાં જ છે.

પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ પરિપુષ્ટ અર્થાત્ સમર્થ બને છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ સંયમિત, વિશુદ્ધ, સુસંવાદી અને ઊર્ધ્વગામી પણ બને છે.

નિર્બળ, ઉચ્છૃંખલ, અશુદ્ધ, વિસંવાદી અને નિમ્નગામી પ્રાણમાં જ ડિપ્રેશન જન્મે છે અને વિકસે છે. જેનો પ્રાણ સમર્થ હોય, સંયમિત હોય, વિશુદ્ધ હોય, સુસંવાદી હોય અને ઊર્ધ્વગામી હોય તેના જીવનમાં ડિપ્રેશન આવી શકે નહીં અને આવ્યું હોય તો રહી શકે નહીં.

આનો અર્થ સ્પષ્ટ જ છે કે જે પ્રાણાયામનો નિયમિત અભ્યાસ કરે છે તેના જીવનમાં ડિપ્રેશન આવે નહીં અને ડિપ્રેશન આવ્યું હોય તો પ્રાણાયામના અભ્યાસ દ્વારા તેને જડમૂળથી દૂર કરી શકાય છે.

પ્રાણાયામના અભ્યાસથી આ રીતે સમર્થ બનેલ પ્રાણ દ્વારા માત્ર ડિપ્રેશનથી જ નહીં, પરંતુ બીજા અનેક માનસિક રોગોથી બચી શકાય છે. બળવાન પ્રાણ મનના રોગોને પણ દૂર રાખનાર સમર્થ પ્રતિકારક શક્તિ છે.

હવે સ્વાભાવિક રીતે જ એ પ્રશ્ન ઉપસ્થિત થશે કે પ્રાણાયામનો અભ્યાસ કેવી રીતે કરવો.

આપણે પ્રથમથી જ અને સ્વપષ્ટ રીતે સમજી લેવું જોઇએ કે પ્રાણાયામ એક અધ્યાત્મવિદ્યા છે. માત્ર પ્રાણાયામ જ નહીં, સમગ્ર યોગ કે જેવું પ્રાણાયામ એક અંગ છે તે અધ્યાત્મવિદ્યા છે. યોગ અને તેથી પ્રાણાયામ ચિકિત્સાપદ્ધતિ નથી. હા, યોગની કેટલીક ક્રિયાઓની જેમ પ્રાણાયામનો ચિકિત્સાપદ્ધતિ તરીકે અને શરીર-પ્રાણ-મનના સ્વાસ્થ્યની જાળવણી માટે ઉપયોગ થઇ શકે તેમ છે. પરંતુ શરીર-પ્રાણ-મનના સ્વાસ્થ્યની જાળવણી અને સમર્થ અંગ છે. આટલી સ્પષ્ટતા સાથે આપણે અહીં ડિપ્રેશન ન આવે અને ડિપ્રેશનમાંથી મુક્ત થવા અને રહેવા માટે પ્રાણાયામનો ક્યા સ્વરૂપે અભ્યાસ કરવો તે જોઇએ.

અમે જ્યારે પ્રાણાયામનો અભ્યાસ કરવાનું સૂચવીએ છીએ ત્યારે અમારા મનમાં પ્રાણાયામનું શાસ્ત્રીય સ્વરૂપ છે. પ્રાણાયામનું શાસ્ત્રીય સ્વરૂપ જ અમને અભિપ્રેત છે. ભગવાન પતંજલિ, મહાયોગી ગોરખનાથ, સ્વાત્મારામ ('હઠપ્રદીપિકા'કાર) ઘેરંડ (ઘેરડસંહિતા'કાર) આદિ સમર્થ યોગાચાર્યો દ્વારા પ્રાણાયામનું જે સ્વરૂપ અપાયેલું છે તે સ્વરૂપને અમે પ્રાણાયામનું શાસ્ત્રીય સ્વરૂપ કહીએ છીએ અને તે સ્વરૂપ અમને અભિપ્રેત છે, તે સમજવું. (ક્રમશઃ)■

# બાળકની મોબાઈલ-ટેવથી કંટાળી ગયા છો? તો અપનાવો, આ ટિપ્સ



આજકાલ બાળકોને મોબાઇલની એવી તો ટેવ લાગી ગઈ છે કે તેઓ ઘરની બહાર જઈને રમવાનું ભૂલી ગયા છે. આખો દિવસ સ્માર્ટફોન પર તેઓ બિઝી રહે છે. એને કારણે તો તેમના માતા-પિતા પણ કંટાળી ગયાં છે. જોકે અમુક હદે તો તેઓ પોતે પણ ક્યાંક ને ક્યાંક જવાબદાર છે. બાળકો જ્યારે નાના હોય છે ત્યારે તેમને શાંત કરવા માટે તેમના હાથમાં તેમણે જ મોબાઇલ ફોન પકડાવી દીધો હોય છે. બાળક મોટું થાય ત્યાં સુધી તો તેને મોબાઇલની લત લાગી ગઈ હોય છે અને પછી માતા-પિતાને પસ્તાવાનો વારો આવે છે. એથી બાળક પર તેઓ ગુસ્સો પણ કરે છે.

બાળક એકલામાં મોબાઇલ જુએ છે એને કારણે તે ક્યારેક એવા કન્ટેન્ટ પણ જોઈ લે છે જે તેની ઉંમર પ્રમાણે જોવાલાયક નથી હોતાં. એને કારણે બાળકના માનસિક અને શારીરિક વિકાસ પર માઠી અસર પડે છે. સાથે જ સતત મોબાઇલમાં જોતા રહેવાને કારણે આંખો પણ ખરાબ થવાની શક્યતા રહે છે અને નાની ઉંમરે ચશ્માં લાગી જાય છે.

**એવામાં બાળકોને મોબાઇલથી દૂર રાખવા માટે અપનાવો ટિપ્સ**

**અન્ય પ્રવૃત્તિઓમાં સામેલ કરોઃ** બાળકોને મોબાઇલથી દૂર રાખવાનો સૌથી સરળ ઉપાય છે કે તેમને આઉટડોર ગેમ કે પછી અન્ય ઍક્ટિવિટીમાં સામેલ કરો. તેમને બહાર રમવા મોકલો, યોગા, સ્વિમિંગ, સાઇકલિંગ કરાવો અથવા તો ગાર્ડનિંગ માટે પણ પ્રેરિત કરી શકો છો.

**ફૅમિલી ટાઇમઃ** ઘરનું વાતાવરણ ખુશનુમા અને આહ્‌લાદક રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. જેમ બને એમ વધુ સમય ફૅમિલી સાથે પસાર કરવો. પરસ્પર હસી-મજાક કરો. સાથે બેસીને જમવું.

**સ્ક્રીન-ટાઇમની લિમિટઃ** નાનાં બાળકો માટે ચોવીસ કલાકમાંથી બે કે ત્રણ કલાકનો સ્ક્રીન-ટાઇમ રાખવો. બાકીના સમયમાં તેને સ્ટડી કરવા અને અન્ય બાબત શીખવા માટે પ્રેરિત કરો.


**મોબાઈલનો પાસવર્ડ બદલાતા રહેવુંઃ** પેરન્ટ્સે મોબાઈલનો પાસવર્ડ સમયાંતરે બદલતા રહેવું જોઈએ. જેથી તમારી મંજૂરી વગર બાળક મોબાઇલને હાથ નહીં લગાવી શકે.

**ઘરનાં કામમાં બિઝી રાખવાઃ** બાળકોને ઘરનાં અન્ય કામમાં સામેલ કરો. જો બાળક વધુ પડતો મોબાઇલનો ઉપયોગ કરે તો તેને પ્રેમથી સમજાવવાનો પ્રયાસ કરવો. બાળકોને ઘરના કામ જેવા કે સાફસફાઈ, ડેકોરેશન, બ્રેકફાસ્ટની તૈયારીમાં મદદ વગેરે કરવામાં બિઝી રાખવા.

**બાળકોથી દૂર રાખો મોબાઇલઃ** બાળક સવારે જાગતાની સાથે જ મોબાઇલ કે પછી ટીવી જોવાનું કહે તો એ બન્નેને તેની નજરથી દૂર રાખો.

**મોબાઇલથી ધ્યાન હટાવવુંઃ** બાળકનું ધ્યાન મોબાઇલથી હટાવવા માટે તેને પુસ્તક વાંચવાની ટેવ પાડો અને સંગીત સંભળાવો.

**કોમ્પ્યુટર કાં તો લેપટૉપ આપવુંઃ** બાળકોને સ્ટડી માટે મોબાઇલને બદલે કોમ્પ્યુટર કાં તો લેપટૉપ આપવું. જેથી મોબાઇલની સરખામણીએ સ્વાસ્થ્ય પર ઓછી ખરાબ અસર પડશે. સાથે જ તે શું જુએ છે એના પર પણ ચાંપતી નજર રાખી શકાશે. ■



# વેર - વિખેર

પ્રકરણ ૮૧

■ કિરણ રાયવડેરા

દરવાજા પર ટકોરા પડતાં જગમોહનના વિચારોમાં ખલેલ પડી:

'બારણું ખુલ્લું છે. કમ ઈન...' જગમોહને આંખ બંધ કરીને બૂમ મારી.

'પપ્પા, તમારી સાથે વાત કરવી છે.' વિક્રમ રૂમમાં પ્રવેશતાં બોલ્યો. વિક્રમની પાછળ જય પણ દાખલ થયો.

જગમોહને આંખ ખોલી. વિક્રમની પાછળ જયને જોઈને એ બેઠો થયો: 'આવ જય, ક્યારે આવ્યો? ડાઈનિંગ ટેબલ પર મેં તને ન જોયો?'

'પપ્પા, એ એના મિત્રને મળવા ગયો હતો. એ આજે બપોરના જ નાગપુરથી આવ્યો છે.'

જય ગેંગેંફેંફેં કરે એ પહેલાં જ વિક્રમે જવાબ આપી દીધો.

'બેસ... બેસ, વિનાયકભાઈ કેમ છે?' જગમોહને વેવાઈના ખબર પૂછીને ઔપચારિકતા દાખવી.

'પપ્પા, મજામાં છે. આપને બહુ યાદ કરે છે.' જયને કંઈ સૂઝ્યું નહીં.

પૈસા માગવા એ જીવનની સૌથી આકરી પરીક્ષા છે કદાચ, વિક્રમ વિચારતો હતો.

'પપ્પા, જય એક કામ માટે કોલકાતા આવ્યો છે.' વિક્રમે વાતની પહેલ કરી. જો એ વાતની શરૂઆત નહીં કરે તો જય આખી રાત 'મજામાં છું.','મજામાં છું.' બોલ્યા કરશે ને એ ખાલી હાથે પાછો જશે તો વિક્રમને પૂજા તતડાવી નાખશે.... આ સાલી કોઈ જિંદગી છે.?કોઈ દિવસ શેરબજારમાં સટ્ટો રમ્યો નથી અને આજે સટોડિયા સાળાબાબુને મદદ કરવા નીકળી પડ્યો છું... વિક્રમને ખીજ ચડતી હતી.

'હા, બોલો, શું કામ હતું? જો હું કંઈક મદદ કરી શકું તો મને અવશ્ય જણાવજો.' જગમોહને ફરી શિષ્ટાચાર દાખવ્યો. થોડી મિનિટો માટે પણ ખૂન અને દુશ્મન જેવા શબ્દોથી મુક્તિ તો મળશે એણે વિચાર્યું.

'મુરબ્બી, શેરબજારમાં થોડું નુકસાન થયું છે!' જયની હિંમત જોઈને વિક્રમને નવાઈ લાગી.

જગમોહન ચૂપ રહ્યો. જયની વાતનું અનુસંધાન વિક્રમએ મેળવતાં કહ્યું:

'પપ્પા, જયને પિસ્તાલીસ લાખ રૂપિયાની તાત્કાલિક જરૂર પડી છે. એ આપણી પાસે મદદ લેવા આવ્યો છે. એ કહે છે કે બહુ જ જલદી એ આપણી રકમ પરત કરી દેશે.' વિક્રમને લાગ્યું કે આટલું બોલતાં એને હાંફ ચઢી ગઈ હતી.

જગમોહને એક દૃષ્ટિ જય સામે ફેંકી અને પછી વિક્રમને સામે જોઈને કહ્યું:

'વિક્રમ, હજી હમણાં જ આપણા ઘરમાં આગ લાગવાનો બનાવ બન્યો છે.'

'હા, મુરબ્બી મેં પણ જોયું, શું થયું હતું?' જય નિર્દોષ ભાવે પૂછ્યું

'પપ્પા, આગ તો બુઝાઈ ગઈ અને કોઈને કંઈ નુકસાન પણ નથી થયું. હવે એનું શું છે?' વિક્રમ થોડોક ચિડાઈ ગયો .

'વિક્રમ, આપણે કાલે સવારના આ વિશે વાત કરીએ તો?'

જગમોહને બંનેને ટાળવાનો પ્રયાસ કર્યો. અત્યારે મગજ ઠેકાણે ન હોવાના કારણે આડું અવળું બોલાઈ જશે તો વાત વણસી જશે.

'ના, પપ્પા, કાલ કોણે દીઠી છે!' વિક્રમથી બોલાઈ ગયા બાદ એણે જીભ કચરી. પૂજાના શબ્દોને અહીં દોહરાવવાની જરૂર નહોતી.

જગમોહન દિગ્મૂઢ થઈ ગયો.વિક્રમની વાત ખોટી નહોતી.... કાલ કોણે દીઠી છે? કદાચ, એ ખુદ આવતીકાલ જોઈ ન શકે એવું બને ખરું. શું વિક્રમ એવું જ કહેવા ઈચ્છતો હશે?

'વિક્રમ, મને એ નથી સમજાતું કે તું આટલી સેન્સિટીવ વાતની અત્યારે જ ચર્ચા કરવાનો આગ્રહ શા માટે રાખે છે? એ પણ તારા સાળાની હાજરીમાં. બીજું, તું સારી પેઠે જાણે છે કે હું સટ્ટો નથી રમતો એટલે કોઈ સટોડિયાને પ્રોત્સાહન મળે એવું હું કરવા ન ઈચ્છું. જયકુમાર, તમે વિનાયકભાઈને કહેજો કે આ બાબત હું કંઈ પણ કરવા અસમર્થ છું.'

જયનું મોઢું પડી ગયું. વિક્રમનો ચહેરો લાલ પીળો થઈ ગયો.

'પપ્પા, આ રૂપિયા તમે જયને નથી આપતા. તમારે મારા કહેવા પર જયને મદદ કરવાની છે. તમને શું મારા પર બિલકુલ ભરોસો નથી?'

વિક્રમના સ્વરમાં તીખાશ હતી. સાળાની હાજરીમાં એનું અપમાન થાય એ વાત એ હરગિઝ સાંખી નહીં લે.

'વિક્રમ, મદદ બહુ સહેલાઈથી મળે છે ત્યારે માણસ પાંગળો બની જાય છે. જયને કોશિશ કરી લેવા દે. એનાં અન્ય સગાંવહાલા હશે ને... એ બધા પાસે જઈ આવે. છેલ્લે બે-પાંચ લાખ ખૂટતા હશે તો આપણે કંઈ વિચારશું, પણ પિસ્તાલીસ લાખ... નો વે..!.' જગમોહને મક્કમતાથી સુણાવી દીધું.

'પપ્પા, તમે મારા સાળા સામે મારું અપમાન કરી રહ્યા છો.' વિક્રમ વિફર્યો.

'તારું સમ્માન કરવા જેવું તેં કામ કર્યું પણ નથી. મેં એટલે જ કહ્યું હતું કે આપણે આવતીકાલે સવારના આ વિશે વાત કરીએ તો હમણાં જ ચર્ચા કરવાની જીદ કરી તો હું શું કરું? તને ખબર નથી કે હું સટ્ટાના વ્યસનને પોષતો નથી? અને વિક્રમ, પિસ્તાલીસ લાખ રૂપિયા નાની રકમ નથી.'

જય સૂનમૂન થઈ ગયો હતો. બાપ-દીકરા વચ્ચે ચાલતા ઉગ્ર સંવાદમાં એ બોલશે તો દાઝી જશે એ ખબર હોવા છતાંય મૌન રહેવું એના માટે નુકસાનકારક હતું.

'મુરબ્બી, તમે રૂપિયા મને આપો છો મારા ધંધા માટે. હવે હું એને સટ્ટાના ધંધામાં લગાડું તો એમાં ખોટું શું? માફ કરજો, હું તર્ક કરવા નથી માગતો પણ...' જયને ડર હતો કે જગમોહન હમણાં એને 'ગેટઆઉટ' કહી દેશે.

'જય, મારા - અમારા ઘરના - અમારા બિઝનેસના અમુક નિયમ- સિદ્ધાંત છે. એ મારે અને બધાએ માનવા પડે. એક બીજી વાત મારે તમને કહેવી ન જોઈએ, પણ હવે તમે વાત ઉપાડી છે તો મને કહી દેવા દો. તમારા પિતાજી પણ હજી છ મહિના પહેલાં મારી પાસેથી એક મોટી રકમ ઉછીની લઈ ગયા છે. મેં એમને શેરબજારમાં નહીં લગાડવાની શરતે રૂપિયા આપ્યા હતા. મારું કામ નાણાં ધીરવાનું નથી. જય, આ વાત હું કરત પણ નહીં. મારી જૂની ઉધારીની વાત કરવાને બદલે તમે આજે નવી રકમ માગો છો તો એ શક્ય નથી... આઈ એમ સોરી!'

વિક્રમ અને જય બંને અવાક થઈ ગયા.જયના ચહેરાને જોઈને સાફ દેખાતું હતું કે એના પપ્પાની આવી મોટી ઉધારી વિશે એને પણ જાણ નહોતી.

'માફ કરજો, મને આ વાતની ખબર નથી, હું જરૂર પપ્પાને પૂછીશ.' જયના મોઢામાંથી અસ્પષ્ટ શબ્દો સરી પડ્યા.

'ના, તમારે બિલકુલ વચ્ચે પડવાની જરૂર નથી. એ મારા અને વિનાયકભાઈ વચ્ચેની વાત છે... તો વિક્રમ, અગાઉ રકમ દેતી વખતે મેં તારી ભલામણની આશા નહોતી રાખી. હવે તમે લોકો જઈ શકો છો.' જગમોહને ફેંસલો સુણાવી દીધો.

વિક્રમને ધીમે ધીમે કળ વળતી હતી.

'પપ્પા, તમે ભલે પહેલાં મદદ કરી હોય પણ હમણાં મારા કહેવા પર તમે જયને આ મુસીબતમાંથી બહાર કાઢી શકો તેમ છો. હું મારી પૂજાને શું જવાબ આપીશ?' વિક્રમથી બોલાઈ ગયું.

'ઓહ, તો એમ બોલને કે પત્નીને કેમ મોઢું દેખાડવું એની અવઢવમાં તું છો. એનો રસ્તો હું તને સૂચવીશ. બાકી રહી મુસીબતમાંથી બહાર કાઢવાની વાત. આપણને ખબર હોય કે આજુબાજુ કોઈ મદદ કરવાવાળું નથી તો મુસીબત આવે પણ નહીં. આ તો કોઈ ને કોઈ આપણો હાથ ઝાલી લેશે એ ખાતરી હોય એટલે આપણે સમસ્યા સામેથી નોતરીએ છીએ... આઈ એમ સોરી, મને તો ડર છે કે મારી આગલી રકમ પણ શેરબજારમાં જ ડૂબી ગઈ છે. જય, મારી કમાણી કાળી મજૂરીની છે અને એમાં નસીબને કોઈ અવકાશ નથી. પ્લીઝ... મને માફ કરો.'

જગમોહન થાકી ગયો હતો. હજી તો ઘણું વિચારવાનું બાકી હતું. કાલ માટેની વ્યૂહરચના બનાવવાની હતી અને આ લાકો બાલિશ વાતમાં એનો સમય વેડફી રહ્યા હતા.

'પપ્પા, તમે આ સારું નથી કરતાં. પહેલાં તમે મને પોલીસમાંથી ન બચાવ્યો. હવે મારા કહેવા પર મારા સાળાને રૂપિયા ન આપીને મારી પત્ની સામે મને નીચો પાડવા માગો છે. તમે શું ઈચ્છો છો વ્હોટ ડુ યુ વોન્ટ?' વિક્રમનો અવાજ ઊંચો થઈ ગયો.

'આઈ વોન્ટ ટુ બી લેફ્ટ અલોન... મને એકલો રહેવા દો પ્લીઝ, હું આ મેટરમાં કોઈ મદદ નહીં કરી શકું. જય... વન્સ અગેઈન ...આઈ એમ સોરી'

'ઓકે, હું જોઈ લઈશ, તમે કેમ રૂપિયા નથી આપતા.' બોલતો વિક્રમ ધમ... ધમ કરતો બહાર નીકળી ગયો. જય પણ એની પાછળ ધીમા પગલે બહાર સરકી ગયો.

ગાયત્રીએ રૂમમાં પ્રવેશીને પૂછ્યું: 'શું થયું કાકુ. વિક્રમભાઈ કેમ ગુસ્સામાં લાગતા હતા?'

'ગાયત્રી, નાનાએ મારી ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરી લીધાં. મોટો મારી પાસેથી બળજબરી રૂપિયા પડાવવા માગે છે. પત્ની માનતી જ નથી કે મારું જીવન જોખમમાં છે. તું એક કામ કર, મારા દુશ્મનને કહે કે હું આ રહ્યો, આવ અને મને ગોળી મારી દે. હવે હું કંટાળ્યો છું આ ન જીવી શકાતી જિંદગીથી અને ન આવતા મોતથી..!'

*********

'રૂપા... રૂપા.. રૂપા..' રૂપાના ખભા પકડીને કરણે એને હચમચાવી નાખી.


'તું આગળ વધીશ કે ફક્ત મારું નામ બોલ્યા રાખીશ? શું થયું? રૂપાએ કંટાળીને કહ્યું.

'સાંભળીને તો તું ગાંડી થઈ જઈશ.' કરણે કહ્યું.

'એ તો હું આમેય તારી સાથે રહીને થઈ જવાની છું.'

'સાંભળ રૂપા, મેં પપ્પાને કહી દીધું છું કે મેં તારી સાથે લગ્ન કરી લીધાં છે અને આવતા અઠવાડિયાથી તું મારી સાથે આવીને રહીશ.!' કરણે ઉન્માદમાં રૂપાને વાત કરી.

'વેરી ગુડ. આખરે તારામાં હિંમત આવી ખરી. પછી ?'




'પછી શું? આ વાર્તા થોડી છે? હવે આવતા અઠવાડિયાથી તું મારા ઘરે રહેજે. કેમ તું ખુશ નથી? '

રૂપા વિચારમાં પડી ગઈ.

'રૂપા, શું થયું? મેં કંઈ ખોટું કર્યું? કરણનો ઉત્સાહ ઓસરવા લાગ્યો.

'ના, ના, તેં તો બરાબર કર્યું છે, પણ તું જ કહે. તેં તારા પપ્પાને વાત કરી અને હવે હું આવતા અઠવાડિયેથી તારે ત્યાં રહેવા આવું... હાઉ બોરિંગ! કરણ, લગ્ન આવી રીતે કંઈ થોડું થાય ? કોઈ બેન્ડવાજા નહીં, વરઘોડો નહીં, કપડાં નહીં, સોના અને હીરાનાં ઘરેણાં નહીં.?!'

'અરે ગાંડી, એ બધું થઈ રહેશે. દીવાન પરિવારમાં આવીશ કે આ બધી વસ્તુઓ ગૌણ થઈ જશે.'

'ના હું એવી રીતે નથી આવવાની. મારું પણ કોઈ આત્મસન્માન છે કે નહીં? મારા માતા-પિતા મને જે આપે એ તો ઠીક છે, પણ તારા ઘરે તો મને વહુની જેમ આવકાર મળવો જોઈએ. આ કોઈ હોટલ છે કે ચેક ઈન કરાવીને સીધા રહેવા જતાં રહેવાનું?' રૂપા નારાજ થઈ ગઈ.

'તું નારાજ નહીં થા. મને તો એમ કે તું ખુશીથી ઊછળી પડીશ. એની વે, તું કહે કે તારે શું કરવું? પપ્પાને કહ્યું છે કે ચાલો, આપણે બેન્ડવાજાં લઈને રૂપાને તેડી આવીએ!'

રૂપાએ જવાબ ન આપ્યો. એ ઊંડા વિચારોમાં ખોવાયેલી રહી.

'રૂપા બોલને, કેમ ચૂપ છે? '

'સાંભળ, તારા પપ્પા પાસે ઘણા રૂપિયા છે ને?' રૂપાએ આસ્તેથી પૂછ્યું.

'અરે, એટલા બધા કે તું ગણતાં ગણતાં થાકી જાઈશ .!'

'ના, મારે એટલા રૂપિયા નથી ગણવા. સાંભળ કરણ, આપણે નવા જીવનની શરૂઆત કરીએ ત્યારે આપણી પાસે પોતાના રૂપિયા તો હોવા જોઈએ કે નહીં? માણસ પ્રવાસમાં જાય તો ખિસ્સામાં નાણાં હોય કે નહીં? તું શું મારા માટે કોઈ વસ્તુ ખરીદતી વખતે તારા બાપ પાસે રૂપિયા માંગીશ?'

'યસ, ધેટ ઈઝ અ પોઈન્ટ. તો બોલ, મારે શું કરવું?'

'તારા પપ્પાને જઈને કહે કે અમે નવજીવન શરૂ કરી રહ્યાં છીએ. અમને હમણાં પચ્ચીસ લાખ આપો. મારીપત્નીને હું પહેરેલા કપડે નથી લઈ આવવાનો!' કરણના ગાલ પર ટપલી મારતાં રૂપાએ કહ્યું.

'તું આ પહેલાં કેમ ન બોલી? એક સાથે બંને વાત થઈ જાતને! એની વે, હું આજે જ પપ્પાને વાત કરીશ. હવે રાજી?'

'કરણ, આ ફક્ત મારે માટે નથી. આપણા બંને માટે છે....તારે જવું હોય તો જા નહીંતર રહેવા દે.' રૂપા રિસાઈ ગઈ.

'અરે ડાર્લિંગ, તું નારાજ નહીં થા. હું આજે જ પપ્પા પાસેથી રૂપિયા લઈ લઈશ. ઓ. કે.?'

'આજે નહીં, તું હમણાં જ જા, નહિતર વળી ભૂલી જઈશ. '

***********

'પપ્પાએ તને ના પાડી અને તું ખાલી હાથે પાછો આવી ગયો?!' જાણે માની ન શકતી હોય એ રીતે પૂજા કહેતી હતી.

'તો શું હું પપ્પાનું ગળું દબાવીને એમ કહેત કે હમણાં જ રૂપિયા આપો નહીંતર... ' વિક્રમ ચિડાઈ ગયો.

'એમ નહીં, પણ તારા હકની વસ્તુ તું ક્યારેય માગી નથી શકતો. ગામમાં જે વસ્તુ અને વ્યક્તિ તારી નથી એની પાછળ પડ્યો રહે છે' પૂજાએ કડવાશથી કહ્યું. થોડી ક્ષણો બાદ ઉમેર્યું:

'હવે હું મારા ભાઈને કેવી રીતે મોઢું દેખાડીશ?'

મને વિચારવા તો દે. હું પણ શાંતિથી બેઠો રહું એવો નથી. કંઈ ને કંઈ તો કરીશ જ. કોઈ પ્લાન બનાવવો પડશે.'

'અરે, તમે પ્લાન બનાવો એ પહેલાં તો મારો ભાઈ ઉકલી જશેએટલો સમય નથી. જે કરવું હોય એ એક-બે દિવસમાં કરો તો સારુ!' પૂજાની આંખમાં આંસુ ધસી આવ્યાં.

'હવે તું રડવા ન બેસ. આ ગમે ત્યારે, ગમે તે સ્થિતિમાં તમે લોકો આંખમાં પાણી કેવી રીતે લાવી શકો છો? મને થોડો સમય તો આપ.' વિક્રમ બોલ્યો.

'તમારે જે કહેવું હોય એ કહો પણ મારી પાસે ઝાઝો સમય નથી. જે કરવું હોય એ કાલ સુધી કરી લેજો'

'ઠીક છે... ઠીક છે.... હવે મારે જ કંઈ કરવું પડશે. આમ કંઈ ચાલતું હશે? મારે રૂપિયા જોઈએ અને મને ન મળે? તો પછી શ્રીમંત થવાનો લાભ શું? પૂજા, તું ચિંતા નહીં કર. હું કંઈક વિચારું છું.'

પૂજા છણકો કરતાં રસોડામાં ગઈ ત્યારે વિક્રમના મગજમાં એક યોજના આકાર લઈ રહી હતી....

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગરબાની પંક્તિઓની જોડી જમાવો

| A | B |
|---|---|
| ઘોર અંધારી રે | બેડાં મારા નંદવાણાં રે |
| સોનલ ગરબો શિરે | ભોળી ભવાની માં |
| આકાશમાંથી ઉતર્યા રે | મારો સુતો સોણલડો જાગ્યો |
| પેથલપુરમાં પાવો વાગ્યોને | રાતલડીમાં નીકળ્યા ચાર અસવાર |
| પાળેથી લપસ્યો પગ | અંબે મા ચાલો ધીરે ધીરે |

### ઓળખાણ પડી?



શક્તિની આરાધના ઉપરાંત વિવિધ માન્યતાઓ સાથે જોડાયેલા સુરત સહિતના અન્ય આદિવાસીઓના આ અનન્ય લોક નૃત્યની ઓળખાણ પડી?

અ) ચાલ નૃત્ય બ) ઘેરૈયા નૃત્ય ક) વાચાળ નૃત્ય ડ) શિકાર નૃત્ય

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ઘ | ૨ શ | ક્તિ | | ૩ સ | ચ | રા | ૪ ચ | ૫ ર |
| ત્મ | | રા | | ૬ ત્રિ | ક | | | ૭ ડા | મ |
| ૮ ગ | રી | બ | | ૯ ભુ | લ | ૧૦ ભુ | લા | મ | ણી |
| ત | | | ૧૧ ના | વ | | વ | | ણી | |
| | ૧૨ પ્ર | ૧૩ ભા | | ૧૪ ન | ૧૫ વી | ન | તા | | ૧૬ ત્રિ |
| ૧૭ મ | હા | રા | ૧૮ જ | | ૧૯ સ | મો | | ૨૦ હ | વે |
| ૨૧ હિ | ર | | ૨૨ મ | ૨૨અ ના | | ૨૩ હિ | રા | ક | ણી |
| ષા | | ૨૪ કું | વા | રા | | ની | | દા | |
| ૨૫ સુ | ૨૬ યા | ણી | | ૨૭ ય | ૨૮ થા | | ૨૯ કા | ર | ૩૦ સો |
| ૩૧ ર | દ | | ૩૨ મ | ણિ | ક | ર્ણિ | કા | | મ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | ૫ | | |
| | | | | ૬ | | ૭ | | | ૮ |
| ૯ | | | | ૧૦ | ૧૧ | | ૧૨ | | |
| | | | ૧૩ | | ૧૪ | | | | |
| ૧૫ | | ૧૬ | | | | | ૧૭ | | |
| | | | | ૧૮ | | ૧૯ | | | |
| ૨૦ | ૨૧ | | | ૨૨ | ૨૩ | | | ૨૪ | ૨૫ |
| ૨૬ | | | ૨૭ | | | | ૨૮ | | |
| | | ૨૯ | | | ૩૦ | ૩૧ | | ૩૨ | |
| ૩૩ | | | | ૩૪ | | | | | |

**આડી ચાવી**

૧. શ્રેષ્ઠ મુનિ (૪)
૩. દેવી-દુર્ગા, યાજ્ઞવલ્કમ મુનિની પત્ની (૪)
૭. માપવાનું સાધન (૨)
૯. તબિયત (૩)
૧૦. આદત, કુટેવ (૨)
૧૨. -- જોખવાથી ક્યારેક સંબંધ બચી જાય (જો.છૂ.) (૩)
૧૪. બાતલ, નકામું (૨)
૧૫. કલાને આકાર આપનાર (૪)
૧૭. ગુજરાતનું લોકનાટ્ય (૩)
૧૯. -- બેસવી એટલે વાત સમજવી (૨)
૨૦. નાશિક પાસેનું જ્યોતિર્લિંગ (૩)
૨૨. જે ન સમજાય તે (૩)
૨૪. અને (૨)
૨૬. બાળક (૨)
૨૭. જ્ઞાનતંતુનો રોગ (૩)
૨૮. અશાંતિ (૩)
૨૯. તાડછાના દોરા જેવા રેસા (૨)
૩૦. છુટ્ટી (૨)
૩૨. જ્વર, શરીર ગરમ હોવું તે (૨)
૩૩. ટીકા (૩)
૩૪. કંકુ રાખનારું પાત્ર (૪)

**ઊભી ચાવી**

૧. રવિશંકર મહારાજ ---- હતા (૫)
૨. દોરડું (૩)
૪. છોડવું તે (૨)
૫. યજ્ઞ (૩)
૬. ગઇ-કે આવતી - (૨)
૮. ચબરાકી, ચાલાકી (૪)
૧૧. બાજુ, ભણી, પક્ષ (૩)
૧૩. બારણું (૨)
૧૬. લોલુપ (૩)
૧૭. હિંમતવાન, બહાદુર (૨)
૧૮. ઠઠ્ઠા, મશ્કરી (૩)
૧૯. ઋતુ આવી તેવી (૨)
૨૦. ત્રાંબાની નગરી (૪)
૨૧. તાકાત શક્તિ (૨)
૨૩. કૃષ્ણની નગરી (૪)
૨૪. --- નાં ભીંતચિત્રો અનુપમ છે (૩)
૨૫. રૂપા-ચાંદીની નગરી (૪)
૨૭. 'લખવું'નું આજ્ઞાર્થ (૨)
૨૯. બોલાય તે (૨)
૩૧. 'જવું'નું આજ્ઞાર્થ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'આજ અમે ગ્યાતા ગ્યા'તાં મોચીડાને હાટ જો' પંક્તિમાં હાટ શબ્દનો અર્થ જણાવો.

અ) મકાન બ) મેદાન ક) દુકાન ડ) ઓસરી

### ગુજરાત મોરી મોરી રે

અત્યંત લોકપ્રિય ગીત - ગરબામાં ખૂટતો શબ્દ જણાવો.

વાછરું વરાહે મેં તો ---------- બાંધ્યાં, નેતરાં લઈને હાથ, મોરલી ક્યાં રે વગાડી?

અ) વાસણો બ) કોઠીમડાં ક) છોકરાં ડ) દોરડે

### માતૃભાષાની મહેક

સમૂહમાં વર્તુળાકારે ફરતાં દેવીની સ્તુતિમાં ગીતો ગાતી વખતે દીપ પ્રગટાવેલા માટીના ઘડા માટે ગરબો શબ્દ વપરાતો. ગરબી એટલે દીવા પ્રગટાવેલી લાકડાની ઘોડી. માંડવી નામે પણ ઓળખાય છે. ગરબો અને ગરબી શબ્દો મૂળે વસ્તુ સૂચવતા નામ હતાં અને પછી અર્થમાં રૂપાંતર થતાં તે ગીતના પ્રકારનાં સૂચક નામ બન્યાં.

### ઈર્શાદ

ગગનમંડળની ગાગરડી ગુણ ગરબી રે,
તેણી રમી ભવાની રાસ, ગાઉં ગુણ ગરબી રે.

-- ભાણદાસ

### સુડોકુ-૭૦૦૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | ૬ | | ૭ | | ૫ | |
| | ૩ | ૯ | | | | ૬ | ૪ | |
| | | | ૮ | | ૩ | | | |
| ૫ | ૧ | ૪ | | | | ૮ | ૩ | ૯ |
| | | ૬ | | | | ૪ | | |
| ૯ | ૮ | ૩ | | | | ૭ | ૬ | ૨ |
| | | | ૧ | | ૬ | | | |
| | ૬ | ૨ | | | | ૩ | ૮ | |
| | ૫ | | ૨ | | ૮ | | ૯ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૦૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૪ | ૩ | ૫ | ૧ | ૬ | ૨ | ૮ | ૯ |
| ૫ | ૨ | ૮ | ૯ | ૩ | ૪ | ૬ | ૧ | ૭ |
| ૯ | ૧ | ૬ | ૭ | ૨ | ૮ | ૪ | ૩ | ૫ |
| ૩ | ૭ | ૨ | ૪ | ૮ | ૧ | ૫ | ૯ | ૬ |
| ૬ | ૯ | ૧ | ૨ | ૫ | ૭ | ૩ | ૪ | ૮ |
| ૮ | ૫ | ૪ | ૬ | ૯ | ૩ | ૭ | ૨ | ૧ |
| ૧ | ૩ | ૭ | ૮ | ૪ | ૫ | ૯ | ૬ | ૨ |
| ૪ | ૬ | ૯ | ૧ | ૭ | ૨ | ૮ | ૫ | ૩ |
| ૨ | ૮ | ૫ | ૩ | ૬ | ૯ | ૧ | ૭ | ૪ |

### માઈન્ડ ગેમ

ગુજરાતના કયા શહેરના ગરબાએ વિશાળતા અને ભવ્યતાને કારણે વિક્રમ સર્જી 'લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે એ કહી શકશો?

અ) ગાંધીનગર બ) અમદાવાદ ક) સુરત ડ) વડોદરા

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| સ્નાયુ | Muscle |
| લીંટ | Mucus |
| બરોળ | Spleen |
| ચરબી | Fat |
| ચયાપચય | Metabolism |

માઈન્ડ ગેમ
૪૮૬

ઓળખાણ પડી?
પ્રોજેરિયા

ગુજરાત મોરી મોરી રે
જંગલ

ચતુર આપો જવાબ અર્થ જણાવો
સંધ્યા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) નીતા દેસાઈ (૫) ડૉ. પ્રકાશ કટકિયા (૬) ભારતી પ્રકાશ કટકિયા (૭) સુભાષ મોમાયા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) તાહેર ઔરંગાબાદવાલા (૧૦) ધીરેન્દ્ર ઉદેશી (૧૧) ગીતા ઉદેશી (૧૨) પ્રતિમા પમાણી (૧૩) વિભા મહેશ્વરી (૧૪) મહેશ દોશી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) પુષ્પા પટેલ (૧૯) ખુશરૂ કાપડિયા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) શ્રદ્ધા આશર (૨૨) નુતન વિપીન (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિતીન બજરિયા (૨૬) ભાવના કર્વે (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) અશોક સંઘવી (૩૧) મીના ભગત (૩૨) રજનીકાંત પટવા (૩૩) સુનીતા પટવા (૩૪) વિણા સંપટ (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) હર્ષા મહેતા (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) સુરેખા દેસાઈ (૪૨) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૩) જગદીશ ઠક્કર (૪૪) પ્રવીણ વોરા (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) હિના દલાલ (૪૭) ઈનાક્ષી દલાલ (૪૮) રમેશ દલાલ (૪૯) અરવિંદ કામદાર (૫૦) જયવંત પદમશી ચિખલ (૫૧) કલ્પના આશર

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# નવરાત્રિમાં શક્કરિયાં જરૂરથી ખાજો... આયુષ્ય વધશે

**નવરાત્રિના** દિવસો ચાલી રહ્યા છે. પાવન પર્વની ઊજવણીમાં ભક્તો માના પૂજન-અર્ચનમાં ભક્તિમય બની જાય છે. ભક્તો આ દિવસોમાં ઉપવાસ, ફરાળ કે એકટંક ભોજન કરવાનું પસંદ કરે છે. વળી કેટલાંક ભક્તો ફક્ત ફળ કે કંદમૂળ ખાઈને મા ના વિવિધ સ્વરૂપની આરાધનામાં મગ્ન બનતાં હોય છે. કુદરતી મીઠાશ ધરાવતાં શક્કરિયાં એક એવું કંદમૂળ છે, જેનો ઉપયોગ ફરાળમાં સરળતાથી કરી શકાય છે. શક્કરિયાં સ્વાસ્થ્યવર્ધક હોવાની સાથે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. શક્કરિયાંનું સેવન કર્યા બાદ લાંબા સમય સુધી પેટ ભરાયેલું લાગે છે. રોગપ્રતિકારક શક્તિ વધારે છે. હાલમાં તો સ્વાસ્થ્ય પ્રત્યે ઉત્સાહી યુવાવર્ગ તેમજ ઈન્સ્ટાગ્રામ ઉપર ઝટપટ નુસખાં બતાવતાં નિષ્ણાત આહારતજજ્ઞ શક્કરિયાંની પૌષ્ટિક્તા વિશે વારંવાર વાતો કરતાં જોવા મળે છે. તેમાં વિટામિન એ, વિટામિન સી, મેંગેનીઝ જેવા અનેક વિટામિન સમાયેલાં હોય છે. કેન્સર વિરોધી ગુણને કારણે શક્કરિયા હાલમાં અત્યંત પ્રચલિત બન્યાં છે. શક્કરિયાં એક મીઠાશ ધરાવતું કંદમૂળ છે. વૈજ્ઞાનિક રૂપથી તે ઈપોમિયા બટાટા તરીકે ઓળખાય છે. વિવિધતાની વાત કરીએ તો ૧૦૦ અલગ-અલગ પ્રકારના શક્કરીયાંની ખેતી કરવામાં આવે છે. કેટલાંક સફેદ દૂધ જેવા, લાલ, ભૂખરા, પીળાશ પડતાં, રીંગણના રંગના આછા જાંબલી જોવા મળે છે. સૌથી વધુ ઉપયોગમાં લેવાતાં શક્કરિયાં 'કોવિંગટન' છે. જેની છાલ ગુલાબી તથા માવો આછો ચમકદાર નારંગી રંગનો જોવા મળે છે.

શક્કરિયાંને બાફીને ખાઈ શકાય, શેકીને ખાઈ શકાય, બૅક કરીને ખાઈ શકાય, તળીને ખાઈ શકાય, ફરાળી શાક બનાવીને ખાઈ શકાય કે શક્કરિયાંને અન્ય શાકભાજીમાં ભેળવીને ખાઈ શકાય છે.





### શક્કરિયાંનો ચાટ

૩ નંગ બાફેલાં શક્કરિયાં, ૧ મોટી ચમચી મીઠી ખજૂરની ચટણી, ૧ ચમચી કોથમીરની લીલી ચટણી, સ્વાદાનુસાર સંચળ, કોથમીર, ૧ નાની ચમચી શેકેલું જીરું, દાડમના દાણા સજાવટ માટે, ખારી સીંગ ૧ ચમચી.

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ શક્કરિયાંને બાફી લેવા. તેના એક સરખાં ટુકડા કરી લેવાં. હવે એક પ્લેટમાં તેને ગોઠવી દેવાં. ઉપરથી મીઠી ચટણી, તીખી ચટણીથી સજાવવું. શેકેલું જીરું ભભરાવવું. દાડમના દાણા, ખારી સીંગ ગોઠવવી. ચાટ મસાલો ભભરાવવો. કોથમીરથી સજાવીને ચાટ સર્વ કરવો. આ ચાટ સર્વ કરવા માટે બદામના પાનના કે ખાખરાના પાનના 'પડિયા' બજારમાં મળે છે તેને સાફ કરીને ઉપયોગ કરવાથી ચાટની મજા બેવડાઈ જશે.

### શક્કરિયાંના ફાયદા

**લાંબું જીવનઃ** તંદુરસ્ત તથા લાંબું જીવન જીવવાની પ્રત્યેક વ્યક્તિને ચાહ હોય છે. શક્કરિયાંનો આહારમાં ઉપયોગ નિયમિત પ્રમાણભાન રાખીને કરવાથી આપ દીર્ઘાયુષ્ય મેળવી શકશો. શક્કરિયાંમાં બીટા-કેરોટીનની માત્રા ભરપૂર સમાયેલી છે. વળી અનેક અધ્યયન દ્વારા જાણવા મળ્યું છે કે બીટા-કેરોટીનથી ભરપૂર શક્કરિયાંનું સેવન કરવું જોઈએ. જેને કારણે સ્વાસ્થ્ય સંબંધિત બીમારીનો ખતરો ઘટવા લાગે છે. જેને કારણે વ્યક્તિ લાંબું આયુષ્ય મેળવે છે. ઍન્ટિ-ઓક્સિડન્ટના લાભ શરીરને પૂર્ણ પણે મળે છે. તે માટે શક્કરિયાંને તળવા કે વઘારવાને બદલે તેને બાફીને કે શેકીને ખાવા સૌથી શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

**પેટના સ્વાસ્થ્ય માટે લાભકારકઃ** શક્કરીયાં ફાઈબર તથા ઍન્ટિ-ઑક્સિડન્ટથી ભરપૂર હોય છે. શક્કરિયાંમાં ફાઈબરની માત્રા ભરપૂર હોય છે. જે પાચનક્રિયાને મજબૂત બનાવવામાં મદદ કરે છે. વૈદ્યકીય નિષ્ણાતનું માનવું છે કે ફાઈબર યુક્ત આહાર લેવાથી કૅન્સરની સંભાવના ઘટી જાય છે.

**આંખની તંદુરસ્તી જાળવવામાં ગુણકારીઃ** શક્કરિયાંનું સેવન નિયમિત કરવાથી આંખની તંદુરસ્તી જાળવવામાં મદદ મળે છે. શક્કરિયાંમાં બીટા-કેરોટીનની માત્રા વધુ હોય છે. જેને કારણે સાફ કર્યા બાદ તેની છાલ ચમકદાર લાગે છે.

બીટા-કેરોટીન માનવ શરીરમાં વિટામિન એમાં પરિવર્તિત બની જાય છે. જે આંખમાં પ્રકાશની ઓળખ કરનાર રિસેપ્ટર્સ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

મેડિકલ અધ્યયન બાદ એવું પણ જાણવા મળે છે કે શક્કરિયાંમાં સમાયેલું એંથોસાયનિન આંખની કોશિકાઓને નુકસાનથી બચાવવામાં મદદ કરી શકે છે.

**બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખે છે :** દુનિયામાં અનેક લોકો ઊંચા બ્લડપ્રેશરની તકલીફ સાથે જીવતાં હોય છે. જેને કારણે તેઓ હૃદય સંબંધિત વ્યાધિના સરળતાથી શિકાર બની જાય છે. તે માટે અપૂરતી ઊંઘ, માનસિક તાણ, ફાસ્ટ ફૂડનો આહારમાં વારંવાર ઉપયોગ જવાબદાર ગણાય છે. શક્કરિયાંની સાથે વિવિધ તાજા શાકભાજી તેમજ ફળોનો સમાવેશ આહારમાં કરવાથી બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. કામ કરવાની કાર્યક્ષમતા વધવાની સાથે વજન નિયંત્રણમાં રહે છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારે છેઃ** શક્કરિયાં શરીરને બહારી તત્ત્વો જેવા કે ફ્રી રેડિકલ ડૈમેજથી લડવાની શક્તિ મજબૂત બનાવવામાં મદદ કરે છે. ફ્રી રેડિકલ્સને કારણે શરીરની કોશિકાઓની સંરચનાને થતાં નુકસાનથી બચાવે છે. ઑક્સિડેટીવ ક્ષતિને કારણે આવતાં સોજા કે લાંબા સમયથી કોઈ બીમારી સતાવતી હોય તો તેનાથી બચાવે છે. જેમ કે કૅન્સર ફેલાવું, હૃદય સંબંધિત સમસ્યા કે લિવરને થયેલાં નુકસાનથી બચાવે છે.

શક્કરિયાંમાં ઍન્ટિ-ઓક્સિડન્ટનું પ્રમાણ ભરપૂર હોય છે. તેના નિયમિત સેવનથી શરીરને પ્રદૂષણ કે વધુ પડતાં સૂર્યપ્રકાશથી થતાં નુકસાનની સામે લડવામાં મદદ કરે છે.

**હાડકાં માટે લાભકારકઃ** શક્કરિયાં વિટામિન ડીની ભરપૂર માત્રા ધરાવે છે. વિટામિન દાંત, હાડકાં, ત્વચા તથા શરીરની કોશિકાના યોગ્ય વિકાસ-મજબૂતાઈ જાળવવા માટે આવશ્યક ગણાય છે.

**બ્લડશુગરને નિંયત્રણમાં રાખેઃ** શક્કરિયાંમાં કેરોટીનૉઈડ નામક તત્ત્વ હોય છે. જે બ્લડ શુગરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. વળી તેમાં વિટામિન બી-૬, ડાયાબિટીક, હૃદય સંબંધિત તકલીફમાં ગુણકારી છે.

શક્કરિયાંમાં પ્રાકૃતિક મીઠાશ સમાયેલી છે. શક્કરિયાંનો ઉપયોગ કરીને વિવિધ વ્યંજનો બનાવી શકાય છે. તેને બટાટાની ચીપ્સની જેમ તળીને ખાઈ શકાય છે. શક્કરિયાંને બાફીને તેની ઉપર સિંધામૂણ, લીંબૂ, કોથમીર છાંટીને ચાટ સ્વરૂપે ખાઈ શકાય છે. શક્કરિયાંની ટિક્કી બનાવી શકાય છે, શક્કરિયાંનો શીરો પણ બનાવી શકાય છે. સગડી કે કોલસામાં શેકીને તે સ્વાદિષ્ટ- અત્યંત મીઠા બની જાય છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# ઉધરસની ઉપાધિ

### ઉધરસ એટલે શું?

* ઉધરસની શરૂઆત હંમેશાં શરીરના રક્ષણ માટે થાય છે.

* જ્યારે બહારની બિનજરૂરી વસ્તુ (ધુમાડો, રજકણો, આહાર વગેરે) શ્વાસનળીમાં પ્રવેશ કરે છે ત્યારે ફેફસાંઓ સ્વરક્ષણ માટે પોતામાં ભરાયેલી હવા દ્વારા તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે, તેને ઉધરસ કહેવાય છે. તેની પ્રક્રિયા નીચે મુજબ છે.

- જ્યારે બહારની વસ્તુ શ્વાસનળીમાં રહેલા ચેતાતંતુઓ મગજને તરત જ સંકેત આપે છે.
- છાતી, ફેફસાં અને પેટના સ્નાયુઓને મગજ સંકેત આપીને સક્રિય કરે છે.
- તે સ્નાયુઓ પ્રથમ ફેફસાંની અંદર હવા ભરીને તેને ૧૬૦ કી.મી./કલાકની સ્પીડે બહાર કાઢે છે.

### વાત, પિત્ત ને કફથી થતી ઉધરસનાં લક્ષણઃ

**વાત પ્રકૃતિઃ**

* પેટમાં રહેલો અપક્વ રસ ઉપર ચઢે ત્યારે થાય.
* મોઢું સુકાય જાય અને ખાંસી સૂકી હોય.
* શરીર અશક્ત જણાય.
* વારંવાર ખાંસી આવ્યા કરે અને અવાજ બેસી જાય.
* શરદી-કફ થયા વિના ડાયરેક્ટ ઉધરસ થઈ શકે.



વાત

**પિત્ત પ્રકૃતિઃ**

* પિત્ત અથવા વાત-પિત્ત પ્રકૃતિવાળા લોકોને મોટા ભાગે થતી હોય છે.
* શરદી-કફ થયા વિના ડાયરેક્ટ ઉધરસ થાય.
* મોઢું કડવું રહે અને અવાજ બેસી શકે.
* ઉધરસ વખતે ગળામાં બળતરા થાય.
* મોટા ભાગે ઉષ્ણઋતુમાં અથવા ઋતુ બદલાય ત્યારે થાય.
* પીળા રંગ જેવી કડવી ઊલટી થઈ શકે.



પિત્ત

**કફ પ્રકૃતિઃ**

* કફના ગળફા નીકળ્યા કરે અને છાતી કફથી ભરેલી જણાય.
* મોટા ભાગે શરદી-કફ થયા પછી ઉધરસ થાય.
* મોઢું ચીકણું રહે.
* શરીર ભારે અને શિથિલ થઈ શકે.
* ભોજન પર અરુચિ રહે.



કફ

### ઉધરસ થવાનાં અન્ય કારણ

* જે કારણોથી ગળાનું ઈન્ફેક્શન થાય તે જ કારણોથી ઉધરસ પણ થઈ શકે છે.
* તણાવ, ચિંતા અને ડીપ્રેશનયુક્ત જીવવાથી આપણી શ્વાસનળી સંકુચિત થઈ જાય છે અને તેના રક્ષણ માટે શરીર ઉધરસ ઉત્પન્ન કરે છે.
* વધુ ઉતાવળમાં અને ચાવ્યા વિના જમવાથી થયેલ અજીર્ણથી.
* વધુ પડતા ઠંડા પદાર્થોના સેવનથી.
* મળ-મૂત્રના વેગને રોકવાની આદતથી.
* શ્વાસ સંબંધી રોગ થવાથી. (અસ્થમા વગેરે)
* ધૂમ્રપાન કે તમાકુના વ્યસનથી.
* ઉધરસ ખાવાની ખોટી ટેવ પડી જવાથી.

### ઉધરસ માટેના ઉપચાર

**વાત-પિત્તના કારણે થયેલી ઉધરસના ઉપચાર (જેમાં ભીનો કફ ન હોય)**

- ૩ ગ્રામ જેઠીમધનું ચૂર્ણ ૧ ચમચી ઘી સાથે ચાટવું.
- કાળી દ્રાક્ષ અને સાકર મોઢામાં રાખવી.
- ૧ કેળું, ૧ ચમચી ઘી અને ૧ ચમચી સાકર ભેગું કરીને લેવું.
- છાલ સાથે ચીકુ ખાવા.
- વધુ પિત્તના કાણે ઉધરસ થઈ હોય તો માપસરનાં ઠંડા પ્રવાહી લઈ શકાય.

### કફના કારણથી થયેલી ઉધરસના ઉપચાર

- લવિંગ મોંમાં રાખી ચૂસવું.
- ૧ ચમચી મધ અને ૨ ચમચી આદુનો રસ મેળવીને પીવો.
- ૨ થી ૩ ચમચી ફુદીનાનો રસ પીવો.
- ૧-૨ ચમચી લીંબુના રસમાં તેનાથી ચારગણું મધ મેળવીને ચાટવું.
- અડધી ચમચી તજ અથવા મરીનું ચૂર્ણ ૧ કપ દૂધમાં ઉકાળીને પીવું.
- ૧ ચમચી અરડૂસીના પાનના રસ સાથે ૧ ચમચી મધ લેવું.
- હળદર અને સૂંઠ સવાર-સાંજ મધમાં ચાટવું.
- ૧ કપ ગરમ કરેલા દૂધમાં ૧-૧ ચમચી હળદર અને ઘી મેળવીને પીવું.
- થોડી ખજૂર ખાઈ ઉપરથી થોડું ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈ નીકળી જશે, અને ઉધરસ તથા દમ મટશે.
- મીઠું અને હળદરવાળો શેકેલો અજમો જમ્યા પછી મુખવાસ તરીકે ખાવથી ઉધરસ અને શરદી મટે છે.
- હળદર અને મીઠાવાળા ગરમ શેકેલા ચણા (દાળિયા) ખાવા. ■



feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# કાનના રોગ

આપણું જીવન આદિકાળથી પ્રકૃતિ સાથે વણાયેલું રહ્યું છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ તત્ત્વો વડે પ્રકૃતિ બનેલી છે. તેમ માનવીય શરીર પણ પાંચ તત્ત્વો અને પાંચ ઇન્દ્રિયથી બનેલું છે. પ્રત્યેક ઇન્દ્રિયનું કાર્ય મનુષ્યને દુનિયાને સમજવામાં મદદ કરે છે. પ્રકૃતિએ આપણને પાંચ ઇન્દ્રિયો આપી છે. જે આપણી સાંભળવાની શક્તિ પાંચ ઇન્દ્રિયોમાંની એક છે. આપણા રોજના કામ અને આનંદ આની પર નિર્ભર છે. એ અંગ છે કાન જે સાંભળવામાં મદદ કરે છે. કાન ધ્વનિ સંકેતોને ઓળખી એકત્ર કરીને શ્રવણ તંત્રિકા પાસે પહોંચાડવાનું કામ કરે છે. સામાન્ય જીવન જીવવા માટે આપણે સાંભળવાની શક્તિ પર નિર્ભર છીએ.

કાન માનવ શરીરનું એક સંવેદનશીલ અંગ છે. જે બાહ્ય, આંતરિક, મધ્ય કાન મળીને બને છે. કાન અને ગળા સાથે જોડાયેલી યુસ્ટેશિયન ટ્યુબ મહત્ત્વની છે. જેમાં એક તરલ પદાર્થ સીબમ નામનો ચીકણો મીણ જેવો પદાર્થ હોય છે. જેમાં ધ્વનિ તરંગ પકડાય છે. જે જીવાણુંના સંક્રમણથી બચાવે છે. કાનની અંદરની ત્વચાની રક્ષા કરે છે. કાન સૂકાઇ જવાથી બચાવે છે. આ સીબમ કેરાટીન, કોલેસ્ટ્રોલ, ફેટી એસિડ, સ્કવેલીન જેવા પદાર્થથી બનેલો છે. કાનની બીમારીઓથી બચાવ જરૂરી છે. સાંભળવામાં તકલીફ, કાનમાં પરુ, કાનમાં સોજા, કાનમાં દુઃખાવો, કાનમાંથી અવાજ આવવો કે સીટી જેવું વાગવા જેવું લાગવું, કાનમાં પડઘા, કાનના સણકા, ડાયાબિટિશની બીમારીમાં કાનમાં ઓછું સંભળાવું , કાનમાં ફોલ્લી, કફ વધવાથી કાનમાં દુઃખાવો વગેરે જેવી બીમારી થાય છે. બધી બીમારીઓ લગભગ શરીરમાં સુગર વધી જવાથી કે એસીડીટીના કારણે કફ વધી જવાથી થાય છે. આના ઇલાજ સરળ છે. હાલની બીમારીમાં ઇઅર ફોન વધુ અવાજના કારણે ધ્વનિની ફ્રિકવન્સી પાંસઠ ડેસિબલની છે. આનાથી વધુ અવાજને કારણે કાનના પડદા પર અસર થાય છે. રાત ભર કાનમાં ઇઅર ફોન રાખવાથી પડદા ઢીલા પડી જાય છે. વધુ ઘોંઘાટવાળા અવાજના કારણે પણ પડદા અને તેના નરમ હાડકાં પર કંપન વધી જાય છે અને બહેરાશ આવે છે. કાનમાં કોઇ ક્રિમ કે કેમિકલવાળા ડ્રોપ નાખવાના કારણે બહેરાશથી સાથે આંખ પર પણ અસર થાય છે. આંખથી ધૂંધળું દેખાય છે. કાનમાંથી સતત પરુ નીકળતું હોય તો શરીરની સુગર તપાસવી જો સૌથી વધુ હોય તો તેને ઘટાડવી જરૂરી છે. કાનના કેન્સરમાં પણ લોહીની સુગર વધી જવાથી અને સતત ઍન્ટિ બાયોટિક દવા તેમ જ કાનના કેમિકલવાળા ડ્રોપના કારણે થાય છે.

પાંચેય ઇન્દ્રિયો મહત્ત્વની છે તેમાં કાન સાંભળવાનું તેમ જ શરીરનું સંતુલન જાળવવાનું કામ, તેમ જ આનંદ આપવાનું કામ કરે છે. સંભળાય તો જ ભાષા બોલી શકાય માટે કાનની સંભાળ બીમારી થાય ત્યારે જ નહીં પણ સતત ધ્યાન રાખવું. શરીરમાં સુગરનું સંતુલન જાળવવું. કફ પર કંટ્રોલ કરવો.

ઘઉંનું થૂલું (વીટબ્રાન) આમાં ભરપૂર ફાઇબર હોય છે. જે જમા થયેલી શરીરમાંથી ગંદકી કાઢી નાખે છે. પાંચનતંત્રને સુદૃઢ રાખે છે. સુગરને તરત જ નિયંત્રિત કરે છે. આંતરડાને સાફ રાખે છે. જેથી ગૅસ, એસિડિટી થતી નથી. પરિણામે કાનમાં થયેલો પરુ સોસી લે છે. કાનના દર્દો માટે આની રોટલી બનાવી ખાવી અથવા ઘઉંના લોટમાં થૂલું નાખી રોટલી બનાવી બીજા પૂલા જેવા કે રાઇસબ્રાન બાજરાનું થુલું મકાઇનુ થૂલૂ વગેરેની રોટલી બનાવી લેવી. રોટલી ફકત ચટણીઓ સાથે ખાવી. વિવિધ પ્રકારના શાકભાજીની ચટણી સાથે ખાવી. ફળોની ચટણી બનાવી ખાવી. તેલમાં કે ઘીમાં રાધેલા શાક ન લેવા થોડા સમય સુધી ચટણીઓ અને થુલાવાળી રોટલી ખાવી. અગાઉના લેખોમાં ચટણીઓ વિશેની માહિતી આપેલ છે. ચટણીઓ હળદર, કોકમ, પેરૂ, ટીંડલી, તૂરિયા, વટાણા, દૂધીની છાલ, એપલ, નાસપતિ, કોથમીર, ફૂદીનો વગેરેની લઇ શકાય. આ એક અતિ સરળ ઇલાજ છે. લગભગ બધી જ કાનની બીમારી સરળતાથી સાજી થઇ શકે છે.



### એલોવીરાની જેલ

(ચીકણો પદાર્થ) બેથી ત્રણ ચમચી લેવો. જેથી કફ તરત જ ઓછો થઇ જાય. સુગર લેવલ ડાઉન થતાં જ કાનનો દુઃખાવો બંધ થાય છે.




### ખોરાસણી અજમો

કાળા રંગનો તલથી સહેજ મોટી સાઇઝનો છે. આ ગુણોનો ભંડાર છે. બધા જ કરિયાણાની દુકાન પર મળે છે. શેકી લેવા તેમાં અનારદાણા, શેકેલા તલ, શેકલાસિંગ , હીંગ, મીઠું, લાલ મરચુ નાખી કોરી ચટણી બનાવવી. થુલાની રોટલી સાથે ખાવી.



### ખાટી પાલક

(ચૂકા ભાજી, આંબટ ચૂકા) આ ભાજી રસ સ્વાદિષ્ટ છે. ચટણી પણ બનાવી શકાય છે. વિટામિન-સી બધા જ પ્રકારની વિટામિનબીથી ભરપૂર છે. જે કાનના દર્દોને ત્વરિત સાજો કરે છે. પાર્સલી ભાજીનો રસ લઇ શકાય. કાનની કોઇપણ બીમારીમાં બાફેલું કે રાંધેલું ન ખાવું. શેકેલું અને કાચું ખાવા તેમ જ ફળો ખાવા. અન્ય શેકેલી વસ્તુઓ ઢોસા, ચિલા ધારેવા લઇ શકાય સાથે ચટણી જ ખાવી. સંતરાની છાલની ચટણી લઇ શકાય.



### પેરૂ

વિટામિન-સીનો ભંડાર છે. આનો જ્યૂસ ફૂદીનો નાખી લેવો. ચટણી બનાવવી. કાચા પેરૂ લેવા. પેરૂ એક કે બે ખાઇ લેવા.



કાનમાં કોઇ જીવજંતુ જાય તો તલના તેલના ટીપાં નાખવાથી તે બહાર નીકળી જાય છે. અઠવાડિયામાં બેથી ત્રણ વાર કાનમાં તલ તેલના ટીપા નાખવા જેથી કાન, આંખ, ગળુ, નાક બધા જ સાફ રહે છે. ઠંડીમાં કફના કારણે કાન પાકી જાય તો. હળદરના તેલના બે ટીપાં, લસણના તેલના બે ટીપાં (એસેન્સિયલ તેલ મળે છે). તલના તેલમાં નાખી કાનમાં નાખવા. કાનની આસપાસ બરફનો શેક કરવો. જેથી સોજા ઓછા થઇ જાય કાનનો દુઃખાવો ત્વરિત મટી જાય છે. સાથે-સાથે કેમિકલવાળો આહાર ન લેવો. ■



# હેવીવેઈટ શૅરોમાં જંગી વેચવાલીનો મારો યથાવત્: સેન્સેક્સે ૮૧,૦૦૦ની સપાટી માંડ માંડ ટકાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિશ્વબજારના મિશ્ર વલણો અને વિદેશી ફંડોની વેચવાલીના દબાણ વચ્ચે એચડીએફસી બેન્ક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સહિતના ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોની આગેવાનીએ વેચવાલી ચાલુ રહેવાને કારણે સોમવારે ઇક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી સતત છઠ્ઠા સત્રમાં નીચી સપાટીએ ગબડ્યા હતા. બીએસઇમાં લિસ્ટેડ કંપનીઓના બજારમૂલ્યમાં રૂપિયા નવ લાખ કરોડ કરતા વધુનું દોવાણ નોંધાયું છે. શેરબજારની તેજીને અવરોધતા તમામ પરિબળ યથાવત રહેવા સાથે સપ્તાહના પહેલા દિવસે વેચવાલીનું બોમ્બાર્ડિંગ ચાલુ રહેતા નિફ્ટી ૨૫,૦૦૦ની સપાટી તોડતો ૨૪,૮૦૦ની નીચે ધસી ગયો છે, જ્યારે સેન્સેક્સ પણ ૮૧,૦૦૦ની સપાટી માંડ માંડ ટકાવી શક્યો છે.

સેન્સેક્સ સતત છઠ્ઠા સત્રની પીછેહઠમાં ૬૩૮.૪૫ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા ઘટીને ૮૧,૦૫૦ની સપાટીએ સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૯૬૨.૩૯ પોઈન્ટ અથવા ૧.૧૭ ટકા ઘટીને ૮૦,૭૨૬.૦૬ની નીચી સપાટીને અથડાયો હતો. નિફ્ટી ૨૧૮.૮૫ પોઈન્ટ અથવા ૦.૮૭ ટકા ઘટીને ૨૪,૭૯૫.૭૫ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો.

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન્સ, એનટીપીસી, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, પાવરગ્રીડ, ઇન્ડસઇન્ડ બેન્ક, એક્સિસ બેન્ક, એચડીએફસી બેન્ક, ટાઇટન અને અલ્ટ્રાટેક સિમેન્ટ ટોપ લૂઝર બન્યા હતા. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, આઈટીસી, ભારતી એરટેલ, ઈન્ફોસીસ, બજાજ ફાઈનાન્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને ટેક મહિન્દ્રાએ સુધારો નોંધાવ્યો હતો.

અમેરિકાના જોબ ડેટા આશ્ચર્યજનક રીતે સારા આવતાં સેન્સેક્સ અને નિફ્ટીએ સપ્તાહની શરૂઆત સકારાત્મક ટોન સાથે કરી હતી. સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ ઉપર અને નિફ્ટી ૨૫,૧૦૦ ઉપર ખુલ્યો હતો. સ્મોલ, મિડકેપ શેરોમાં પ્રારંભથી જ વેચવાલી હતી. ભય સૂચક ઇન્ડેક્સ છ ટકા વધ્યો હતો. પ્રાઈમરી માર્કેટમાં સાજ હોટેલ્સ ૧૫ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો. જ્યારે હેવેક્સમાં છ ટકાનું પ્રીમિયમ જોવા મળ્યું હતું. સેબી રજિસ્ટર્ડ શેર્સ અને સ્ટોક બ્રોકર કંપની રિખાવ સિક્યોરિટીઝ લિમિટેડે પ્રારંભિક જાહેર ભરણાં માટે સત્તાવાર રીતે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ફાઇલ કરાવ્યું છે. ભરણામાં ફ્રેશ ઇક્વિટીનો હિસ્સો ૮૩,૨૮,૦૦૦ શેર્સ સુધીનો અને ઓએફએસનો હિસ્સો વીસ લાખ ઇક્વિટી શેરનો રહેશે. કંપની બીએસઈ, એનએસઈ અને એમસીએક્સના ટ્રેડિંગ કમ સેલ્ફ-ક્લિયરિંગ સભ્ય, તેમજ સીડીએસએલની ડિપોઝિટરી સહભાગી છે.

હીરો મોટર્સ લિમિટેડે તેના રૂ. ૯૦૦ કરોડના આઇપીઓની યોજના હાલ પડતી મૂકી છે અને તે માટેના દસ્તાવેજ પાછાં ખેંચી લીધા છે.

કોટક મ્યુચ્યુઅલ ફંડે કોટક એમએનસી ફંડ એનએફઓ લોન્ચ કર્યું છે. જેના દ્વારા વિવિધ ક્ષેત્રોની મલ્ટીનેશનલ કોર્પોરેશન્સમાં રોકાણ કરી શકાશે. રોકાણકારો લઘુત્તમ રૂ. ૧૦૦ અને તેના ગુણાંકમાં રોકાણ કરી શકશે. આ સ્કીમ ૨૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી ખૂલ્લી રહેશે. બેંક ગેરંટી સબમિટ ન કરવાને કારણે ડોટની નોટિસ મળી હોવાના અહેવાલ પાછળ વીઆઈમાં સાત ટકાનો કડાકો હતો.

પશ્ચિમ એશિયામાં ઇરાનને પાપે ચરમસીમા તરફ આગળ વધી રહેલી લશ્કરી અથડામણોએ ગ્લોબલ ઇક્વિટી માર્કેટના ગણીત ખોરવી નાંખ્યા છે અને તેને કારણે રિસ્કી એસેટ ગણાંતા શેરબજારમાં વેચવાલીનું દબાણ સતત વધવાને કારણે સેન્ટિમેન્ટ ખોરવાઇ ગયું છે. એફઆઇઆઇની એકધારી વેચવાલી પણ બજારનું માનસ ખરડી રહી છે.

આ સપ્તાહે મિડલ ઇસ્ટના ટેન્શન ઉપરાંત રિઝર્વ બેન્કની નીતિ, બીજા કવાર્ટરના કંપની પરિણામ સહિતના પરિબળો બજારની ચાલ નક્કી કરશે. એ જ સાથે હરિયાણા અને જમ્મુ-કાશ્મીર બંને વિધાનસભા ચૂંટણી માટે આઠમી ઓક્ટોબરે થનારી મતગણતરી પર પણ બજારની નજર રહેશે. નિષ્ણાતોના મતે,




સંભવિત કોન્સોલિડેશન વચ્ચે સેન્ટિમેન્ટ નેગેટિવ રહી શકે છે, અને દરેક ઉછાળે વેચવાલીનો તાલ જોવા મળે એ શક્ય છે. આ ઉપરાંત હોંગકોંગ અને ચાઇના જેવા નીચા વેલ્યુએશન્સ ધરાવતાં એશિયન બજારોમાં એફઆઇઆઇના પલાયનને કારણે પણ ભારતીય બજારને ફટકો પડી રહ્યો છે. ચોથી ઓક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં બેન્ચમાર્ક સૂચકાંકોમાં લગભગ ૪.૫ ટકા જેટલા તોતિંગ કડાકા નોંધાયા હતા.

વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૨.૦૯ ટકા વધીને ૭૯.૬૮ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. સોમવારે યુરોપિયન બજારોમાં મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. એશિયાઈ બજારોમાં ટોક્યો, શાંઘાઈ, હોંગકોંગ અને સિઓલ ઊંચા સ્તરે સ્થિર થયા હતા. વોલ સ્ટ્રીટમાં શુક્રવારે સુધારો જોવા મળ્યો હતો. રોકાણકારો તેમની પોર્ટફોલિયોની સ્થિતિનું પુનઃમૂલ્યાંકન કરી રહ્યા છે અને એફઆઇઆઇનો આઉટફ્લો વધી રહ્યો છે. વધતા જતા ભૌગોલિક રાજકીય તણાવ સાથે ક્રૂડ ઓઇલની વધતી કિંમતો ટૂંકા ગાળામાં સ્થાનિક અર્થતંત્ર માટે વધુ પડકારરૂપ બની રહી છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ શુક્રવારે રૂ. ૯,૮૯૬.૯૫ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ એક્સચેન્જ ડેટા અનુસાર રૂ. ૮,૯૦૫.૦૮ કરોડની ઇક્વિટી ખરીદી હતી. પાછલા સત્રમાં શુક્રવારે, સેન્સેક્સ ૮૦૮.૬૫ પોઈન્ટ ઘટીને ૮૧,૬૮૮.૪૫ પોઇન્ટની ત્રણ સપ્તાહની નીચી સપાટીએ સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૨૩૫.૫૦ પોઈન્ટ ઘટીને ૨૫,૦૧૪.૬૦ પર હતો. પાછલા સપ્તાહે સેન્સેક્સ ૩,૮૮૩.૪ પોઈન્ટ્સ અથવા ૪.૫૩ ટકા અને નિફ્ટી ૧,૧૬૪.૩૫ પોઈન્ટ્સ અથવા ૪.૪૪ ટકા તૂટ્યો હતો.

સપ્તાહના પહેલા દિવસે સારી શરૂઆત બાદ બજાર ગબડ્યું હતું. માત્ર આઈટી અને ટેકનોલોજી ઈન્ડેક્સ વધ્યા, યુટિલિટીઝ શેરો સૌથી અધિક ગબડ્યા હતા. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૧,૬૮૮.૪૫ના બંધથી ૬૩૮.૪૫ પોઈન્ટ્સ (૦.૭૮ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૯.૦૭ લાખ કરોડ ઘટીને રૂ.૪૫૧.૯૯ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૮૧,૯૨૬.૯૯ ખૂલીને ઊંચામાં ૮૨,૧૩૭.૭૭ સુધી અને નીચામાં ૮૦,૭૨૬.૦૬ સુધી જઈને અંતે ૮૧,૦૫૦.૦૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની સાત સ્ક્રિપ્સ વધી હતી અને ૨૩ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૧૭૮ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૬૩૬ સ્ટોક્સ વધ્યા હતા, ૩૪૨૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૬૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

જ્યારે ૧૩૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૮૫ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૩.૨૭ ટકા ઘટ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૩.૭૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૩.૭૫ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં માત્ર ટેક ઈન્ડેક્સ ૦.૪૬ ટકા અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૩૨ ટકા વધ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડેક્સ ઘટ્યા હતા. યુટિલિટીઝ ૩.૬૩ ટકા, પાવર ૩.૧૪ ટકા, સર્વિસીસ ૩.૧૨ ટકા, કોમોડિટીઝ ૨.૫૪ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૨.૪૯ ટકા, એનર્જી ૨.૪૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૩૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૩૮ ટકા, મેટલ ૨.૨૪ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૧૫ ટકા, બેન્કેક્સ ૨.૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૮૯ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૪૯ ટકા, રિયલ્ટી ૧.૧૫ ટકા, હેલ્થકેર ૧.૦૧ ટકા, એફએમસીજી ૦.૭૪ ટકા અને ઓટો ૦.૩૮ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૪૬ ટકા, આઈટીસી ૧.૪૦ ટકા, ભારતી એરટેલ ૧.૩૧ ટકા, ઈન્ફોસિસ ૦.૮૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૭૪ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૨૬ ટકા અને ટેક મહિન્દ્ર ૦.૧૧ ટકા વધ્યા હતા.

જ્યારે મુખ્યત્વે અદાણી પોર્ટ્સ ૪.૧૭ ટકા, એનટીપીસી ૩.૫૦ ટકા, સ્ટેટ બેન્ક ૩.૩૬ ટકા, પાવર ગ્રીડ ૨.૯૨ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૪૩ ટકા, એક્સિસ બેન્ક ૨.૩૧ ટકા, એચડીએફસી બેન્ક ૨.૨૪ ટકા, ટાઈટન ૨.૦૭ ટકા, અલ્ટ્રા સિમેન્ટ ૧.૯૯ ટકા, તાતા સ્ટીલ ૧.૪૭ ટકા, રિલાયન્સ ૧.૧૮ ટકા અને જેએસડબ્લ્યુ સ્ટીલ ૧.૧૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૪૫૬.૮૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૨,૯૬૭ સોદામાં ૫,૩૭૨ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૭,૦૧,૫૨૪ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૨,૦૧,૦૫,૦૭૯.૯૯ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈતરફી વલણ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી, ડૉલર ઈન્ડેક્સમાં સુધારો અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધારો થયો હોવા છતાં દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં ગત ૨૭મી સપ્ટેમ્બરના અંતે પૂરા થયેલા સપ્તાહમાં ૧૨.૫૮૮ અબજ ડૉલરનો વધારો થયો હોવાના રિઝર્વ બૅન્કના અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગત શુક્રવારની જ ૮૩.૯૯ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૩.૯૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૯૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૯૯ અને ઉપરમાં ૮૩.૯૫ની રેન્જમાં અથડાઈને અંતે ગત શુક્રવારના ભાવ ટૂ ભાવ ૮૩.૯૯ના મથાળે બંધ રહ્યો હતો.

તાજેતરમાં ઈરાન-ઈઝરાયલ વચ્ચે તણાવ વધે તેવી ભીતિ હેઠળ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તેજીનો ચરૂ ઉકળી રહ્યો હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં ૮૩.૮૦થી ૮૪.૨૦ની રેન્જમાં અથડાતો જોવા મળે તેવી શક્યતા બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૭ ટકા વધીને ૧૦૨.૫૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૨.૦૯ ટકા ઉછળીને બેરલદીઠ ૭૯.૬૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૬૩૮.૪૫ પૉઈન્ટનો અને ૨૧૮.૮૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૯૮૯૬.૯૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના એક્સચેન્જના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### અમેરિકાના પ્રોત્સાહક જોબ ડેટાથી ઓછી માત્રામાં વ્યાજદર કપાતની શક્યતા

## સોનામાં ₹ ૩૧નો અને ચાંદીમાં ₹ ૨૬૦નો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત શુક્રવારે અમેરિકાના રોજગારીના ડેટા પ્રોત્સાહક આવ્યા હતા અને બેરોજગગારીનો દર પણ ૪.૧ ટકા આસપાસની સપાટીએ રહેતાં અમેરિકામાં આર્થિક મંદીની ભીતિ હળવી થવાની સાથે સાથે ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં મોટી કપાત મૂકે તેવી શક્યતા ધૂંધળી બનતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યા બાદ ખાસ કરીને મધ્ય પૂર્વના દેશોમાં વધેલા તણાવને પગલે સલામતી માટેની માગ નીકળતાં સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ધીમો ઘટાડો આવ્યાના અહેવાલ હતા. રહ્યું હતું. આમ વૈશ્વિક બેતરફી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧નોનો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૬૦નો ઘસરકો આવ્યો હતો.

આજે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૬૦ના ઘટાડા સાથે રૂ. ૯૨,૦૦૦ની સપાટીની અંદર ઉતરીને રૂ. ૯૧,૯૪૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી




અહેવાલે મધ્યસત્ર દરમિયાન ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૭થી ૩૭૮નો ઘટાડો આવ્યા બાદ સત્રના અંતે ભાવ રૂ. ૩૧ના સાધારણ ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૫,૬૨૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૫,૯૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ તથા જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગત શુક્રવારે અમેરિકાના રોજગારીના ડેટા પ્રોત્સાહક આવતા ફેડરલ રિઝર્વ તેની આગામી ૬-૭ નવેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ઓછી માત્રામાં અર્થાત્ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ભાવઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, ત્યાર બાદ મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધવાની ભીતિ હેઠળ સલામતી માટેની માગને ટેકે હાજરમાં ભાવ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૬૫૮.૦૭ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૨૬૭૭.૯૦ ડૉલર તથા હાજરમાં ચાંદીના ભાવ ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગઈકાલે ઈઝરાયલ દ્વારા લેબેનોન અને ગાઝા પટ્ટી પર સતત બોમ્બાર્ડિંગ ચાલુ રહ્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા સોનામાં સલામતી માટેની માગનો ટેકો જળવાઈ રહેતાં સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે હવે રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ, અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા અને ફેડરલના અધિકારીઓના સપ્તાહ દરમિયાનના વક્તવ્ય પર સ્થિર થઈ છે. વધુમાં એક અહેવાલ અનુસાર ગત સપ્ટેમ્બર મહિનામાં ચીનની કેન્દ્રવર્તી બૅન્કની સોનામાં સતત પાંચમા મહિનામાં અનામત માટેની લેવાલી શાંત રહી હોવાનું રૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે છેલ્લાં કેટલાંક મહિનાથી સોનાના ભાવ ઊંચી સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા હોવાથી ચીનની લેવાલી અટકી છે. જોકે, પ્રવર્તમાન મધ્યપૂર્વના દેશોનાં રાજકીય-ભૌગોલિક તણાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનામાં મક્કમથી સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન ગત શુક્રવારે અમેરિકાના રોજગારીના ડેટા પ્રોત્સાહક આવ્યા હોવાથી આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ૯૫ ટકા વેપારી વર્તુળો ફેડરલ રિઝર્વ આગામી બેઠકમા વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા જોઈ રહ્યા છે.

## ધાતુમાં પાંખાં કામકાજો વચ્ચે ટીન અને નિકલમાં સુધારો



મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ અને અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સપ્તાહના આરંભે એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં. જોકે આજે પાંખાં કામકાજો વચ્ચે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતા ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ અને રૂ. ત્રણનો સુધારો આવ્યો હતો, જ્યારે નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને કોપર કેબલ સ્ક્રેપમાં કિલોદીઠ અનુક્રમે રૂ. ત્રણનો અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. કોપરના વૈશ્વિક અગ્રણી દેશ ચીન દ્વારા આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે ગત સપ્ટેમ્બરના અંતે સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરી હોવાથી કોપરનાં વશ્વિક સ્તરે ઘટતા ભાવને બ્રેક લાગી હતી. જોકે, ત્યાર બાદ ચીન ખાતે એક સપ્તાહની રજા રહ્યા બાદ આવતીકાલે બજાર ખૂલતા માગ કેવી રહે છે તેના પર ટ્રેડરોની નજર હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ટનદીઠ ૯૯૭૨ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક બજારના મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક સ્તરે એકંદરે કામકાજો પાંખાં રહેતાં આજે નિરસ માગ વચ્ચે કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૮૨૨ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલી પણ શુષ્ક રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૪૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૫૨૫ અને રૂ. ત્રણ વધીને રૂ. ૨૯૩૪ના મથાળે રહ્યા હતા. આ સિવાયની તમામ ધાતુઓમાં નિરસ કામકાજે ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગત શનિવારે સ્મોલ ગ્રેડની ખાંડમાં મહારાષ્ટ્રની સ્થાનિક ઉપરાંત દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૦૦થી ૩૬૫૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી જળવાઈ રહી હોવા છતાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૨૪નો ઘટાડો આવ્યો હતો. જોકે આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતા ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો જળવાઈ રહ્યો હતો, જેમાં મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૨થી ૩૯૫૦માં ટકેલા ધોરણે થયા હતા.

જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૨૪ના ઘટાડા સાથે રૂ. ૩૭૪૬થી ૩૮૦૨માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૭૦થી ૩૭૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૦થી ૩૮૨૦માં ટકેલા ધોરણે થયા હતા.

## મથકો પાછળ દેશી તેલમાં સુધારો, વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુસાઈ મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના ઑક્ટોબર વાયદામાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે નવેમ્બર અને ડિસેમ્બર વાયદામાં અનુક્રમે ૪૦ અને ૪૫ રિંગિટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં વેપાર છૂટાછવાયા રહ્યા હોવાથી આરબીડી પામોલિનમાં ટકેલું વલણ રહ્યું હતુ, પરંતુ સોયા અને સન રિફાઈન્ડના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા.

વધુમાં આજે સ્થાનિકમાં મથકો પાછળ દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ અને સરસવના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. ૨૦ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપારો છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં અલાના અને ગોલ્ડન એગ્રીના રૂ. ૧૩૦૦ અને રિલાયન્સ રિટેલના રૂ. ૧૩૦૨ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના સન રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ રહ્યો હતો.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડ અને સનરિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સિંગતેલના રૂ. ૧૫૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૪૫૦ના રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૬૦માં થયા હતા.

આજે રાજસ્થાનનાં મથકો પર સરસવની અંદાજે ૧.૭ લાખ ગૂણીની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૯૭૫થી ૭૦૦૦માં થયા હતા, જ્યારે સરસવ એક્સ્પેલર અને કચ્ચી ઘાણીના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૩૧ અને રૂ. ૧૪૪૧માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૬૨૫થી ૨૬૩૦માં થયા હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાબીનની ૧.૭૦ લાખ ગૂણીની આવક હતી, જેના મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૫૭૫થી ૪૭૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



**સૌરાષ્ટ્રમાં નવી સિઝનની મગફળીની આવક શરૂઃ** ગુજરાતમાં ચોમસાની સારી શરૂઆતને કારણે આ વર્ષે સૌરાષ્ટ્રમાં મગફળીની આવક પણ વહેલી શરૂ થઈ ચૂકી છે. આ વર્ષે રાજ્યમાં મગફળીના ઉત્પાદનના અગાઉનાં વર્ષોના તમામ રેકોર્ડ તૂટવાની શક્યતા છે. સોમવારે રાજકોટ માર્કેટ યાર્ડમાં મગફળીની ૨૦,૦૦૦ ગૂણી આવક થઈ હતી. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ.)

# જામનગરમાં લોન કૌભાંડમાં સોપારી ગેંગના વધુ છ ઝડપાયાઃ ૬ કરોડ ૮૩ લાખની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમા ખાનગી ફાયનાન્સ કંપનીમાંથી લોન મેળવી ટ્રક ખરીદ કરી તેના હપ્તા નહી ભરીને રૂ. ૬ કરોડ ૮૩ લાખની છેતરપિંડી આચરવાનાં ગુનામાં વધુ બે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે સોપારી ગેંગના છ સાગરિતોને ઝડપી લઇને રૂ.૧.૧૩ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસે રામાભાઈ ભીમશીભાઈ નદાણીયા, રઝાક ઉર્ફે સોપારી દાઉદભાઈ ચાવડા સહિત ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ચાર ટ્રક, ચાર કાર સહિત કુલ ૧.૧૩ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. તેમ જ અન્ય આરોપીઓને ઝડપી પાડવા અને બીજા ટ્રકો, કાર કબજે કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ટ્રકનાં હપ્તાની રકમની ઉઘરાણી માટે આવનારને ધમકી આપી ભગાડી મૂકવામાં આવતા હતા. આ ગુનામા અન્ય આરોપીઓ અંગે પોલીસ તપાસ ચલાવે છે.

જામનગર પોલીસમાં ખાનગી ફાઈનાન્સ કંપનીના કર્મચારીઓએ ફરિયાદ કરી હતી કે અલગ અલગ ૨૦ આરોપીઓએ પોતાના નામે ટ્રક તેમજ કારની મળી કુલ ૨૭ લોન લીધી હતી. વ્યાજ સહિત ૬, ૮૩, ૧૬,૬૯૫ રુપિયા થતા હતા. જે ઇરાદાપૂર્વક ભર્યા ન હતા અને કંપની સાથે ઠગાઇ કરી હતી. તેમ જ ટ્રક અને કાર આરોપી આમીન નોતીયારને ભાગરૂપે આપી દીધી હતી. તેમજ રામ આહીર અને રઝાક ઉર્ફે સોપારી ચાવડા તેમજ સગારીતો સાથે મળી વાહનોને છૂપાવી રાખ્યા હતા.

છૂપાવેલા આ વાહનોને આરોપીઓ પોતાના કબજામાં લઇ ચલાવી રહ્યાં હતા. તેમ જ કંપનીના રિકવરી કે સીઝર સ્ટાફ ઉઘરાણી માટે જતાં ત્યારે આરોપીઓ કંપનીના કર્મચારીઓને ડરાવતા હતા અને ધમકાવીને ભગાડી મૂકતા હતા. ટ્રક સીઝ કરવા રોકે ત્યારે કંપનીના ઉપરી અધિકારીઓને ટ્રક જવા દેવા કહી અને ટ્રક નહી જવા દે તો તેને અથવા તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હતી. જે મામલે પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુએ તુરત જ કાર્યવાહી કરવા પોલીસ ઈન્સ. પી.પી.ઝાને સૂચના આપી હતી.

# રાજકોટમાં નવરાત્રિ પછી ગેરકાયદેસર બાંધકામો સામે મેગા ડિમોલિશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ઉતરતા ચોમાસાથી શરૂ કરાયેલી ગેરકાયદે બાંધકામોને તોડી પાડવાની ઝુંબેશ હવે નવરાત્રિ પછી ગતિ પકડશે. આજી નદીના કાંઠે ૩૮૩ જેટલા ગેરકાયદે બાંધકામોનું ડિમોલિશન કરવામાં આવશે.

રાજકોટ શહેરના બાપુનગર સ્મશાન વિસ્તાર, જંગલેશ્વર, એકતા કોલોની અને શાળા નંબર ૭૦ની આસપાસ ગેરકાયદે દબાણો થઈ ગયા છે. તેના કારણે દર વર્ષે આજી નદીના પૂરમાં આ વિસ્તાર ડૂબી જાય છે અને હજારો લોકોનું સ્થળાંતર કરાવવાની નોબત આવે છે. ત્યારે આ મામલે રાજકોટનાં મેયર નયનાબેન પેઢડિયાએ નિવેદન આપતા કહ્યું કે આજી નદી કાંઠે વર્ષોથી દબાણો થયા છે તે દૂર કરવામાં આવશે.

આજી રિવરફ્રન્ટનું કામ પણ શરૂ કરવાનું હોવાના કારણે દબાણો દૂર કરવામાં આવશે. દર વર્ષે નદીકાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની પણ સમસ્યા સામે આવતી હોય છે, હાલમાં તંત્ર દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરવા લોકોને નોટિસો ફટકારવામાં આવી છે.

ત્યારે ડિમોલિશનમાં જે લોકોના મકાન કપાતમાં જાય છે, તેની વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે પણ હાલમાં વિચારણા ચાલી રહી છે. ત્યારે બીજી તરફ ગેરકાયદેસર આખો વિસ્તાર ઉભો થઈ ગયો તો અધિકારીઓને કેમ જાણ ન થઈ તે અંગે ખુલાસો માગવામાં આવ્યો છે.



(તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર.)

**ધાર્મિક અને રાષ્ટ્રીય સંદેશ સાથે નવરાત્રીની આસ્થાભેર ઉજવણીઃ** નવરાત્રીના પાવન પર્વની ઉજવણી જ્યારે દેશ અને દુનિયામાં ચાલી રહી છે ત્યારે શેરી ગરબાને જીવંત રાખવા અને પાર્ટી પ્લોટનાં દૂષણોને દૂર કરવા પાલિતાણામાં સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય સંદેશ સાથે નવરાત્રીના પાવન પર્વની, ઉજવણીના ભાગરૂપે નવદુર્ગા વેષ, માતૃવંદના, નારી સન્માન, સનાતન હિંદુ ધર્મની જય, રાધા-કૃષ્ણ થીમ, નાનું રૂપાળું મારું ગામડું અને શસ્ત્ર પૂજા સાથે શકિતની ભકિત કરતાં બહેનો આસ્થા અને આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

# ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરોઃ મોરબીમાં સંતો-મહંતો અને હિન્દુ આગેવાનોનું આવેદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગૌમાતા રાષ્ટ્ર માતા તરીકે પ્રસિદ્ધ થાય તેના માટે છેલ્લા ઘણા વર્ષથી ચર્ચા ચાલી રહી છે મોરબી સર્વે હિન્દુ સંગઠનના હોદ્દેદારો તેમ જ સંતો મહંતો દ્વારા મોરબીના ધારાસભ્યને ગૌમાતા રાષ્ટ્ર માતા બનાવવામાં આવે તેવી આવેદનપત્ર આપીને માંગ કરવામાં આવી છે.

ભારતમાં હિન્દુઓ ગૌમાતાને ધાર્મિક આસ્થાનું પ્રતીક માને છે. અને વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ વગેરે તમામ ધર્મશાસ્ત્રો ગાયને પશુ ગણવા માટે ના પાડે છે. આમ છતાં ભારત સરકારે ગૌમાતાને પશુની શ્રેણીમાં ગણી છે આ બાબતને બંધારણની કલમ ૪૮ હેઠળ રાજ્ય સરકારનો વિષય બનાવેલ છે. અને આ ધાર્મિક આસ્થાનો મામલો હોય બંધારણના અનુચ્છેદ ૨૫ હેઠળ સમાવેશ કરી કેન્દ્ર સરકારના વિષયમાં સમાવેશ કરવો અને સંપૂર્ણ ભારતમાં ગોવંશ હત્યા પ્રતિબંધિત કાનૂન બનાવી ગૌમાતાને પશુ શ્રેણીમાંથી હટાવીને ગોમાતાને રાષ્ટ્ર માતાના પદ ઉપર પ્રતિષ્ઠિત કરવામાં આવે તેવી માંગ સાથે મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

આ સમયે સંતો-મહંતો અને સર્વે હિન્દુ સંગઠનના આગેવાનો સાથે રહ્યા હતા અને ત્યારે અખિલ વિશ્વ ગૌ સંવર્ધન પરિષદ દિલ્હી, ગૌરક્ષક દળ ગુજરાત રાજ્ય, હિન્દુ યુવા વાહિની મોરબી જિલ્લા, વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ, મહાકાલ ગ્રૂપ મોરબી, દલવાડી કનૈયા ગ્રૂપ, શિવ શક્તિ સેવા સંગઠન, અર્જુન સેના, કેસરીનંદન ગ્રુપ, એકતા એજ લક્ષ સંગઠન, હિન્દુ જાગરણ મંચ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ સહિતના સર્વે હિન્દુ સંગઠનના અધિકારી તથા કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# મુંબઈની લૂંટેરી દુલ્હને જામનગરના યુવાનને દોઢનો ચૂનો લગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર શહેરમાં કિશાન ચોક વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા ભાનુશાળી યુવાન સાથે લગ્નના નામે છેતરપિંડી થયાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. બે દલાલ મહિલાઓએ દોઢ લાખ રૂપિયા લઇ મુંબઈની લુંટેરી દુલ્હન સાથે લગ્ન કરાવી યુવતીને ભગાડી દઈ છેતરપીંડી આચરી હોવાની વિગતો પોલીસમાં જાહેર થઇ છે. બે વર્ષ પૂર્વે મંદિરમાં લગ્ન થયાના દિવસે જ લુટેરી દુલ્હનને ફરવા લઇ ગયેલા યુવાનને ચકમો આપી તળાવની પાળેથી મહિલા રફૂચકર થઇ ગઈ હતી. ત્યારબાદ બે દલાલ મહિલાઓએ યુવતીને ઓળખતા જ ન હોવાનું જણાવી હાથ ખંખેરી લીધા હતા.

જામનગરમાં કિશાન ચોક કબીર હાઉસ એપાર્ટમેન્ટ સામે રહેતા અને વેપાર કરતા વિકીભાઇ પ્રવીણભાઇ નંદા નામના ૩૪ વર્ષીય લગ્નવાંછું યુવાને પોતાના લગ્ન કરાવી આપવા માટે દલાલની ભૂમિકામાં રહેલ લાલવાળી વામ્બે આવાસમાં રહેતા સીલાબેન દિપકકુમાર મહેતા અને સીમાબેન રાજેશકુમાર જોશી રહે. દિ.પ્લોટ-૫૮ વાળાઓને વાત કરી હતી. દરમિયાન બંને મહિલાઓએ મલાડ મુંબઈમાં રહેતી આરતી જગેશ્વર નરેન્દ્રભાઇ કોનેકર સાથે લગ્ન કરાવી દેવાનો વાયદો કરી યુવાન પાસેથી રૂપિયા ૧.૫૦ લાખ લઇ લીધા હતા. વર્ષ ૨૦૨૨માં બંને દલાલ મહિલાઓએ મુંબઈની લૂંટેરી દુલ્હન આરતીને જામનગર બોલાવી લઇ હવાઈ ચોક ખાતે એક મંદિરમાં બંનેના લગ્ન કરાવી દીધા હતા. વિકીભાઈએ આ લગ્નની નોંધ મહા નગરપાલિકાના લગ્ન નોંધણી શાખામાં પણ કરવી દીધી હતી. જે આખરે ફરાર થઇ જતા જામનગરનો યુવાન છેતરાયો હતો.

# જૂનાગઢ મનપામાં ભ્રષ્ટાચારના વિરોધમાં ઘંટડી સાથે રસ્તા પર ઊભા રહી સૂત્રોચ્ચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના જાગૃત નાગરિક અને આર.ટી.આઈ એક્ટિવિસ્ટે ટીંબાવાડી અર્બન હેલ્થ સેન્ટરની આર.ટી.આઈ. હેઠળ માહિતી માંગતા પંખા એસી, આરઓ ફિલ્ટર ,લિફ્ટ તેમજ અન્ય વસ્તુઓમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

જાગૃત નાગરિક લોકેશ પોપટાણીએ જૂનાગઢ મહાનગરપાલિકાની બહાર અર્બન હેલ્થ સેન્ટરમાં ભ્રષ્ટાચાર થયાનું બેનર લઈ હાથમાં ઘંટડી વગાડી અગરબત્તી કરી રોડ પર લોકોને ભ્રષ્ટાચાર થયાના સૂત્રોચ્ચાર કર્યા હતા. અર્બન હેલ્થ સેન્ટરમાં ફીટ કરવામાં આવેલા પંખા, લિફ્ટ અને વોટર ફિલ્ટરની ખરીદીમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ૧૨૫૦ રૂપિયાના પંખાના ૨૫૦૦ રૂપિયામાં માં, રૂ.૧,૩૦,૦૦૦ આર.ઓ ફિલ્ટરના ૩ લાખ રૂપિયા, ૮ લાખ રૂપિયાની લિફ્ટ ના ૧૯ લાખ રૂપિયા ચૂકવ્યા હોવાનો આક્ષેપ કરાયો છે. આરટીઆઈ એક્ટીવીસ્ટ અને જાગૃત નાગરિક લોકેશ પોપટાણીએ જણાવ્યું હતું કે મેં થોડા દિવસો પહેલા ટીંબાવાડી અર્બન હેલ્થ સેન્ટરની આરટીઆઈ કરી હતી.

બીજી બાજુ જૂનાગઢ મહાનગરપાલિકાના રોશની શાખાના અધિકારી હાજાભાઇ ચુડાસમાએ જણાવ્યું હતું કે આરટીઆઇ એક્ટીવિસ્ટ દ્વારા કરવામાં આવેલા તમામ આક્ષેપો પાયાવિહોણા છે. કોર્પોરેશન દ્વારા આરએનબીના નીતિ નિયમો અને ટેન્ડર પ્રક્રિયા મુજબ જ કામ કરવામાં આવ્યું છે. આ કામમાં તમામ પ્રકારના ગવર્મેન્ટ ઓડિટ તેમજ મહાનગરપાલિકાના ઓડિટ થતા હોય છે. તેમજ આર.ટી.આઈ. એક્ટિવિસ્ટ દ્વારા જે ચીજ વસ્તુઓના ભાવ વધારાની વાત કરવામાં આવી છે તે પણ ખોટી છે. ■

# મેઘપર બોરીચીમાં પરિણીત શિક્ષક ટ્યૂશને આવતી કિશોરીને ભગાડી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અંજાર તાલુકાના મેઘપર બોરીચી ખાતેની આત્મીય વિદ્યાપીઠનો પરિણીત શિક્ષક તેના ટ્યૂશનમાં આવતી ધોરણ ૧૧ કોમર્સમાં ભણતી ૧૭ વર્ષની કિશોરીને ભગાડી જતાં કચ્છ સહિત રાજ્યભરના શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી ગઈ છે.

અત્યંત શરમજનક ઘટના અંગે અંજાર પોલીસે જણાવ્યું હતું કે, મેઘપર બોરીચીના ઘનશ્યામ નગરમાં રહેનારો નિખિલ વાસુદેવ સેવકાની આત્મિય વિદ્યાપીઠમાં શિક્ષક તરીકે નોકરી કરે છે અને ખાનગી ટ્યૂશન ક્લાસ પણ ચલાવે છે. ગત ગાંધી જયંતીના સપરમા દિવસે તે પોતાના ટ્યૂશનમાં ભણવા આવતી ધોરણ ૧૧માં ભણતી વિદ્યાર્થિનીને લલચાવી-ફોસલાવીને પોતાના ઘરેથી થોડા-ઘણા રૂપિયા અને ઘરેણાં લઈ ભગાડી ગયો હતો. સીસીટીવી તપાસતાં સ્પષ્ટ થયું હતું કે, ક્લાસિસથી નિખિલ છાત્રાને લઈને એક્ટિવા પર ભચાઉ ગયો હતો અને ત્યાંથી ટ્રેનમાં બેસીને છોકરીને લઈ કોઈ અજ્ઞાત સ્થળે ભાગી ગયો હતો. તેનો મોબાઈલ નંબર હાલ બંધ છે.

આરોપી શિક્ષક નિખિલ સેવકાની જે દિવસે કિશોરીને ભગાડી ગયો તે જ દિવસે તે એક દીકરીનો પિતા બન્યો હતો અને તેની નવજાત બાળકીને આઈસીયુમાં દાખલ કરવામાં આવી હોવાનું અંજાર પોલીસે ઉમેર્યું હતું.

દરમ્યાન, કળિયુગી શિક્ષક જે કિશોરીને ભગાડીને લઈ ગયો છે તે મુસ્લિમ સમાજની દીકરી છે. મુસ્લિમ આગેવાન હાજી જુમા રાયમાએ પૂર્વ કચ્છ એસ.પીને આ મામલે રજૂઆત કરતાં જણાવ્યું છે કે પોલીસે ફરિયાદ દાખલ કરી છે, પણ તપાસ ધીમી ગતિએ ચાલી રહી છે.જો આવો જ કોઈ બનાવ હિંદુ સમાજની દીકરી સાથે થયો હોત તો લવ જેહાદના નામે રેલીઓ નીકળતી હોત અને 'ગોદી' મીડિયામાં સમગ્ર મુસ્લિમ સમાજ માટે ઝેર ઓકવામાં આવતું હોત.

આ ઘટનામાં આત્મીય વિદ્યાપીઠને પણ જવાબદાર ઠેરવતાં રાયમાએ સવાલ ઉઠાવ્યો છે કે ભોગ બનનાર દીકરી અહીં છઠ્ઠા ધોરણથી અભ્યાસ કરે છે. આવા લંપટ શિક્ષકો પર કેમ નજર રાખવામાં નથી આવી? વાલીઓ પોતાના સંતાનોને સારા શિક્ષણ અને સંસ્કાર માટે શાળાએ મોકલે છે ત્યારે આ બનાવ અતિ ગંભીર છે અને વહીવટી તંત્ર પોલીસ તંત્ર ઝડપથી અસરકારક તપાસ કરીને દીકરીને પાછી લઈ આવે તે જરૂરી છે. લવ જેહાદનો ઢોલ પીટનારા આને લવ સંસ્કાર કહેશે?તેવો વેધક સવાલ પણ રાયમાએ ઉઠાવ્યો છે. ■

# ચાર કિલોમીટરમાં પથરાયેલા ૨૪ લાખની વીજલાઈનના કેબલ ચોરનારી ટોળકી પકડાઈ



(તસવીરઃઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાલનપુર-બાડી અને નિરોણા વચ્ચે ચાર કિલોમીટરમાં પથરાયેલી રૂા. ૨૪ લાખની વીજલાઇનની ઉઠાંતરી તેમજ નિરોણા વિસ્તારની અન્ય પાંચ લાખની કેબલચોરીને અંજામ આપનારી ટોળકીના ૧૯ પૈકી પાંચ સભ્યોને ચોરાઉ મુદામાલ સહિત સ્થાનિક ગુન્હાશોધક શાખાએ ઝડપી પાડયા છે.

આ અંગે એલસીબીના પી.આઇ એસ.એન. ચુડાસમાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, હેડ કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ તથા રાજેન્દ્રસિંહને પેટ્રોલિંગ દરમ્યાન મળેલા ઈન્પુટના આધારે નિરોણા તરફથી આવી રહેલા એક સફેદ રંગના મિની ટેમ્પોને રોકી અંદર રહેલા પાંચ શખ્સોની યુક્તિ-પ્રયુક્તિથી પૂછતાછ કરતાં સમીર અબ્દુલ મમણ (રહે.નાના વરનોરા)એ અવારનવાર નિરોણાથી પાલનપુર (બાડી)ની સીમમાં બંધ હાલતમાં પડેલી વીજલાઇનમાંથી વાયરની તસ્કરી કરી હોવાની કબૂલાત આપી હતી.

ચોરીના એલ્યુમિનિયમ અને કોપરના વાયરોને ભંગાર વાડા જેમાં ઇમરાન ઉર્ફે ટાવર કુંભાર તથા દાઉદ ઉર્ફે દાવડો અબ્દુલ કુંભાર (રહે. બન્ને ભુજ)ને નવ વખત વેંચ્યા હોવાની આપેલી કેફિયતના આધારે આ બન્નેના ભંગાર વાડામાંથી ચોરાઉ-વેચેલા વાયરનો જથ્થો મળી આવ્યો હતો. આ વાયર ચોરી ગેંગના સમીર ઉપરાંત રજાક સીદીક મેર, ઇકબાલ સીદીક મોખા, માહજ ઉર્ફે મજીદ જુશબ ગગડા, રિયાઝ અબ્બાસ મમણ (રહે. તમામ નાના વરનોરા)ને વાયર કાપવાની કટર તથા ચોરીના ઉપયોગમાં લીધેલો ટેમ્પો કિં. રૂા. ત્રણ લાખ સાથે ઝડપી લીધા હતા. જ્યારે આ ગેંગના સહ આરોપી આસિફ કાસમ મોખા, સાજીદ આધમ મોખા, સુલેમાન સીદીક મેર, અસલમ સુમાર, સલીમ સુમાર મેર, આધમ જખરા મોખા, અભુ જુશબ ગગડા, ધાઉ સુમાર મેર, ગની જખરા મોખા, હમજા જુશબ ગગડા, અલ્તાફ જાકુબ મોખા, અનવર લધા મોખા, અનસ ગની મોખા, અબ્બાસ મામદ મોખા, અસલમ રાણા મોખા, મામદ જુશબ ત્રાયા (રહે તમામ નાના-વરનોરા તા. ભુજ) તથા ઇમરાન ઉર્ફે ટાવર કુંભાર, દાઉદ ઉર્ફે દાવડો અબ્દુલ કુંભાર (રહે. બન્ને ભુજ) અને અકબર મેર (અંજાર)ને પકડવાના બાકી હોવાનું એલસીબીના ચુડાસમાએ ઉમેર્યું હતું.

# ચોટીલા જઈ રહેલા પદયાત્રીઓને એમ્બ્યુલન્સે ઠોકર મારતાં એકનું મોતઃએક ઘાયલ

અમદાવાદઃ નવરાત્રીને લઇ હાઇવે પર સેંકડો પદયાત્રીઓ, સાઇકલ યાત્રીઓ ચોટીલા, માટેલ, માતાના મઢ જવા નીકળતા જોવા મળી રહ્યાં છે. બીજીબાજુ પાણસોલીથી ચોટીલા માનતા કરવા પદયાત્રાએ નીકળેલા ત્રણ મિત્રોમાંથી પગપાળા જતાં બે યુવાનોને સાયલા હાઈવેના વખતપર બોર્ડ પાસે પાછળથી પૂરપાટ ઝડપે ધસી આવેલી ખાનગી એમ્બ્યુલન્સે અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત એક યુવાનનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું.

વખતપર બોર્ડ નજીક સર્જાયેલા અકસ્માતની મળતી માહિતી મુજબ ચેતનભાઇ સરૈયાને પાણસોલીથી ચોટીલાના રાજાવડ ગામે ચાલીને જવાની માનતા હોય હોસ્ટેલમાં સાથે રહેતા હિતેષભાઇ સિંધવને સાથે લઇ ત્રણેય મિત્રો નીકળ્યા હતા. મોડી રાતના સમયે વખતપર પાસે ચાલીને ચેતનભાઇ તથા હિતેષભાઇને એક ઇકો એમ્બ્યુલન્સ કારે પાછળથી ટક્કર મારતાં બન્ને રોડ પર પટકાયા હતા. અકસ્માત બાદ આજુબાજુના લોકો એકઠા થઇ જતાં તુરંત ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. ■

# ભાવનગરના હીરાના વેપારી સાથે રૂપિયા ૧.૨૪ કરોડની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં હીરાની લે વેચ કરતા વેપારી પાસેથી પિતા પુત્રોએ કાચા હીરા રૂ.૧,૨૪ કરોડની ખરીદી કરી હતી. ખરીદ કરેલા હીરાના વાયદા મુજબ પૈસાની ચુકવણી નહીં કરી વેપારી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી વેપારી અને વેપારીના ભત્રીજાને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવની વિગત એવી છે કે ભાવનગરના કોબડી ગામે રહેતા અને ભાવનગર શહેરના ક્રિસ્ટલ બિલ્ડિંગ નિર્મળનગર ભાવનગર ખાતે કાચા હીરાની લે વેચ કરતા છગનભાઈ મોહનભાઈ માંડાણી (ઉ.વ ૫૧)ના આજ ગામના વેપારી મહેશ મકોડભાઈ ઘેવરીયા તથા તેના ભાઈ પ્રદિપ મકોડભાઈ ઘેવરીયા તથા તેના પિતા મકોડ મોહનભાઇ ઘેવરીયાએ રફ હિરા ૧૩૫૦ કેરેટ મળી કુલ રૂ.૬૦,૧૯,૪૧૪ તથા રફ હિરા ૧૫૪૦ કેરેટ કુલ રૂ.૬૪,૭૦,૪૪૦ ,આમ બંને હીરાની કુલ કિંમત રૂ.૧,૨૪,૨૬,૮૫૫ ની થયા છે. અને કાચા હિરાનો માલના નાણાં દિન પંદરમાં પેમેન્ટ કરવાની શરતે ખરીદ કરી નક્કી કરી હતી. જેનો વાયદો પૂરો થતા બાકી રૂપિયા માંગવા જતા ગાળો આપી અને કહેલ કે અહિ કેમ ઉઘરાણી કરવા આવેલ છો અહિ નહી આવવાનુ આવ્યા છો તો ટાટિયા ભાંગી નાખવા પડશે તેમ કહિને ઉપરોક્ત ત્રણેય જણા છગનભાઈને મારવા દોડયા હતા.દરમિયાનમાં છગનભાઈ ત્યાંથી જતા રહ્યા હતા.

બાદ મહેશ ગઈ તા.૧૬ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ યસ બેંક નો ચેક આપ્યો હતો. છગનભાઈએ ઉપરોક્ત પિતા પુત્રોએ આપેલ ચેક વિશ્વાસપૂર્વક બેંકમાં જમા કરાવ્યો હતો, પરંતુ આ ચેક બાઉન્સ થતો હતો અને આજદિન સુધી છગનભાઈના રૂપિયા કુલ રૂ.૧,૨૪,૨૬,૮૫૫ નહીં ચૂકવી ત્રણેય પિતા, પુત્રોએ એકસંપ મેળાપણ કરી હિરાની ખરીદી કરી કાયદેસરની ચુકવણીની રકમ નહી ચુકવી વિશ્વાસઘાત કરી છગનભાઈ અને ભત્રીજા સતીષભાઈને ગાળો બોલી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નિલમબાગ પોલીસ મથકમાં છગનભાઈએ મહેશ મકોડભાઈ ઘેવરીયા તથા તેના ભાઈ પ્રદિપ મકોડભાઈ ઘેવરીયા તથા તેના પિતા મકોડ મોહનભાઇ ઘેવરીયા વિરુદ્ધ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■